પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૧-૮-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૧૪૪

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જીંદગી ત્યારે સારી લાગે જ્યારે જીવનમાં આપણે ખુશ હોઈએ પણ શ્રેષ્ઠ જીવન તો એને જ કહેવાય કે લોકો આપણાથી ખુશ હોય

વિણાટ ચણા
જથ્થાબંધ મળશે
98242 00970
રાજકોટ

કોંગ્રેસને ભોં ભેગી કરવા ભાજપને મજબુત હથિયાર મળી ગયું!

# ‘વંદે માતરમ’ના બે ટુકડા કરનારી કોંગ્રેસનો સડકથી સંસદ સુધી વિરોધ કરાશેઃ અમિત શાહ

## કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિ સામે દેશવાસીઓને અવાજ ઉઠાવવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અપીલ



**અબતક, રાજકોટ**

‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગાનના બદલે માત્ર બે અંતરા ગાવાના નિર્ણય કોંગ્રેસના નિર્ણયને રાષ્ટ્ર વિરોધી ગણાવી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એવી ઘોષણા કરી છે કે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાનો ખુલ્લો અનાદર કરનાર કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિનો ભાજપ દ્વારા સખત વિરોધ કરવામાં આવશે. સડકથી લઈ સંસદ સુધી આક્રમક વિરોધ કરવામાં આવશે. દેશવાસીઓને પણ કોંગ્રેસ સામે અવાજ ઉઠાવવાની તેઓએ અપીલ કરી છે. કોંગ્રેસને ભોં ભેગી કરવા ભાજપને એક મજબુત હથિયાર મળી ગયું હોય તેવુ લાગી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કોંગ્રેસ કાર્યસમિતિએ ‘વંદે માતરમ’ના માત્ર બે જ અંતરા ગાવવાનો નિર્ણય લઈને એકવાર ફરી તુષ્ટિકરણની રાજનીતિનું પુનરાવર્તન કર્યું છે. તેઓએ જણાવ્યું કે ૧૯૩૭માં કોંગ્રેસ દ્વારા લેવાયેલો આ જ નિર્ણય દેશના ભાગલાનો પાયો બન્યો હતો. ‘વંદે માતરમ’ની ૧૫૦મી વર્ષગાંઠના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે એ નિર્ણય લઈને આ ઐતિહાસિક ભૂલને સુધારી છે કે સરકારી કાર્યક્રમોમાં ‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગીત ગાવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કોંગ્રેસના આ નિર્ણયને તુષ્ટિકરણની રાજનીતિ અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય તથા સ્વતંત્રતા સેનાનીઓનું અપમાન કરવાનું કૃત્ય ગણાવતા દેશવાસીઓને આની સામે અવાજ ઉઠાવવાની અપીલ કરી હતી.

તેઓએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસ કાર્યસમિતિએ એક આંચકાજનક અને રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો છે. કોંગ્રેસે ૧૯૩૭માં પોતાની પાર્ટી દ્વારા લેવાયેલા નિર્ણયનું અનુસરણ કરતા મહાન ગીત ‘વંદે માતરમ’ના માત્ર બે જ અંતરા ગાવવાનો નિર્ણય કર્યો છે. તેઓએ જણાવ્યું હતું કે, આખા દેશે એ યાદ રાખવું જોઈએ કે ૧૯૩૭માં કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમ તુષ્ટિકરણ માટે ‘વંદે માતરમ’ને બે ભાગમાં વહેંચી દીધું હતું અને દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. અહીંથી જ દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતને બળ મળ્યું, જેણે અંતે દેશના ભાગલા અને પાકિસ્તાનના જન્મનો માર્ગ પ્રશસ્ત કર્યો. આજે, ‘વંદે માતરમ’ની રચનાના ૧૫૦મા વર્ષમાં મોદી સરકારે બંકિમ બાબુની આ અમર રચનાને પૂર્ણ રૂપે ગાઈને રાષ્ટ્રીય એકતાને ફરીથી મજબૂત કરવાનો નિર્ણય લઈને તે ઐતિહાસિક ભૂલને સુધારી છે. સરકારે એ પણ નિર્ણય લીધો છે કે તમામ સરકારી કાર્યક્રમોમાં ‘વંદે માતરમ’નું સંપૂર્ણ ગીત ગાવામાં આવશે અને આ નિર્ણયને કાનૂની માન્યતા પણ આપવામાં આવી છે, ત્યારે કોંગ્રેસે આ નિર્ણયની અવગણના કરવાનું નક્કી કર્યું છે.

કોંગ્રેસનો આ નિર્ણય તેની ખુલ્લી તુષ્ટિકરણની નીતિની પુષ્ટિ કરે છે. પોતાના વોટ બેંકને ખુશ કરવા માટે કોંગ્રેસે ન માત્ર દિવંગત બંકિમ બાબુની અમર રચનાનું અપમાન કર્યું છે, પરંતુ તે લાખો શહીદોનું પણ અપમાન કર્યું છે જેમણે ‘વંદે માતરમ’નો

(અનુ. આઠમા પાને)

# ખાંડમાં કડવાશઃ ૧૦ લાખ ટનની આયાત થશે

## એક દાયકા બાદ ખાંડના જંગી જથ્થાની ડ્યુટી ફ્રી આયાતને મંજૂરી



**અબતક, રાજકોટ**

તહેવારોની સિઝન પહેલા સરકારે ખાંડના વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. વિદેશ વેપાર મહાનિર્દેશાલયએ એક જાહેરનામું બહાર પાડીને કાચી ખાંડની આયાત પરની ડ્યુટી કેપને હંગામી ધોરણે હટાવી દીધી છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી ખાંડના ભાવ સતત વધી રહ્યા છે. ઓગસ્ટની શરૂઆતમાં, છૂટક ખાંડના ભાવ ₹૪૮ થી ₹૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા, જ્યારે જથ્થાબંધ ભાવ ₹૪,૭૫૦ થી ₹૪,૮૦૦ પ્રતિ ક્વિન્ટલ વચ્ચે હતા.

હવે, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી, દેશમાં કોઈપણ આયાત ડ્યુટી વગર ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત કરવામાં આવશે. આ મુક્તિ ટેરિફ રેટ ક્વોટા હેઠળ આપવામાં આવી છે, જેનો અર્થ છે કે આ સુવિધા ફક્ત ચોક્કસ જથ્થા માટે જ ઉપલબ્ધ રહેશે, જે પછી જૂની ડ્યુટી લાગુ ટેરિફમાં પાછી આવશે.

અગાઉ, આયાત નીતિ મફત હતી, પરંતુ કોઈ ખાસ શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. હવે, આ નીતિ મફત રહેશે, જેમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૧ મિલિયન મેટ્રિક ટનનો ડ્યુટી-ફ્રી ટેરિફ રેટ ક્વોટા ઉમેરવામાં આવશે.

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓછા વરસાદે આગામી સિઝનના ઉત્પાદન પર પ્રશ્નો ઉભા કર્યા છે. બીજું એક મોટું કારણ ઈથેનોલ છે. સરકારના બ્લેંડિંગ પ્રોગામને કારણે, શેરડી અને ખાંડનો મોટો હિસ્સો ઈથેનોલ ઉત્પાદન તરફ વાળવામાં આવી રહ્યો છે, જેના કારણે બજારમાં ખાંડની ઉપલબ્ધતામાં ઘટાડો થઈ રહ્યો છે. સરકાર ખાંડનું ઉત્પાદન વધારવા માટે ઓક્ટોબરમાં શરૂ થતી સિઝનમાં ઈથેનોલ માટે વપરાતા શેરડી પર પ્રતિબંધ લાદવાનું પણ વિચારી રહી છે. ત્રીજું કારણ તહેવારો છે. ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી એક પછી એક આવતા રહે છે અને આ સમય દરમિયાન મીઠાઈઓ, પ્રોસેસ્ડ ફૂડ અને ઘરેલું વપરાશ ઝડપથી વધે છે.

# 30 વર્ષ પહેલાના ૨૦ રૂપિયાની લાંચ કેસમાં ફસાયેલા બે સરકારી કર્મચારીઓને નિર્દોષ જાહેર કરતી સુપ્રીમ

## ભ્રષ્ટાચારના કેસમાં લાંચની માંગણી મુખ્ય બાબત છે, ફરિયાદીએ પોતાની મેળે જ પૈસા કર્મચારીના ખિસ્સામાં મૂકી દીધા હતા જે આમાં પૂરવાર થતી નથી



**અબતક, નવી દિલ્હી**

કાગળ પરની શાહી સૂકાયાને દાયકાઓ વીતી જાય, પણ કાયદાની આંટીઘૂંટીમાં ફસાયેલા માણસની જિંદગીના કિંમતી વર્ષો પાછા નથી આવતા. ૧૯૯૬માં આવકનું પ્રમાણપત્ર આપવા માટે ૨૦ રૂપિયાની લાંચ લેવાનો આરોપસર બે સરકારી કર્મચારીઓ સામે કેસ નોંધાયો હતો. નીચલી અદાલતે તેમને એક વર્ષની કેદની સજા ફટકારી હતી. જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેન્ચે બંને કર્મચારીઓને નિર્દોષ જાહેર કર્યા છે.


કોર્ટે નોંધ્યું કે લાંચની માંગણી સાબિત થઈ શકી નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ભ્રષ્ટાચારના કેસમાં લાંચની માંગણી એ મુખ્ય બાબત છે, જે આ કેસમાં પૂરવાર થઈ શકી નથી. ફરિયાદીએ પોતાની મેળે જ પૈસા કર્મચારીના ખિસ્સામાં મૂકી દીધા હતા.

બીજા દિવસ ઈદનો તહેવાર હોવાથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ ખુશીમાં ૨૦ રૂપિયાની નોટ આપવામાં આવી હોવાનો બચાવ સાચો સાબિત થયો. માત્ર ચલણી નોટ કબજામાં હોવા માત્રથી ગુનો સાબિત થતો નથી.દોષિત ઠેરવ્યા

(અનુ. આઠમા પાને)

# ૧૬.૨ કરોડમાં વેચાઈ ગાંધીજીના ૬૮૮ વિચારો ધરાવતી દુર્લભ હસ્તપ્રતઃ હરાજીમાં બન્યો નવો વિશ્વ રેકોર્ડ

## અનુયાયી આનંદ હિંગોરાણી માટે લખાયેલા ‘એ થોટ ઓફ ધ ડે’ સંગ્રહમાં ગાંધીજીના અંગત જીવન અને વિચારોની દુર્લભ ઝાંખી




**અબતક, રાજકોટ**

સેફ્રોનઆર્ટ હરાજીમાં મહાત્મા ગાંધીની ’એ થોટ ઓફ ધ ડે’ શીર્ષક ધરાવતી હસ્તપ્રત ૧૬.૨ કરોડ રૂપિયામાં વેચાઈ છે, જેણે ભારતીય ઐતિહાસિક દસ્તાવેજોની હરાજીમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ૨૩ મહિનાના સમયગાળા દરમિયાન લખાયેલી આ હસ્તપ્રતમાં ગાંધીજી દ્વારા તેમના અંગત અનુયાયી અને પ્રકાશક આનંદ ટી. હિંગોરાણી માટે લખાયેલા ૬૮૮ તારીખવાર વિચારોનો સમાવેશ થાય છે, જે હરાજીમાં સૌથી વધુ કિંમતે વેચાયેલી કૃતિ બની છે.

આ સંગ્રહ બે દાયકાથી વધુ સમયના ગાંધીજી અને હિંગોરાણી વચ્ચેના અંગત પત્રવ્યવહાર, હસ્તલખિત વિચારો, છબીઓ અને પેટી રેંટિયા જેવી વસ્તુઓને આવરી લે છે. સેફ્રોનઆર્ટના સહ-સ્થાપક દિનેશ વઝીરાણીના જણાવ્યા મુજબ, આ આર્કાઈવ ભારતના ઈતિહાસના સૌથી

(અનુ. આઠમા પાને)

# નિકાસકારો માટે રૂપિયામાં પેમેન્ટ મેળવવું હવે બનશે સરળઃ સરકારે નિયમો કર્યા હળવા

## ફોરેન ટ્રેડ પોલિસીમાં ફેરફારઃ એશિયન ક્લિયરિંગ યુનિયનના સભ્ય સિવાયના દેશો સાથે રૂપિયામાં વેપાર શક્ય બનશે



**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે ગુરુવારે ફોરેન ટ્રેડ પોલિસીની જોગવાઈઓમાં મહત્વનો ફેરફાર કર્યો છે, જેનાથી નિકાસકારો માટે વિદેશી વ્યવહારોનું ઈન્વોઈસિંગ કરવું અને ભારતીય રૂપિયામાં પેમેન્ટ મેળવવું વધુ સરળ બનશે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક જાહેરનામા મુજબ, એશિયન ક્લિયરિંગ યુનિયનના સભ્ય દેશો સિવાયના તમામ નિકાસ કરારો અને ઈન્વોઈસ હવે વિદેશી પણ વિદેશી ચલણ અથવા ભારતીય રૂપિયામાં ચલણ અથવા ભારતીય રૂપિયામાં કરી શકાશે. તેમજ નિકાસની આવક મેળવી શકાશે. અત્રે નોંધનીય છે કે એસીયું માં ૧૧ દેશો સામેલ છે, જેમાં મોટાભાગના સાર્ક રાષ્ટ્રો, બેલારુસ, ઈરાન અને મોરેશિયસનો સમાવેશ થાય છે.

સરકારના જણાવ્યા અનુસાર, નેપાળ અને ભૂતાન સિવાયના અન્ય કોઈપણ દેશમાં કરવામાં આવતી નિકાસ, જેની આવક બેન્કિંગ ચેનલ મારફતે ભારતીય રૂપિયામાં પ્રાપ્ત થાય છે, તેને વિદેશી ચલણની સમકક્ષ ગણીને નિકાસકારોને સમાન નિકાસ લાભો આપવામાં આવશે. જોકે, ઈરાનમાં નિકાસ માટે વધારાના કેટલાક નીતિગત નિયમો લાગુ પડશે. સરકાર અને રિઝર્વ બેંક ઓફ

(અનુ. આઠમા પાને)

અક્ષર માર્ગ પર ગ્રાઉન્ડ ફલોરનો વિશાળ સંપૂર્ણ સિલ્વર શોરૂમ
પોપ્યુલર 1963 થી આપની સેવામાં
Presents Exclusive Silver Exhibition
આવતીકાલથી શુભારંભ
popular® चांदी बाजार
22 to 28 August 2026
10.00 am to 8.30 pm (Sunday Open)
@ અક્ષર માર્ગ
92.5% સિલ્વર જ્વેલરી
લાઈટવેઈટ, હેરિટેજ, બ્રાઈડલવેર, રોઝગોલ્ડ
પાયલ, ગિફ્ટસ, વાસણો, પુજા સામાન ચિલ્ડ્રન/મેન્સ જ્વેલરી તથા સ્પે.રાખી
with Exclusive offers up to 30%
Jitubhai Adesara
popular the JEWELLERS
A SILVER ART SHOPEE
AKSHAR MARG, RAJKOT. Mo. : 72650 20925
એક્ઝિબિશન માત્ર અક્ષર માર્ગના ગ્રાઉન્ડ ફલોર પરના શોરૂમ ખાતે જ
ADEX

# સોમાલિયાના દરિયાકાંઠે હથિયારોથી ભરેલું જહાજ હાઈજેક, ક્રૂ મેમ્બર્સમાં ૬ ભારતીયો સામેલ

## કેમરૂનનો ધ્વજ ધરાવતું કાર્ગો જહાજ ચાંચિયાઓએ કબ્જે લીધું, જહાજમાં તુર્કીના હથિયારો હોવાના અહેવાલ

**અબતક, નવી દિલ્હી**

સોમાલિયાના પુંટલેન્ડના દરિયાકાંઠે ચાંચિયાઓ દ્વારા એક કેમરૂન-ફ્લેગવાળા કાર્ગો જહાજનું અપહરણ કરવામાં આવ્યું છે. આ જહાજમાં કુલ ૧૦ ક્રૂ મેમ્બર્સ સવાર છે, જેમાં ૬ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. એક સોમાલી અધિકારીને ટાંકીને એપી ન્યૂઝ એજન્સીએ ગુરુવારે આ માહિતી આપી હતી. એમ/વી લુતુફ નામનું આ જહાજ સોમવારે પુંટલેન્ડના આઈલ જિલ્લામાં માર્યાથી લગભગ ૩.૫ નોટિકલ માઈલ દૂર હાઈજેક કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને નુગાલ કિનારા તરફ લઈ જવામાં આવ્યું હતું.

આ જહાજ પોલાર મૂવમેન્ટ શિપિંગની માલિકીનું છે. તે મોગાદિશુમાં લશ્કરી તાલીમ સુવિધા માટે તુર્કીના હથિયારો, સંચાર અને સેટેલાઈટ સાધનો લઈ જઈ રહ્યું હતું. તેના ક્રૂમાં ૬ ભારતીય, ૧ તુર્કી, ૧ જ્યોર્જિયન અને ૨ સર્બિયન સુરક્ષા ગાર્ડ સામેલ છે.

અધિકારીના જણાવ્યા મુજબ, એવું માનવામાં આવે છે કે ૮ ચાંચિયાઓએ આ જહાજ પર કબજો જમાવ્યો છે. આ જૂથ અગાઉ ૨૬ એપ્રિલના રોજ એમ/વી સવોર્ડ નામના જહાજના હાઈજેકિંગમાં પણ સામેલ હોવાની આશંકા છે. મંગળવારે ૨ માણસોને લઈ જતી એક નાની બોટ જહાજ પાસે પહોંચી હતી અને ’ખાત’ (સોમાલિયામાં ચાવવામાં આવતું એક ઉત્તેજક) પહોંચાડ્યું હતું. આ બોટ કિનારે પરત ફરી ત્યારે હવાઈ હુમલો થયો હતો, જેમાં ૪ લોકો માર્યા ગયા હતા અને ૨ ઘાયલ થયા હતા.

## નાઈઝીરીયાના સોકોટોમાં બોટ પલટી, ૪૭ના મોત

નાઈજીરિયાના ઉત્તર-પશ્ચિમ સોકોટો રાજ્યમાં ગુરુવારે મોટી બોટ દુર્ઘટના સર્જાઈ છે. મુસાફરોથી ભરેલી એક બોટ નદીમાં પલટી જતાં ઓછામાં ઓછા ૪૭ લોકોનાં મોત થયાની સત્તાવાર પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટના ગોરોન્યો સ્થાનિક સરકારી વિસ્તારના ગોરાઉ શહેર નજીક બની હતી. અધિકારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ ઘટનાની પુષ્ટિ કરી છે. દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા પણ નોંધપાત્ર હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે.બોટમાં સવાર મોટાભાગના લોકો ખેતી સંબંધિત કામ માટે નદી પાર કરીને ખેતરો તરફ જઈ રહ્યા હતા. બોટમાં ખેતરના માલિક ઉપરાંત ચોખાની કાપણી માટે લઈ જવામાં આવેલા મજૂરો પણ સવાર હતા. બોટ પલટી ત્યારે તેમાં ૭૦થી વધુ લોકો હોવાની આશંકા છે, મુસાફરોની ચોક્કસ સંખ્યા અંગે હજુ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી.

### ભાવોનું આલેખન, શબ્દોનું સૌંદર્યઃ કવિતામાં છુપાયેલી સંવેદનાઓ

# કવિની કલ્પનાની ઉડાનઃ શબ્દો, સપનાઓ અને સંવેદનાઓથી રચાય છે, કવિતાનું સુંદર વિશ્વ

## ઉર્દૂ શાયરીની નજાકત હોય કે ગુજરાતી કવિતાની માટીની સુગંધ બંને ભાષાઓ પોતાની અલગ સંગીતમયતા સાથે માનવીના હૃદય સુધી પહોંચે છેઃ ભાષા બદલાય છે, શબ્દો બદલાય છે, પરંતુ કવિની કલ્પનામાં ધબકતું પ્રેમ, દર્દ, સૌંદર્ય અને માનવતાનું હૃદય એક જ રહે છે

જીવનમાં દરેક વ્યક્તિએ બાળપણ કે મોટી ઉંમરે કોઈપણ દિલની વાતો લખી હશે કે વિચારી હશે. વિશ્વની કોઈપણ ભાષાની સમૃદ્ધિમાં કવિની કવિતા ઓનું વિશેષ મહત્વ હોય છે. પ્રાચીન કાળમાં પણ ઉર્દુ કવિઓ સુંદર કલ્પનાઓ સાથે કવિતાઓ લખતા હતા. કવિની કવિતા એ ભાષાઓનું જીવંત હૃદય છે.વિશ્વ કવિ દિવસ નિમિત્તે કવિતાના સર્જકોને યાદ કરવું એટલે માત્ર કવિને વંદન કરવું નહીં, પરંતુ ભાષાની સર્જનશકિતને પણ સલામ કરવી. કવિ શબ્દોને માત્ર વાક્યોમાં ગોઠવતા નથી, તેઓ શબ્દોમાં લાગણી, કલ્પના, સંવેદના અને જીવનનો અર્થ ભરે છે.

કવિની કવિતા એટલે માત્ર શબ્દોની ગોઠવણી કે છંદ અલંકારની રમત નથી, પણ એ તો કવિના હૃદયના ઊંડાણમાંથી વહી નીકળતો અવિરત ભાવપૂરીત ઝરણો છે. જ્યારે કવિનું મન દુનિયાની ભીડમાં પણ એકલતા અનુભવે, જ્યારે ખુશીની ચરમસીમા કે દુઃખનો અસહ્ય ભાર શબ્દોની મર્યાદા વટાવી જાય, ત્યારે કવિતાનો જન્મ થાય છે. કવિના દિલ માટે કવિતા એ તેનો સાચો એકાંતનો સાથી છે, જેમાં એ પોતાની જાતને કોઈ પણ જાતના મુખૌટા વગર ખુલ્લી મૂકી શકે છે. એમાં તેના મનની અગણિત મૂંઝવણો, પ્રેમનો ઉમળકો, વિરહની વેદના અને જીવનનો ગહન મર્મ છુપાયેલો હોય છે. કવિ પોતાની નસમાં વહેતી લાગણીઓની



શ્યાહી બનાવીને કાગળ પર દિલનો ધબકાર ઉતારે છે; એ જાણે ઈશ્વર સાથે કરેલી એક ગુપ્ત અને પવિત્ર ગોષ્ઠી છે. ટૂંકમાં કહીએ તો, કવિતા એ કવિના આત્માનો અરીસો છે, જે વાચકના હૃદયને સ્પર્શીને તેના પોતાના વણકહેલા ભાવોને વાચા આપે છે.

આપણી ગુજરાતી ભાષાની સમૃદ્ધ પરંપરામાં નરસિંહ મહેતા, અખો, દયારામથી લઈને આધુનિક યુગના અનેક કવિઓએ લોકજીવન, પ્રકૃતિ, પ્રેમ, ભકિત અને સામાજિક ચેતનાને કવિતાના માધ્યમથી અભિવ્યક્ત કરી છે. તેથી કવિતા આપણી ભાષાની માત્ર સુંદરતા નથી, પરંતુ આપણી સંસ્કૃતિ અને સામૂહિક સ્મૃતિને જીવંત રાખતું એક શક્તિશાળી માધ્યમ છે. ગુજરાતી ભાષા અને કવિતાઓનો અતૂટ નાતો છે. ગુજરાતી ભાષાની મીઠાશ, લોકબોલી અને શબ્દભંડોળને કવિઓએ પોતાની કલમથી વધુ સમૃદ્ધ બનાવ્યાં છે. કવિતા ભાષાને માત્ર વાંચવાની વસ્તુ ન રાખતાં તેને અનુભવવાની અને જીવવાની ભાષા બનાવે છે. આજના ડિજિટલ યુગમાં ભાષા ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે ગુજરાતી કવિતા નવી પેઢીને પોતાની માતૃભાષા સાથે લાગણીથી જોડવાનું કામ કરી શકે છે.



આજના દિવસનો સાચો સંદેશ એ જ છે કે ભાષા જીવંત રહેશે તો કવિતા જીવંત રહેશે અને કવિતા જીવંત રહેશે તો આપણી લાગણી, સંસ્કૃતિ અને ઓળખ પણ જીવંત રહેશે. કવિની કલ્પના શબ્દોને માત્ર અર્થ આપતી નથી, પરંતુ તેમાં એક આખી દુનિયા વસાવી દે છે. એક જ ચાંદ કોઈ કવિ માટે પ્રિયતમનો ચહેરો બની શકે, તો બીજા માટે એકાંતની રાતનો સાથી. ભાષાનું વૈવિધ્ય આ કલ્પનાને વધુ રંગીન બનાવે છે. ઉર્દૂ શાયરીમાં પ્રેમ, વિરહ, સૌંદર્ય અને જીવનની ફિલસૂફી ઘણીવાર નાજુક ઉપમા, રૂપક અને લયબદ્ધ શબ્દોથી વ્યક્ત થાય છે; ગઝલની પરંપરાએ 'ઈશ્ક', 'દર્દ', 'ખ્વાબ' અને 'વફા' જેવા ભાવોને કલાત્મક ઊંચાઈ આપી છે. ઉર્દૂના મિર્ઝા ગાલિબ, મીર તકી મીર અને ફૈઝ અહમદ ફૈઝ જેવા શાયરોએ શબ્દોને એવી ઊંડાઈ આપી કે તેમની રચનાઓ માત્ર વાંચાતી નથી, અનુભવાય છે.

ગુજરાતી કવિતામાં પણ કલ્પના અને લાગણીનું પોતાનું આગવું વિશ્વ છે. નરસિંહ મહેતાની ભકિતમાં આધ્યાત્મિકતા સાથે માનવતાનો સંદેશ છે, જ્યારે દયારામના ગરબામાં લોકજીવનની લય અને ભાવનાની ઉષ્મા અનુભવાય છે. આધુનિક ગુજરાતી કવિઓએ પ્રકૃતિ, પ્રેમ, સમાજ, માનવીય સંવેદના અને બદલાતા સમયને નવા પ્રતીકો અને અભિવ્યક્તિથી શબ્દ આપ્યા છે. ઉર્દૂ શાયરીની નજાકત હોય કે ગુજરાતી કવિતાની માટીની સુગંધ બંને ભાષાઓ પોતાની અલગ સંગીતમયતા સાથે માનવીના હૃદય સુધી પહોંચે છે. ભાષા બદલાય છે, શબ્દો બદલાય છે, પરંતુ કવિની કલ્પનામાં ધબકતું પ્રેમ, દર્દ, સૌંદર્ય અને માનવતાનું હૃદય એક જ રહે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કવિની કવિતાનો ઈતિહાસ જોઈએ તો તેના મૂળભૂત વર્ણનમાં, કવિતા એ લેખનનું એક સ્વરૂપ છે, જે ભાષાના સૌંદર્યલક્ષી અને લયબદ્ધ ગુણોનો ઉપયોગ કરે છે, જેમાં ઉપમા અને રૂપકનો સમાવેશ થાય છે, જેથી શબ્દોની વ્યાખ્યા કરતાં વધુ ઊંડા અર્થો બહાર આવે.કવિતાનો ઈતિહાસ લાંબો છે, જે ગિલગામેશના સુમેરિયન મહાકાવ્ય સુધી લેખિત સ્વરૂપમાં શોધી શકાય છે, અને તે પહેલાં અસંખ્ય યુગોથી સંસ્કૃતિઓમાં વાર્તાઓ અને પૌરાણિક કથાઓ પસાર કરવા માટે એક સ્મૃતિ પદ્ધતિ તરીકે ઉપયોગમાં લેવાય છે. ''કવિતા શું છે?'' એ પ્રશ્ન એક એવો પ્રશ્ન રહ્યો છે જે ફિલસૂફોને ઘણા સમયથી ચિંતામાં મુકી રહ્યો છે, એરિસ્ટોટલે પોએટિક્સ નામનું એક પુસ્તક લખ્યું છે, જે તેને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, તેઓ કવિતા શું છે અને તેનો ઉપયોગ રેટરિક, ગીત, નાટક અને હાસ્યમાં કેવી રીતે થાય છે તેના એક નાના ભાગને જ સંબોધિત કરી શક્યા હતા. ઈંગ્લેન્ડના દક્ષિણ વોરવિકશાયરમાં સ્ટ્રેટફોર્ડઅપોન એવન નામના એવન નદીના કિનારે, ઈંગ્લેન્ડથી ઉદ્ભવેલા સર્વકાલીન મહાન કવિઓમાંના તેઓ એક હતા.

ગુજરાતના ખ્યાતનામ કવિઓમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી નું નામ ખૂબ જ આદરથી લેવાય છે. તેઓ માત્ર કવિ જ નહોતા, પણ લોકસાહિત્ય ના સંશોધક, વાર્તાકાર અને સ્વતંત્રતા સેનાની પણ હતા. તેમણે સૌરાષ્ટ્રના ધૂળિયા રસ્તાઓ ખૂંદીને લોકગીતો, દુહા અને લોકકથાઓને એકત્ર કરીને ગુજરાતી સાહિત્યને અમૂલ્ય ખજાનો આપ્યો. 'કસુંબીનો રંગ', 'છેલ્લો કટોરો', 'યુગવંદના' જેવી તેમની રચનાઓમાં દેશપ્રેમ, બલિદાન અને માનવતાનો જુસ્સો છલકાય છે. તેમની કલમે લોકોના હૃદયમાં આઝાદીની અલખ જગાવી હતી, એટલે જ ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર' ના બિરુદ થી નવાજ્યા હતા.


### જૂના હિન્દી ફિલ્મી ગીતોઃ કવિના શબ્દોમાં અમર થયેલી યાદો

જૂના હિન્દી ફિલ્મી ગીતો માત્ર સંગીત નહોતાં, પરંતુ લાગણી, પ્રેમ, વિરહ અને જીવનની ફિલસૂફીને શબ્દો આપતી અમર રચનાઓ હતાં. શૈલેન્દ્ર, સાહિર લુધિયાનવી, મજરુહ સુલ્તાનપુરી, શકીલ બદાયૂની, રાજેન્દ્ર કૃષ્ણ અને હસરત જયપુરી જેવા ગીતકારોએ સરળ છતાં અસરકારક શબ્દોથી અનેક પેઢીઓના હૃદયમાં સ્થાન બનાવ્યું. તેમના ગીતોમાં કાવ્યની સુંદરતા, સંગીતની મધુરતા અને માનવીય લાગણીઓનું અદભુત સંયોજન જોવા મળે છે. એટલે જ દાયકાઓ પહેલાં લખાયેલા આ ગીતો આજે પણ સાંભળીએ ત્યારે જૂની યાદોને જગાડે છે, અને મનને ગુંજતું કરી દે છે. શબ્દો કવિ ના ભલે હોય પણ આપણા જીવન સાથે પણ વણાયેલી વાતોને એ રજૂ કરી શકતા હતા.

**કવિની કવિતા એટલે માત્ર શબ્દોની ગોઠવણી કે છંદ અલંકારની રમત નથી, પણ એ તો કવિના હૃદયના ઊંડાણમાંથી વહેતો અવિરત ભાવપૂર્ણ ઝરણું છેઃ જ્યારે કવિનું મન દુનિયાની ભીડમાં પણ એકલતા અનુભવે, ખુશીની ચરમસીમા કે દુઃખનો અસહ્ય ભાર શબ્દોની મર્યાદા વટાવી જાય, ત્યારે કવિતાનો જન્મ થાય છે**

---

# ઓટોમેટિક સિગ્નલિંગ કામગીરી હેતુ ઓખા-શકુરબસ્તી-ઓખા સ્પેશિયલ ટ્રેનોના રૂટમાં ફેરફાર



**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**


દિલ્હી સરાઈ રોહિલ્લા - રેવાડી રેલવે સેકશન પર દિલ્હી સરાઈ રોહિલ્લા, પટેલ નગર, દિલ્હી કેન્ટ અને પાલમ સ્ટેશનો વચ્ચે ઓટોમેટીક સિગ્નલિંગ સીસ્ટમ કાર્યરત (કમીશનીંગ) કરવાના કામ માટે ૬ કલાકનો ટ્રાફીક બ્લોકના કારણે રાજકોટ ડીવીઝનની અમૂક સ્પેશ્યલ ટ્રેનોનું સંચાલન નિયમિત રૂટના બદલે ડાયવર્ટેડ કરેલ રૂટ પરથી કરવામાં આવશે તેમજ કેટલાક સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે નહિં. ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા. શકુરબસ્તી સ્પેશ્યલ ટ્રેન આગામી ૬ ઓકટોબર, ૨૦૨૬ના રોજ નિર્ધારીત રૂટ રેવાડી-દિલ્હી કેન્ટ પટેલ નગર - શકુરબસ્તીના બદલે રેવાડી - ભિવાની - રોહતક - શકુરબસ્તીના પરિવર્તિત રૂટથી ચાલશે જેના કારણે ગુરૂગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહિં. ટ્રેન નં. ૦૯૫૨૪ શકુરબસ્તી- ઓખા સ્પેશ્યલ ટ્રેન તા.૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નિર્ધારીત રૂટ શકુરબસ્તી - પટેલનગર-દિલ્હી કેન્ટ રેવાડીના બદલે શકુરબસ્તી - રોહતક - ભિવાની - રેવાડીના પરિવર્તીત રૂટ પરથી ચાલશે જેના કારણે ગુરુગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહિં. રેલવે વિભાગ દ્વારા મુસાફરોને ઉકત ટ્રેનોના સંચાલનમાં થયેલ ફેરફારને ધ્યાનમાં રાખી યાત્રાનું આયોજન કરવા જણાવાયું છે.

# 'માનસ ગુરૂપ્રસાદ'ના પાંચમા દિવસે પૂ.મોરારીબાપુએ કથાનું રસપાન કરાવ્યું

## રામાયણમાં સરળતાથી ભરેલી ગહનતા છે ગોપનીય છે એના ઉંડાણને તપાસોઃ પૂ.મોરારિબાપુ

**અબતક, રાજકોટ**

અમેરિકાની જગપ્રસિધ્ધ હાર્વર્ડ યુનિ.ના પરિસરમાં પ્રવાહિત થઈ રહેલી રામકથા માનસ ગુરૂપ્રસાદના પાંચમા દિવસે ગઈકાલે કથાના પ્રેમ સંવાદને આગળ ધપાવતા બાપુએ કહ્યું કે ઘણા લોકોને પ્રશ્ન થાય છે કે હાર્વર્ડ યુનિ.માં રામકથા કેમ? જવાબ રામ સેતુબંધ બનાવી શ્રીલંકા ગયા છે. સીતાની શોધમાં રામને લંકાથી નિમંત્રણ નહોતુ મળ્યું ! પણ એ સીતા એટલે કે શાંતિની શોધમાં ભકિતની શોધ સેતુ બાંધીને ગયા છે સેતુ બનાવનાર કોઈને મારે નહી તારે રામે કોઈને માર્યા નથી પણ તાર્યા છે. મારી શાંતિ માટે આ વિદ્યાપીઠને મળવા આવી છે. રામ પથ્થર લઈને સેતુ બનાવે છે અને હું પોથી લઈને સેતુ બનાવું છું. આજની મોર્ડન દુનિયા સેતુ તોડી રહી છે. ધનુષ તોડો, સેતુ ન તોડો રહી છે. ધનુષ તોડો, સેતુ ન તોડો ! સેતુ તોડવાની માનસીકતાને કારણે જ યુધ્ધો થઈ રહ્યા છે. રામના સેતુ કાર્યમાં નાનામા નાના જીવથી માંડીને પર્વતોએ પણ સહકાર આપ્યો છે. ખિસકોલી એ પણ સેવા કર્મ કર્યુ છે. એ વાત જાણીતી છે. હું તો મનોરથ રાખુ છું કે અને મને સરકાર મંજુરી આપે તો જયા યુધ્ધો થઈ રહ્યા છે. એ સરહદ પર રામકથા ગાન કરૂ સેતુબંધની યોજના થઈ




સંકલનઃ મનોજ જોશી

ત્યારે એ સેતુ નો પ્રથમ પથ્થર કોણે સ્થાપ્યો હતો ? શિલાન્યાસ કોણે કર્યો ? તલગાજરડાના ખૂણાને મારા દાદાએ મને કહ્યું હતુ એ અહલ્યાની શીલા હતી. અહલ્યા અચેતન હતી. રામના ચરણ સ્પર્શથી એ ચેતનમય બની પછી એ શીલા રામજીએ લક્ષ્મણને સાચવવા આવી હતી. ત્યારે લક્ષ્મણે પ્રશ્ન ન્હોતો કર્યો ! રામ આજ્ઞાથી એ શીલા લક્ષ્મણ પાસે રહે છે. અને સેતુબંધ વખતે રામે પ્રાયશ્ચિતરૂપે કેમકે રામને એ અફસોસ હતો કે મે એક સ્ત્રીને ચરણથી સ્પર્શ કર્યો છે. સેતુબંધ વખતે એ શીલા રામજીએ પોતાને હાથે એ પથ્થરનો શિલાન્યાસ કર્યો અને હનુમાનજીએ એ શીલા પર રામ લખ્યું છે.

# દ્વારકાના જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. ગુરૂવારના કેસરી વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# સુરત મેડિકલ કોલેજ રેગિંગ પ્રકરણમાં વધુ એક પ્રોફેસર સસ્પેન્ડ

## રેગિંગની ઘટના રોકવામાં ગંભીર બેદરકારી બદલ કડક શિક્ષાત્મક પગલાં લેવા આરોગ્ય મંત્રીની સૂચના

**અબતક, રાજકોટ**

સરકારી મેડિકલ કોલેજ, સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર સ્વ. ડો. હર્ષ પડ્યા રેગિંગનો ભોગ બનવાની અત્યંત ગંભીર અને દુઃખદ ઘટના સામે આવી છે. આ ગંભીર ઘટનાને રોકવામાં તેમજ પોતાની શિસ્તબદ્ધ ક્ષમતા અને ફરજ બજાવવામાં ગંભીર નિષ્કાળજી દાખવવા બદલ, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચનાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ ના પ્રાધ્યાપક ડો. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લેવાયો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડન સાંખી લેવામાં આવશે નહીં. રેગિંગ સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ રહી છે અને આગામી સમયમાં પણ રહેશે. વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમત કરનાર કે પોતાની ફરજમાં ગંભીર નિષ્કાળજી દાખવનાર વ્યક્તિ ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હશે, તેમની સામે કડકમાં કડક કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં રાજ્ય સરકાર સહેજ પણ બાંધછોડ કરશે નહીં.

આ ઉપરાંત આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ''ફરજમોકૂફી (સસ્પેન્શન)ના સમયગાળા દરમિયાન ડો. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે. આ સમય દરમિયાન સક્ષમ નિયંત્રક અધિકારીની લેખિત મંજૂરી વિના તેઓ વડોદરા સ્થિત મુખ્ય મથક છોડી શકશે નહીં. તદુપરાંત, ફરજમોકૂફી હેઠળ હોય ત્યાં સુધી તેઓ કોઈપણ પ્રકારની ખાનગી નોકરી કે વ્યાપાર-ધંધો કરી શકશે નહીં. જો આ શરતોનો અનાદર કે ભંગ કરવામાં આવશે, તો તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું અટકાવી દેવાશે અને તેમની સામે વધારાની કડક શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરાશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૮-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૮-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રીકષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૨-૮-૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ દશમ
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** વિષ્કુંભ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૬.૨૮ **સુર્યાસ્તઃ** ૭.૧૨
**ચંદ્ર રાશી** વૃશ્ચીક બપોરે ૨.૫૦ થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૮.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ દશમ, જ્યેષ્ઠા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, તૈતિલ કરણ આજે બપોરે ૨.૪૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.
**વૃષભ** (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન.
**મિથુન** (ક,છ,ઘ) : આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.
**કર્ક** (ડ,હ) : નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.
**સિંહ** (મ,ટ) : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.
**કન્યા** (પ,ઠ,ણ) : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.
**તુલા** (ર,ત) : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.
**મકર** (ખ,જ) : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
**કુંભ** (ગ,સ,શ) : મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.
**મીન** (દ,ચ,ઝ,થ) : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગ ને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

# જામકંડોરણામાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે રૂ.૧.૩૧ કરોડના ખર્ચે નિર્મિત પીજીવીસીએલ કચેરીનું લોકાર્પણ

**૧૭ હજારથી વધુ ખેડુત વીજ ધારકોને સીધો ફાયદો થશે, જ્યોતિગ્રામ યોજનાથી દિવસે પણ વીજળી મળી રહેશે**





**અબતક, પ્રવિણ ડોંગા, જામકંડોરણા**

જામકંડોરણા ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા વિભાગ-૨ની કચેરીના રૂ. ૧૩૧ લાખના ખર્ચે નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ કરતા ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર હંમેશા ખેડૂતોના હિતલક્ષી કામગીરી કરી રહી છે. જામકંડોરણા ખાતે પીજીવીસીએલ કચેરીનો બીજો પેટા વિભાગ કાર્યરત થતાં જામકંડોરણા તાલુકાના ૧૭ હજારથી વધુ ખેડૂત વીજધારકોને સીધો ફાયદો થશે. ખેડૂતોને વીજ કનેક્શન મેળવવામાં સરળતા થશે તેમજ વીજફોલ્ટ કે અન્ય મુશ્કેલી સમયે ત્વરિત નિરાકરણ મળી રહેશે.

તેમણે ઊર્જા વિભાગની સિદ્ધિઓ અંગે જણાવતા કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં જ્યોતિગ્રામ યોજનાથી ૧૮૦૦૦ જેટલા ગામડાઓમાં ૨૪ કલાક વીજળી આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ખેડૂતોને દિવસના વીજળી આપવાની કામગીરી ગુજરાત રાજ્યે સૌપ્રથમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરી હતી.

જામકંડોરણા તાલુકાના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ આ તકે પેટા વિભાગીય કચેરી આવવા બદલ રાજ્ય સરકારનો આભાર માની જણાવ્યું હતું કે, આ સમગ્ર પંથક કૃષિ ક્ષેત્ર પર નિર્ભર છે.

ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જયેશભાઈ રાદડિયાએ નવનિર્મિત બિલ્ડીંગનું તકતી અનાવરણ તેમજ રિબિન કાપી લોકાર્પણ કર્યું હતું.

કચેરી ખાતે મંત્રી સહિત રાજકોટ ડેરીના પૂર્વ ચેરમેન ગોવિંદભાઈ રાણપરીયા, તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ બાબરીયા સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી ગ્લોબલ વોર્મિંગ સામે દેશને બચાવવા માટે પ્રધાનમંત્રીના 'એક પેડ મા કે નામ' અભિયાનને આગળ ધપાવવા સૌને વિનંતી કરી હતી.

# સોમનાથ મહાદેવને વિશેષ ચંદન શૃંગાર



શ્રાવણ માસની સુદ આઠમના પવિત્ર દિવસે આદિ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથ મહાદેવને વિશેષ ચંદન શૃંગાર કરવામાં આવ્યો હતો. ચંદન શીતળતા પ્રદાન કરનારું માનવામાં આવે છે, તેથી વિશ્વ શાંતિ અને જનકલ્યાણના પવિત્ર ભાવ સાથે સોમનાથ મંદિરના પૂજારીવૃંદ દ્વારા મહાદેવને આ ખાસ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. આ દિવ્ય શૃંગારને તૈયાર કરવા માટે સેવંતી, ગલગોટા , ગુલાબ, બિલ્વપત્રો અને અન્ય પુષ્પો મળીને કુલ ૧૦૧ કિલો પુષ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવના આ અદભુત ચંદન અને પુષ્પ શૃંગારની ઝાંખીના દર્શનનો લાભ લઈને શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.

# પાટડી: મુખ્ય બજારમાંથી લારી હટાવવા પાલિકા પ્રમુખ દ્વારા પોલીસ તંત્રને લેખિતમાં રજૂઆત



**તહેવારોના સમયે જ રોજીરોટી છીનવાઈ જવાની ભીતિથી શ્રમજીવી વર્ગમાં ભારે નિરાશા**

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી શહેરની મુખ્ય બજાર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને બજારમાંથી લારીઓ અને પાથરણાવાળાને હટાવવા માટે પાટડી નગરપાલિકા પ્રમુખ દ્વારા પાટડી પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. જો કે રક્ષાબંધન જેવા મોટા તહેવારના ટાણે જ આ રજૂઆત થતાં રોજનું કમાઈને રોજ ખાતા નાના ફેરિયાઓ અને શ્રમજીવીઓમાં ભારે નિરાશા ફેલાઈ ગઈ છે. આ અંગે નગરપાલિકા પ્રમુખ દ્વારા પોલીસ તંત્રને બજારમાંથી ટ્રાફિક નિયંત્રણ માટે આવી લારીઓ તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ પવિત્ર રક્ષાબંધનનો તહેવાર નજીક છે ત્યારે નાના લારી ધારકો અને પાથરણાંવાળા પોતાની રોજીરોટી મેળવવાની આશા રાખીને બેઠા છે તેવા સમયે જ તંત્ર દ્વારા તેમને હટાવવાની હિલચાલ શરૂ થતાં ગરીબ અને મધ્યમ વર્ગના લારી ધારકોમાં ચિંતા ફેલાઈ ગઈ છે.

# રાજયભરમાં ૧૮૭ રેસ્ટોરન્ટમાં ફુડ વિભાગના દરોડા: ૧૩૭ને કાયમી માટે તાળા લગાવી દેવાયા

**૬ રેસ્ટોરન્ટને સીલ કરાયા: ચાર રેસ્ટોરન્ટના લાયસન્સ તાત્કાલીક અસરથી સસ્પેન્ડ, રૂ.૪.૪૩ લાખનો દંડ વસુલાયો**

**અબતક,રાજકોટ**

રાજ્યમાં જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મંત્રીએ સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮૭ રેસ્ટોરેન્ટ્સ પર કરવામાં આવેલી આકસ્મિક તપાસની વિગતો મેળવી હતી. *આ તપાસ દરમિયાન ૧૩૭ જેટલી રેસ્ટોરેન્ટ્સમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતાં, જાહેર આરોગ્યના હિતને સર્વોપરી રાખીને તંત્ર દ્વારા આ તમામ રેસ્ટોરેન્ટ્સને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.*

આ ઉપરાંત, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમોનો ભંગ કરનાર બે રેસ્ટોરન્ટ્સને, રાજકોટ જીલ્લામાં એક અને નડિયાદ જીલ્લામાં ૩ રેસ્ટોરેન્ટને એમ કુલ ૬ રેસ્ટોરેન્ટને સીલ કરવામાં આવી છે., જ્યારે અન્ય ૪૦ રેસ્ટોરન્ટ્સને ક્ષતિઓ સુધારવા માટે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે અને ચાર રેસ્ટોરન્ટ્સના લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સુરત મહાનગરપાલિકા ના આરોગ્ય વિભાગના ફૂડ સેફટી ઓફિસર અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમો દ્વારા શહેરના તમામ ઝોનમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરેન્ટ અને ૩૪ ઢાબામાં સઘન ઈન્સ્પેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કિચનની સાફ-સફાઈ, વાસી ખોરાક, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને ડેરી પ્રોડક્ટ્સ અંગેના ડિસ્પ્લે બોર્ડની ચકાસણી કરીને કુલ ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ ૧૨૮ હોટેલ-રેસ્ટોરન્ટને નોટિસ ઈસ્યુ કરી રૂ. ૪,૪૩,૮૦૦/- નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત સાફ-સફાઈ અને ગંભીર ખામીઓ ધરાવતી ૪૩ હોટેલ-રેસ્ટોરન્ટ તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવી છે.

સુરતના વરાછા વિસ્તારમાં ગત ૧૮ ઓગસ્ટના રોજ બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં પાંચ વર્ષની માસૂમ બાળકીનું દુઃખદ અવસાન થતાં રાજ્ય સરકારે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. આ કરૂણ દુર્ઘટનાને પગલે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ કડક વલણ અપનાવતા સમગ્ર રાજ્યની તમામ રેસ્ટોરન્ટ્સમાં ખોરાકની ગુણવત્તા અને અસ્વચ્છતા અંગે સઘન ચકાસણી હાથ ધરવા માટે ખાસ ડ્રાઈવ યોજવાના આદેશ આપ્યા છે.

રાજ્યનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જાહેર જનતાના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ આ પ્રકારની કડક કાયદેસરની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ: બોગસ સીસીસી સર્ટિફિકેટ રજૂ કરનાર ૧૪ શિક્ષકોના પગાર રદ

**અબતક દર્શન જોશી, જૂનાગઢ**

શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા વધારવા અને સરકારી કર્મચારીઓ માટે કોમ્પ્યુટરની પાયાની જાણકારી અનિવાર્ય બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સીસીસીની પરીક્ષા પાસ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. દરમિયાન, જૂનાગઢ જિલ્લામાંથી શિક્ષણ જગતને હચમચાવતો એક મોટો કૌભાંડ સામે આવ્યો છે.જૂનાગઢ જિલ્લાના ૧૪ જેટલા શિક્ષકોના સીસીસી ના પ્રમાણપત્રો ચકાસણી દરમિયાન બોગસ હોવાનું બહાર આવ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવામાં આવ્યા છે.

સંબંધિત તંત્ર દ્વારા આ તમામ ૧૪ બોગસ પ્રમાણપત્ર ધરાવતા શિક્ષકોના ઉચ્ચત્તર પગાર અગાઉ મળેલા લાભો/પગાર વધારા રદ કરી દેવામાં આવ્યા છે તેમજ અત્યાર સુધી ચૂકવાયેલા નાણાંની સેટ-અપ મુજબ વસૂલાત (રિકવરી) કરવાનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગની આ લાલ આંખથી બોગસ પ્રમાણપત્રોના આધારે નોકરી મેળવતા કે લાભ લેતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. શૈક્ષણિક સંવર્ગમાં આવી ગેરરીતિઓ ડામવા માટે શિક્ષણ વિભાગ આગામી સમયમાં વધુ સઘન તપાસ હાથ ધરે તેવી સંભાવના છે.

# જૂનાગઢના પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાના જન્મ દિન નિમિત્તે ૫૦૭ લોકોએ કર્યુ રક્તદાન

**નોબલ યુનિવર્સિટી સિટી કેમ્પસ ખાતે સવારથી સાંજ સુધી રક્તદાતાઓમાં જોવા મળ્યો ઉત્સાહ**




**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના સુપ્રીમો ગીરીશભાઈ કોટેચાના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે છેલ્લા ૭ દિવસથી સેવા કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ ઉજવણીના આઠમા દિવસે શહેરના જોષીપરા વિસ્તારમાં આવેલ નોબલ યુનિવર્સિટીના સિટી કેમ્પસ ખાતે એક વિશાળ મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ રક્તદાતાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને થેલેસેમિયા ગ્રસ્ત બાળકોની સહાય માટે મોટી સંખ્યામાં લોકો રક્તદાન કરવા માટે પહોંચી ગયા હતા. સવારથી લઈને સાંજ સુધીના આ ભગીરથ સેવા કાર્યમાં અંદાજિત ૫૦૭ લોકોએ ઉત્સાહભેર રક્તદાન કરી, આ માનવ સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લાના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓએ પણ વિશેષ ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જયભાઈ તલાટી, દીપલ રૂપારેલિયા તેમજ રઘુવીર સેનાના સભ્યો દ્વારા સરાહનીય જહેમત ઉઠાવવામાં આવી હતી.

**રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લી.ના**

# બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ચિન્ટુ કોયાણીની બિનહરીફ વરણી



**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજી નગરપાલિકાના ઉપપ્રમુખ ચિન્ટુભાઈ રણછોડભાઈ કોયાણીની રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લી.ના બોર્ડ ઓફ ડિરેક્ટરની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં બિનહરીફ વરણી કરવામાં આવી છે.

ચિન્ટુભાઈ કોયાણીની બિનહરીફ વરણી થતાં સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા આગેવાનો, કાર્યકરો, શુભેચ્છકો તથા ધોરાજીના નગરજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. તેમની આ વરણી બદલ વિવિધ ક્ષેત્રના આગેવાનો તથા શુભેચ્છકોએ હાર્દિક અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

સહકારી ક્ષેત્રમાં તેમની કાર્યદક્ષતા અને અનુભવનો લાભ સંસ્થાને મળશે તેમજ સંસ્થાના વિકાસ અને પ્રગતિમાં તેઓ મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સાળંગપુર ધામે કષ્ટભંજન દેવને શીશ ઝુકાવી ધન્યતા અનુભવતા ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા

**બોટાદ જિલ્લાના પ્રવાસ દરમિયાન સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે દર્શન કરી સૌના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના**



**અબતક, રાજકોટ**

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ આજે બોટાદ જિલ્લાના પ્રવાસ દરમિયાન પવિત્ર સાળંગપુર ધામ ખાતે શ્રી કષ્ટભંજન દેવના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. મંદિર ખાતે પહોંચેલા જગદીશભાઈ વિશ્વકર્માએ શ્રી કષ્ટભંજન દેવના ચરણોમાં શીશ ઝુકાવી સૌ નાગરિકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.સાળંગપુર ધામે દર્શન દરમિયાન તેમણે હનુમાનજી મહારાજના આશીર્વાદ મેળવી રાજ્ય અને દેશના નાગરિકોના કલ્યાણની કામના કરી હતી.

આ પવિત્ર પ્રસંગે મંદિર પરિસરમાં ભક્તિભાવ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.બોટાદ જિલ્લાના પ્રવાસ દરમિયાન પ્રદેશ અધ્યક્ષે ધાર્મિક આસ્થાના કેન્દ્ર એવા સાળંગપુર ધામની મુલાકાત લઈને શ્રી કષ્ટભંજન દેવના આશીર્વાદ મેળવ્યા હતા.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ડેટા એન્ટ્રી ઓપરેટરનું સંપાદન**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૫ (ઈએલ) તારીખ : ૧૯.૦૮.૨૦૨૬**

**(i) કામનું નામ:** રાજકોટ ડિવિઝન: હાપા, ઓખા અને રાજકોટ ડેપો માટે ૨ વર્ષ માટે ડેટા એન્ટ્રી ઓપરેટર સંપાદિત કરવાનું કામ. **(ii) અંદાજિત પડતર:** ₹ ૪૫,૭૩,૦૮૯.૨૦/- **(iii) ઈએમડી પડતર:** ₹ ૯૧,૫૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા.૧૦-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in RJT-119

અમને ફોલો કરો: X x.com/WesternRly



નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં. ૯૭ /૨૦૨૬

શ્રી પંપાણીયા સાજણબેન મેણસીભાઈ
રહે, આજોઠા, મુ.તા.વેરાવળ જિ.ગીર સોમનાથ. ..........અરજદાર

**વિરુધ્ધ**

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી, આજોઠા, તા.વેરાવળ. ..........સામાવાળા

**બાબત:- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મજબ જન્મ નોંધનો હકમ થવા અંગે**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીએ તેઓનો જન્મ આજોઠા, તા.વેરાવળ મુકામે તા.૧૪/૧૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, આજોઠા, તા.વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે તો સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખિતમાં વાંધો રજુ કરવો લેખિતમાં વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો, આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૮ /૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

મામલતદાર અને
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વેરાવળ (ગ્રામ્ય)



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.** | **પ્રતિકાત્મક (Symbolic) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારે તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારે લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓનું ખાતુ એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિશ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના **રૂલ-૮(૧)** સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કત કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે **પ્રતિકાત્મક** (Symbolic) કબ્જો લીધેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતો સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર **તા.૨૭/૦૭/૨૦૨૬** થી ચડતા વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

| શાખાનું નામ તથા ખાતા નંબર | ખાતેદાર/જામીન/ડીરેક્ટર/ભાગીદારોના નામ તથા જો જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય તો કંઈ તારીખે અને કયાં અખબારમાં આપેલ છે તેની વિગત | ૧૩(૨) ની નોટીસ મુજબ બેંકની લેણી રકમ તથા નોટીસ તારીખ | પ્રતિકાત્મક (Symbolic) કબ્જા તારીખ | બાકી રકમ (૨૭/૦૭/૨૦૨૬ ના રોજ) |
|---|---|---|---|---|
| મવડી પ્લોટ ૦૧૮૦૮૫૬૦૦૦૦૨૩૧ (SEC-5349) | ખાતેદાર :- કોંઢીયા પ્રતિક યોગેશભાઈ જામીન :- ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ | રૂા.૪,૫૫,૦૮૯=૩૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૪,૪૯,૧૭૮=૩૦ |
| મવડી પ્લોટ ૦૧૮૦૮૫૬૦૦૦૦૨૩૩ (SEC-5350) | ખાતેદાર :- સરવૈયા દિક્ષા જગદીશભાઈ જામીન :- ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ | રૂા.૪,૫૫,૧૮૭=૩૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૪,૪૯,૨૮૦=૩૦ |
| મવડી પ્લોટ ૦૧૮૦૭૧૭૦૨૦૦૨૨૪૨ (SEC-5351) | ખાતેદાર :- રાવલ નિરાલી ફુલશંકર જામીન :- (૧) ભંભલાણી નરેશકુમાર લીલારામભાઈ (૨) સરવૈયા દિક્ષા જગદીશભાઈ | રૂા.૧૪,૯૮,૫૦૫=૬૦ (તા.૨૭/૦૪/૨૦૨૬ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૨૭/૦૫/૨૦૨૬ | ૧૯/૦૮/૨૦૨૬ | રૂા. ૧૫,૨૦,૧૩૬=૬૦ |

**તારણમાં આપેલ મિલ્કતનું ટુંકુ વર્ણન**

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, શહેર રાજકોટના સીટી સર્વે વોર્ડ નં. ૧૫, સીટી સર્વે નં. ૨૭૨૯, રેવન્યુ સર્વે નં.૪૩૩-૨ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળી જમીનના પ્લોટસ પૈકી સબ પ્લોટ નં. ૧૨૭-૫ પૈકી સબ પ્લોટ નં. ૩ પૈકીની જમીન ઉપર બાંધવામાં આવેલ "રાધા ચેમ્બર્સ" ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માંહેથી ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં. ૩ નો બીલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૧૪૧-૯, બરાબર ચો.મી.આ. ૧૩-૧૬ વાળી દુકાન જે રજીસ્ટર્ડ બીનઅવેજી રીલીઝ ડીડ અનુક્રમ નં. ૫૦૩૦, તા.૨૭/૦૮/૨૦૧૩ અને ૧૫ માં એડી. સીનીયર સીવીલ જજ રાજકોટના કોર્ટના વારસા સર્ટીફીકેટ સીવીલ મીસ. એપ્લીકેશન નં. ૩૫૩/૨૦૧૨, તા.૦૩/૧૨/૨૦૧૨ થી નરેશભાઈ લીલારામભાઈ ભંભલાણીના નામે છે તે મિલ્કત.
(૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૨૦-૦૮-૨૦૨૬, રાજકોટ | અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

## તંત્રી લેખ

# ગુજરાતમાં દારૂબંધીના કડક અમલમાં "ઉણપ": કઠોર વાસ્તવિકતા

ભાવનગરમાં બનેલી લઠ્ઠાકાંડની દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે અને મૃત્યુઆંક વધવાનો ભય હજુ પણ તોળાઈ રહ્યો છે. દારૂમાં ઝેરી કેમિકલ મેળવવાનું આ ઘાતક કારસ્તાન કદાચ અન્યત્ર પણ ચાલતું હશે, પરંતુ ગાંધી અને સરદારની ભૂમિ ગુજરાતમાં ''કાગળ પર સંપૂર્ણ દારૂબંધી'' અમલમાં છે. અહીં કાયદા મુજબ શરાબનું એક ટીપું પણ વેચાવું ન જોઈએ. તેમ છતાં, રોજ લાખો લીટર દેશી અને વિદેશી દારૂનું ગેરકાયદે ઉત્પાદન અને ખુલ્લેઆમ વેચાણ થાય છે અને વારંવાર આવા લઠ્ઠાકાંડ સર્જાય છે.

આ કરુણાંતિકા માટે માત્ર બુટલેગરો, દારૂ વેચનારાઓ કે પીનારાઓ એકલા જ જવાબદાર નથી. આ ભયાનક મોતના માતમ પાછળ દારૂબંધીના કડક અમલ માટે જવાબદાર આબકારી ખાતું (એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ) અને પોલીસતંત્રની મિલીભગત ખુલ્લી પડે છે. જ્યારે રક્ષકો જ ભક્ષક બને, ત્યારે કાયદાની કાગળ પરની સખતાઈ માત્ર મજાક બની જાય છે તેવો કાયદા પ્રિય વર્ગનો આક્ષેપ સાવ અસ્થાને તો નથી જ.

જો ગુજરાતમાં નિર્દોષ નાગરિકોના ભોગ અટકાવવા હોય, તો માત્ર દારૂબંધીનો ઢોંગ કરવાના બદલે તેના કડક અને ઈમાનદારીપૂર્વક અમલની તાતી જરૂર છે. ભ્રષ્ટ અધિકારીઓ સામે દાખલારૂપ કડક પગલાં લેવાશે અને પોલીસ અને બુટલેગરોનું નેટવર્ક નેસ્તનાબૂદ થશે, તો જ ગુજરાતમાં સાચા અર્થમાં દારૂબંધી સુરક્ષિત થઈ શકશે.

રાજ્યમાં જ્યારે મોટી માત્રામાં દારૂ પકડાય છે ત્યારે અને ઝેરી દારૂ પીવાથી સર્જાતા લઠ્ઠા કાંડ બાદ તંત્ર આરંભે સુરાની જેમ દારૂની પ્રવૃત્તિ પર ધોંસ બોલાવી દે, પણ પછી સ્મશાન વૈરાગ્ય ની જેમ બધું ભુલાઈ જાય છે દારૂબંધી વગરના રાજ્યોમાં નથી પીવા તો એટલો દારૂ ગુજરાતમાં બને છે અને પીવાઈ જાય છે, દારૂ પીનારા વર્ગમાં હવે મોટી ઉંમરના અને અસામાજિક વૃત્તિવાળા લોકો જ મર્યાદિત રહ્યા નથી હવે તો આ દૂષણ સમાજ ના તમામ વર્ગમાં પ્રસરી ચૂક્યું છે જૂના બંધાણી શરાબીઓ ની સંખ્યા ઘટવાના બદલે નવા શરાબીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે દારૂના દૂષણને નાથવા માટે કડક કાયદાની સાથે સાથે સામાજિક જાગૃતિ પણ અનિવાર્ય બની ચુકી છે.

# ફૂડ ડિલીવરી માટે પેટ્રોલના બદલે ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ કરો: હર્ષ સંઘવી

## સ્ટેટ્યૂ ઓફ યુનિટિથી લઈને કચ્છ સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે

**અબતક, રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-૨૦૨૬નો પ્રારંભ અમદાવાદમાં થયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે દેશના અર્થતંત્રમાં મજબૂત સહયોગ આપનાર ફૂડ સેક્ટરને ગંભીરતાથી લેવું રહ્યું. દેશના કુલ અર્થતંત્રમાં ફૂડ અને ફૂડ રિલેટેડ બિઝનેસ અંદાજે રૂ.૫.૬૯ લાખ કરોડનું યોગદાન આપે છે. આગામી સમયમાં આ યોગદાન રૂ.૭.૫ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આજે આ સેક્ટરમાં આશરે ૭૫ લાખ કરતાં વધારે લોકોને રોજગારી મળી રહી છે. આગામી સમયમાં એક કરોડથી વધુ લોકોને આ સેક્ટર દ્વારા રોજગાર



પ્રાપ્ત થવાનો અંદાજ છે.

નાયબ મુખ્યમંત્રીએ ફૂડ ડિલીવરી માટે પેટ્રોલને બદલે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે તો ફૂડ ડિલીવરીનો ખર્ચ કિલોમીટર દીઠ રૂ.૨.૫ રૂપિયાને બદલે ૫૦ પૈસા જેટલો નીચો આવી શકે અને પર્યાવરણનું પણ રક્ષણ થઈ શકે, એવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ મોટાં શહેરો ઉપરાંત ગુજરાતમાં સ્ટેટ્યૂ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ, ધરોઈ ડેમ, કચ્છનું સફેદ રણ, ગીર વગેરે સ્થળોએ પણ પોતાનો ફૂડ બિઝનેસ શરૂ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પ્રવાસન સ્થળોએ અમે માળખાકીય સુવિધા અને અન્ય સગવડો કરી આપીશું, તમે સારા આઈડિયા સાથે આવો તો રાજ્ય સરકાર તમને તમામ સહયોગ આપવા તૈયાર છે. તમારે કેપેક્સનું જોખમ લેવાનું નથી. ઓપેક્સ તમારી રીતે કરો. ગુજરાત રોકાણની સામે સારું વળતર આપતું રાજ્ય છે. સ્ટેટ્યૂ ઓફ યુનિટીથી લઈને કચ્છ-ગીર સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે.

સંઘવીએ ફૂડ ડિલીવરી સમિટ પ્રકારના વાર્ષિક ઉત્સવો-બેઠકો ગુજરાતમાં જ યોજવા માટે પણ અનુરોધ કરીને તમામ સરકાર તરફથી તમામ સહયોગ મળી રહેશે, એવું જણાવ્યું હતું.

# કાલાવડ: માર્કેટીંગ દ્વારા ચાર ખેડૂત ખાતેદારોના વારસદારોને રૂ. ૩-૩ લાખની સહાય અર્પણ

**અબતક રાજુ રામોવિયા, કાલાવડ**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કાલાવડ દ્વારા અકસ્માતમાં મૃત્યુ પામેલા ખેડૂત ખાતેદારોના વારસદારોને અકસ્માત વીમા પોલિસી અંતર્ગત રૂ. ૩ લાખની સહાય આપવામાં આવી હતી. તા. ૧૮-૦૮-૨૦૨૬ના રોજ બજાર સમિતિના ચેરમેન મૌલિકભાઈ નથવાણી તથા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા કાલાવડ તાલુકાના ચાર ખેડૂત પરિવારોને આ સહાય અર્પણ કરવામાં આવી હતી.



અકસ્મિક રીતે મૃત્યુ પામેલા ખેડૂત ખાતેદારોમાં ચાપરા ગામના ટોયટા વાલજીભાઈ ગાંડલાલાલના વારસદાર મીનાક્ષીબેન ટોયટા, ખીમાણી સણોસરા ગામના અનિરૂદ્ધસિંહ ફત્તેસિંહ જાડેજાના વારસદાર મનહરબા જાડેજા, મુળીલા ગામના હીરાભાઈ ખીમાભાઈ સોમૈયાના વારસદાર મુળીબેન સોમૈયા તથા મોટી વાવડી ગામના નોતિયાર સાદીકભાઈ હબીબભાઈના વારસદાર તસ્લીમબેન નોતિયારનો સમાવેશ થાય છે.

બજાર સમિતિ દ્વારા દરેક ખેડૂત પરિવારના વારસદારને રૂ. ૩ લાખ મુજબ કુલ રૂ. ૧૨ લાખની સહાય આપવામાં આવી હતી. ખેડૂત પરિવારના આર્થિક સંકટના સમયે સહાયરૂપ થવાના હેતુથી બજાર સમિતિ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીને આવકારવામાં આવી છે.

# ધોરાજી નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી રાજુભાઈ બાબરીયાનો જન્મદિવસ

ધોરાજી નગરપાલિકામાં પોતાની ફરજ દરમિયાન નિષ્ઠાપૂર્વક અને સેવાભાવી ભાવનાથી કામગીરી કરનાર નિવૃત્ત કર્મચારી રાજુભાઈ બાબરીયાનો આજે જન્મદિવસ છે.



આ પ્રસંગે રાજુભાઈ બાબરીયાને પરિવારજનો, મિત્રો તથા શુભેચ્છકો દ્વારા જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ઈશ્વર તેમને સદાય સ્વસ્થ, સુખી અને દીર્ઘાયુ જીવન અર્પે તેમજ જીવનનો આવનારો સમય આનંદ અને ખુશીઓથી ભરપૂર રહે તેવી સૌએ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# તાલાલા : બોરવાવ ખાતે લેઉવા પટેલ યુવા સંગઠનની બેઠકમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિ

## સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન માટે સંગઠનાત્મક આયોન વિશે ચર્ચા કરાઈ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

તાલાળા તાલુકા લેવા પટેલ યુવા સંગઠનની એક મહત્વપૂર્ણ અને વિશેષ બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ મીટીંગમાં સમગ્ર તાલુકામાંથી લેવા પટેલ સમાજના જ્ઞાતિબંધુઓ અને ઉત્સાહી યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

યુવા શક્તિને એક મંચ પર લાવી સંગઠનને પાયામાંથી વધુ મજબૂત બનાવવું. હાલના સમયમાં જમીન બાબતે ચાલી રહેલા નાના મતભેદો ને કાયદાકીય સ્વરૂપ આપી કબજો મેળવી લેવાની વગદાર



લોકોની માનસિકતા થી સતર્ક થવાનો સમય છે જેવા મુખ્ય મુદ્દા ને લઈ ચર્ચાઓ કરવામાં આવી સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન માટે સંગઠનાત્મક આયોજનની રૂપરેખા તૈયાર કરવી. ભવિષ્યના સેવાકીય કાર્યો અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

મીટીંગમાં ઉપસ્થિત તમામ વડીલો તેમજ યુવા સાથીઓએ પોતાના મૂલ્યવાન વિચારો અને સૂચનો રજૂ કર્યા હતા. સંગઠનને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે દરેક સભ્યએ ખભે ખભા મિલાવીને કાર્ય કરવાનો સંકલ્પ લીધો. યુવા સંગઠનની આ પહેલને તાલુકા ભરના દરેક સમાજના સંગઠનો દ્વારા લેખિતમાં સહકાર આપવાના લેટર દ્વારા સપોર્ટ પણ આપવામાં આવ્યો ત્યારે તેમનો પણ યુવા સંગઠન હૃદય થી આભાર વ્યક્ત કરાયો.

# ધોરાજી સરકારી હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાતની માંગને લઈ જનજાગૃતિ અભિયાન



**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજી સરકારી હોસ્પિટલમાં બાળકોના આરોગ્ય માટે બાળરોગ નિષ્ણાતની તાત્કાલિક નિમણૂકની માંગ સાથે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો, નાગરિકો અને સામાજિક કાર્યકરો દ્વારા બાળકોના આરોગ્ય માટે બાળરોગ નિષ્ણાતની તાત્કાલિક નિમણૂકની માંગ માટે અવાજ ઉઠાવવામાં આવ્યો,કાર્યક્રમ દરમિયાન જનજાગૃતિ અભિયાન સાથે પ્રતીકાત્મક ખાલી ડોક્ટરની ખુરશી અને ખાલી ઘોડિયું અભિયાન યોજાયો.''હોસ્પિટલ છે, સુવિધા છે પણ બાળકોનો ડોક્ટર ક્યાં છે?ના સવાલ સાથે બાળરોગ નિષ્ણાતની તાત્કાલિક નિમણૂકની માંગ કરવામાં આવી.

# ઉપલેટાના વિશ્વનાથ મહાદેવ મંદિરે ભોળાનાથને રીઝવવા ભક્તોની ભીડ



તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટાના જીરાયા પ્લોટમાં આવેલ વિશ્વનાથ મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી રહી છે.

મંડપ રોડ જીરાયા પ્લોટમાં બિરાજતા વિશ્વનાથ મહાદેવનું લિંગ જાંબુવન ગુફા જતા પાંડવોએ પૂજા કરી હતી તે સ્થળનું આ શિવલિંગ જૂની પેઢીના વયોવૃધ્ધ ભૂદેવ લખુબાપા આ શિવલિંગ વિધી મંત્રોચ્ચારો કરી ઉપલેટા વલ્લભ વિદ્યાલય પ્રાથમિક શાળામાં સર્વ પ્રથમ શિવના પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી ત્યારબાદ આ મંદિરનું જીર્ણોધ્ધાર કરવાનું થતા ત્યાંથી વિદ્વાન બ્રાહ્મણે અને વિદ્વાન શાસ્ત્રીઓ પૂજન-અર્ચન બાદ જીરાયા પ્લોટમાં આવેલ. મંડપ રોડ ઉપર વિશ્વનાથ મહાદેવનું પૂજા જીર્ણોધ્ધાર કરી પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. પવિત્ર શ્રાવણ માસમાં વહેલી સવારથી મંદિરમાં ભક્તોની ભીડ હોય છે.

# એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તારીખ ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉત્સાહભેર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ કાલરીયા દ્વારા આજ્ઞા આપીને રેલીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડો. અલ્કેશ વાછાણીના અધ્યક્ક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના




સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને ''હર ઘર તિરંગા'' અભિયાન વિશે જાગૃતિ ફેલાવવાનો હતો, જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોથી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# વડિયામાં ઝુંપડપટ્ટી વસવાટ નજીક ગાયનું મારણ કરી મિજબાની માણી

## ચાર સિંહોના આગમનથી માલધારીઓ, ખેડુતો અને લોકોમા ભયનો માહોલ

**અબતક,માહિરુ સુમરા, વડિયા**

અમરેલી જિલ્લામાં સિહોનો વસવાટ દિન પ્રતિદિન વધતો જાય છે. છેલ્લા થોડા સમયથી સિંહોના વધતા માનવ પર ના હુમલાઓ એ લોકોએ ચિંતિત કર્યા છે. અમરેલી જિલ્લાના છેવાડા ના તાલુકા મથક એવા વડિયા અને આસપાસના વિસ્તાર માં ઘણા સમયથી સિંહોનો નવો વસવાટ સ્થાપીત થતો જોવા મળ્યો છે. હાલ ફરી ચાર સિંહોનું આગમન વડિયામાં થતુ જોવા મળ્યું છે. ગત રાત્રીએ વડિયા થી ઢૂંઢિયા પીપળીયા તરફ જવાના રસ્તે ગામના પાદર માં સુરવો નદી કિનારે આવેલાં માલધારીઓના વાડા માં એક ગાયનું સમી સાંજે મારણ કર્યું હતુ. માલધારીઓને ખ્યાલ આવતા પશુઓની રક્ષા કાજે સિંહોને તાગેડ્યા હતા ત્યાર બાદ અમરેલી રોડ પર સંપ ની બાજુમાં એક ગાયનુ મારણ કરી મિજબાની માણી હતી. આ મારણ જે જગ્યાએ થયુ હતુ તેની તદ્દન નજીક ઝૂંપડપટ્ટી વિસ્તાર માં માનવ વસવાટ છે તે લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# જૂનાગઢ : પોલીસ ટ્રેનીંગ સ્કૂલમાં અભ્યાસ કરતી બહેનોની રાખડી ભાઈ સુધી વિનામુલ્યે પહોંચાડશે નંદન કુરિયર

**અબતક, રાજકોટ**

પોલીસ ટ્રેનિંગ સ્કૂલ જૂનાગઢમાં તાલીમ અને અભ્યાસ કરતી એવી બહેનો, જેમના ભાઈ ફરજ, અભ્યાસ, નોકરી અથવા અન્ય કારણસર દૂર રહેતા હોય અને રક્ષાબંધનના દિવસે તેઓ પોતાના ભાઈ પાસે જઈ શકે તેમ ન હોય, તેમની લાગણીને તેમના ભાઈ સુધી પહોંચાડવા માટે નંદન કુરિયર લિમિટેડ તેમની રાખડી વિનામૂલ્યે તેમના ભાઈના સરનામે પહોંચાડશે.

નંદન કુરિયર લિમિટેડ દ્વારા પોલીસ ટ્રેનિંગ સ્કૂલ જૂનાગઢમાં અભ્યાસ કરતી બહેનો પાસેથી રાખડી સ્વીકારી તેને તેમના ભાઈઓ સુધી કોઈપણ કુરિયર ચાર્જ લીધા વિના પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. કંપની દ્વારા જણાવાયું કે સામાજિક જવાબદારીના ભાગરૂપે ભવિષ્યમાં પણ આવા સેવાકીય અને સમાજોપયોગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

# રાણપુર : ગુરૂ રોહીદાસ મહારાજની જન્મ જયંતિ નિમિત્તે કળશ વિતરણ કાર્યક્રમ



**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુરુ રોહીદાસ મહારાજ ની ૬૫૦ મી જન્મ જયંતી નિમિત્તે બોટાદ જીલ્લાના રાણપુર ખાતે ભારતીય જનતા પાર્ટી શહેર મંડળ દ્વારા કળશ વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાં રાણપુર શહેર પ્રમુખ મનસુખભાઈ મેર,મહામંત્રી નરેશ જાંબુકિયા,અરુણભાઈ, સંગઠન મંત્રી જાહીરભાઈ પાયક, જેશાભાઈ સભાડ તથા એપીએમસીના ડિરેક્ટર ઈકબાલભાઈ પાયક(લક્કડભાઈ) તથા ભારતીય જનતા પાર્ટીના બોટાદ જિલ્લાના સંયોજક પ્રકાશભાઈ મકવાણા તથા તાલુકા પંચાયતના સદસ્યો કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સાળંગપુરમાં પીજીવીસીએલ દ્વારા પ્રથમ આર.એમ.યુ. સ્થાપિત કરાયું

## આર.એમ.યુ. સિસ્ટમ વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ઝડપી પુનઃ સ્થાપનની ક્ષમતામાં વધારો કરશે

**અબતક, વિપુલ લુહાર, બોટાદ**


બોટાદ જિલ્લાના વિશ્વ પ્રસિદ્ધ સાળંગપુર ખાતે પીજીવીસીએલ દ્વારા બોટાદ જિલ્લાનું પ્રથમ આરએમયુ (રિંગ મેઈન યુનિટ) સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવ્યું છે. આનાથી પ્રસિદ્ધ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર અને બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જેવા ધાર્મિક સ્થળોએ વીજ પુરવઠો વધુ વિશ્વસનીય બનશે.આ આરએમયુ સ્થાપિત કરવાનો મુખ્ય હેતુ સાળંગપુરધામમાં વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ગુણવત્તામાં સુધારો કરવાનો છે. અહીં વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોવાથી અવિરત વીજળી અત્યંત જરૂરી છે.



આરએમયુ સિસ્ટમ વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ઝડપી પુનઃસ્થાપનની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. જો કોઈ એક ફીડરમાં ખામી સર્જાય, તો RMUની મદદથી વૈકલ્પિક ફીડર દ્વારા આશરે ૧ થી ૨ મિનિટમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી શકાશે.આ કામગીરી કષ્ટભંજન દેવ સાળંગપુરધામના કોઠારી વિવેકસાગર સ્વામીજી અને ડી કે સ્વામીજી, તેમજ બીએપીએસના બાપુ સ્વામીજી અને યોગી સંકલ્પ સ્વામીના આશીર્વાદ સાથે પૂર્ણ થઈ છે.આ મહત્વપૂર્ણ કામગીરી ભાવનગર ઝોનલ કચેરીના મુખ્ય ઈજનેર એલ. કે. પરમાર, અધિક્ષક ઈજનેર કે. ડી. નિનામા, કાર્યપાલક ઈજનેર પી. જી. કણજારીયા અને બરવાળા ટીમની મહેનત અને માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે.સાળંગપુર ખાતે સ્થાપિત આ આરએમયુ ખાસ કરીને તહેવારો, રજાઓ અને વિશેષ પ્રસંગોએ મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓને અવિરત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવામાં મદદરૂપ થશે.

# જસદણની સરકારી હોસ્પિટલમાં ટૂંકા ગાળામાં હજારો દર્દીઓની સારવાર

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**




જસદણ સરકારી હોસ્પિટલમાં એક સમય એવો હતો જ્યારે કોઈ દર્દીઓ સારવાર માટે જાય તો દવા ડોક્ટરોના અભાવે રાજકોટ રિફર કરવામાં આવતાં પરંતુ રાજ્યના આરોગ્ય વિભાગે અત્રેની હોસ્પિટલમાં પુરતા ડોક્ટરો અને દવાઓ અને સ્ટાફની નિમણૂંક કરતાં દર્દીઓ તાલુકા બહારથી આવતાં થયા છે અને સારવાર મેળવી રાહત અનુભવી રહ્યાં છે તેમનો સઘળો યશ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને સ્થાનિક અધિક્ષક અને તમામ સ્ટાફને જાય છે છેલ્લાં ૨૦ દિવસની સરકારી હોસ્પિટલની કામગીરી પર નજર નાખીએ તો આ હોસ્પિટલમાં ૯૨ પ્રસુતિ ૬૭૭૩ ઓપીડી ૧૦૬૩ દાખલ ૯૩૩૯ લેબ ટેસ્ટ ૪૨૩ એક્સ રે ૯૯ ડાયાલિસિસ ૨૧ બ્લડ ટ્રાન્સફર ૧૧૩ આર્યન સુકોન ૮૨૬ ઈમરજન્સી સારવાર આ હોસ્પિટલમાં દર્દીઓએ મેળવી રાહત અનુભવી છે.

# બળધોઈનો યુવાન નાણાં ત્રણ ગણા કરવા જતાં વ્યાજના અજગરી ભરડામાં ફસાયો

## બાબરાના સંજય ઠુંમરે પૈસા ત્રણ ગણા કરી દેવાની લાલચ આપતાં યુવકે ચાર શખ્સો પાસેથી કમ્મરતોડ વ્યાજે નાણાં લઈ રોકાણ અર્થે આપ્યા

## ઠગ સંજયે એક પણ રૂપિયો પરત નહિ આપતાં યુવાન ફસાયો બીજી બાજુ વ્યાજખોરોએ પૈસાની ઉઘરાણી શરૂ કરી

**અબતક, રાજકોટ**

જસદણના બળધોઈ ગામે રહેતો યુવાન રોકાણ કરી નાણાં ત્રણ ગણા કરવા જતાં છેતરાયો હતો. બાબરાના સંજય ઠુંમરે યુવાનને નાણાં ત્રણ ગણા કરી દેવાનું કહી પૈસાનું રોકાણ કરવા જણાવ્યું હતું. જેથી યુવાને ચાર શખ્સો પાસેથી કમ્મરતોડ વ્યાજે રૂ. ૩.૨૫ લાખ મેળવી રોકાણ અર્થે સંજય ઠુંમરને રૂ. ૩.૫૦ લાખ આપ્યા હતા. બાદ સંજય ઠુંમરે એક પણ રૂપિયો નહિ ચૂકવી યુવાન સાથે છેતરપિંડી આચરી હતી. બીજી બાજુ વ્યાજખોરોએ પૈસાની પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. વ્યાજખોરોના ત્રાસથી કંટાળી યુવાને વતનથી હીજરત કરવાની ફરજ પડી હતી. તેમ છતાં વ્યાજખોરોએ ઘરે જઈ પૈસાની પઠાણી ઉઘરાણી કરી યુવાન અને તેના આખા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપતાં અંતે યુવાને જસદણ પોલીસ મથકે પાંચ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જસદણના બળધોઈ ગામે રહેતા ભાર્ગવદાસ શીવરામ ગોંડલીયા (ઉવ.૩૦)એ નોંધાવેલી ફરિયાદમાં સંજય ધીરુભાઈ ઠુંમર (રહે.રાયપર, બાબરા, અમરેલી), નાનજી પોલાભાઈ પરમાર (રહે.દેવળીયા, ભાડવા), કિશન શિલદાસ ગોંડલીયા (રહે. ગઢડીયા જસ, જસદણ), રવિદાસ પ્રવિણદાસ હરિયાણી (રહે. ભાડલા, વેરાવળ) અને કમલેશ જાની (રહે. જસદણ)નું નામ આપતાં જસદણ પોલીસે મની લેન્ડ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વર્ષ ૨૦૨૪ ઓગષ્ટ મહિનામા હુ જસદણ ખાતે ક્રિષ્ના કોમ્પલેક્સમા ગુરૂવંદના કોમ્પ્યુટર નામની દુકાનમા ફાયનાન્સનુ કામ કરતો હતો. ત્યા મારી મુલાકાત સંજયભાઈ ધીરૂભાઈ ઠુંમર સાથે થયેલ હતી. બાદ સંજય સાથે મારે રોજ મુલાકાત થતી હતી. બાદ સંજયે મને કહેલ કે, હુ એક કંપનીમા રોકાણ કરૂ છુ, જેમા મે રોકેલા નાણાથી ત્રણ ગણા નાણા મને દર મહિને મળે છે, જેથી તારે પણ વધારે રૂપીયા કમાવા હોય તો મને નાણા આપ હું તે નાણા કંપનીમા રોકીને તેને ત્રણ ગણા કરી આપીશ. વધુમાં કહેલ કે, તું મને અત્યારે ચાર લાખ આપ, હુ કંપનીમા ઈનવેસ્ટ કરી દર મહિને તને ત્રીસથી પાંત્રીસ હજાર રૂપીયા આપીશ અને થોડા સમય પછી તને તારા ચાર લાખ પણ પાછા આપી દઈશ અને નફો પણ કમાવી આપીશ તેમ લાલચ આપેલ હતી.

બાદ મારી પાસે રોકડમા એટલા રૂપીયા હાજર ન હોય અને ત્યારે હુ લોન દેવડાવવાનુ કામ કરતો હોય જેથી નાનજીભાઈ પોલાભાઈ પરમાર સાથે મરે ઓળખાણ થયેલ હતી. તેઓ જમીન લે-વેંચનું કામકાજ કરતા હતા. મને જાણવા મળેલ કે, નાનજીભાઈ રૂપીયા વ્યાજે આપવાનુ કામ કરે છે, જેથી મે નાનજીભાઈ પાસેથી રૂપીયા બે લાખ માસિક ૬% વ્યાજે લિધેલ હતા. બાદ ચાર લાખની મુડી ન થતી હોય જેથી મે મારા ઓળખીતા કિશનભાઈ શીલદાસ ગોંડલીયા પાસેથી રૂ. ૨૦,૦૦૦ વ્યાજે લિધેલ જેની વ્યાજની ટકાવારી મને ખબર નથી પણ દર મહિને મારે કિશનને રૂપીયા ૭,૦૦૦ દેવાનુ નક્કી થયેલ. બાદ હજુ રૂપીયા ઘટતા મે રવીદાસ પ્રવિણદાસ હરીયાણી પાસેથી રૂ. ૫૫ હજાર વ્યાજે લિધેલ જેની સામે દર મહિને રૂ.૭,૦૦૦ દેવાનુ નક્કી થયેલ. બાદ હુ લોનનુ કામ કરતો તે કામ સબબ મારી મુલાકાત જસદણ ખાતે રહેતા કમલેશભાઈ જાની સાથે થયેલ હતી. જેની પાસેથી મે રૂ. ૫૦ હજાર માસિક ૨૦ હજાર વ્યાજ ચૂકવવાની શરતે લીધા હતા.

યુવાને જણાવ્યું હતું કે, મે રૂ. ૩.૨૫ લાખ વ્યાજે લઈ એકત્રિત કર્યા હતા જેમાં રૂ. ૨૫ હજાર નાખી રૂ. ૩.૫૦ લાખ જસદણ નવા બસ-સ્ટેન્ડ ખાતે સંજયભાઈ ધીરૂભાઈ ઠુંમરને રોકડા આપેલ હતા. બાદ હું તમામ શખ્સોને સમયસર વ્યાજ ચૂકવતો હતો. એક મહિનો પુરો થતા મે સંજયને નફાના રૂપીયા બાબતે પુછતા તેણે કહેલ કે, હજુ પ્રોફીટ આવેલ નથી એટલે એકાદ મહિનાની વાર લાગશે. બીજો મહિનો પુરો થતા સંજય પાસે મે રૂપીયા માગતા તેણે થોડા સમયમા આવી જશે તેમ વાયદો આપેલ હતો. વધુ બે મહિના સંજયે ફક્ત વાયદાઓ જ આપ્યા હતા. બીજી બાજુ વ્યાજખોરો મારી પાસે પૈસાની ઉઘરાણી કરવા લાગેલ હતા. દરમિયાન સંજયે મને નફા પેટે એક પણ રૂપિયો નહિ આપતાં મે કહેલ કે, મારા રોકાણના ૩.૫૦ લાખ મને પરત આપી દે, મારે વધારે રૂપીયા નથી કમાવા. ત્યારે સંજયે મને ફરીથી વાયદો આપેલ કે, તમને આવતા મહિને તમારા રોકાણના પુરા રૂપીયા પરત આપી દઈશ. પરંતુ સંજયે મને પૈસા પરત આપેલ હતા. દરમ્યાન નાનજીભાઈ પરમારને મે રૂપીયા ૧૨,૦૦૦ લેખે ૧૮ મહિના સુધી રૂ. ૨.૧૬ લાખ, કિશનભાઈ શીલદાસ ગોંડલીયાને રૂ. ૭,૦૦૦ લેખે ૭ મહિના સુધી રૂ. ૪૯ હજાર, રવીદાસ પ્રવિણદાસ હરીયાણીને રૂ. ૭ હજાર લેખે નવ મહિનામાં રૂ. ૬૩ હજાર, કમલેશભાઈ જાનીને રૂ. ૨૦ હજાર લેખે આઠ મહિના સુધી રૂ. ૧.૬૦ લાખ વ્યાજ પેટે ચુકવણી કરી હતી.

જે બાદ પૈસાની ઉઘરાણી કરી કમલેશ જાનીએ મને જાનથી મારી નાખવાની ધમકી આપી મારી પાસેથી મારા બેંક એકાઉન્ટના બે કોરા ચેક પડાવી લીધેલ હતા. બાદ ચારેય શખ્સો પૈસાની સતત ઉઘરાણી કરતા હતા. ચારેય શખ્સો મારા કામની જગ્યાએ આવી બેસી જતા અને મને ફોન કરી ગાળો આપી અવાર નાવર જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. મારી પાસે વ્યાજ ભરવાના રૂપીયા ન હોય જેથી આ લોકો મને જ્યા ભેગા થાય ત્યા મારી પાસેથી બળજબરી પુર્વક મારા ખિસ્સામાંથી વ્યાજના રૂપીયા પડાવી લેતા હતા અને હું કઈ કરી શકતો ન હતો. હું ખુબ જ ડરી ગયો હતો. તેમજ આ લોકો મને કહેતા કે જીવવું હોય તો સમયસર વ્યાજ આપવુ પડશે નહીતર તને કે તારા પરીવારને જાનથી મારી નાખીશું તેમ કહી બળજબરીપુર્વક વ્યાજના રૂપીયા પડાવી લેતા હતા.

વ્યાજખોરોની ધમકીથી કંટાળી યુવાનને વતનથી હીજરત કરવાની ફરજ પડી હતી. તેમ છતાં વ્યાજખોરો મારા પિતાને ફોન કરી વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હતા અને ચેક બાઉન્સ કરવાની ધમકી આપી મને તથા મારા પરીવારના તમામ સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. મારા ઘરે જઈને વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હતા તેમજ કમલેશભાઈ જાનીએ મારા ચેકમાં માતબર રકમ ભરી બાઉન્સ કરાવેલ હતો. અંતે યુવાને કંટાળી ચારેય વ્યાજખોર અને ઠગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## વ્યાજંકવાદીઓએ પઠાણી ઉઘરાણી કરી આખા પરીવારને મારી નાખવાની ધમકી આપતાં યુવાને વતનથી હીજરત કરવાની ફરજ પડી: પાંચ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયો

# પારડીમાં યુવાનને ત્રિપુટીએ કડા વડે ફટકારી માથું ફોડી નાખ્યું

## માસીયાઈ ભાઈ સાથે થયેલી બોલાચાલીની સમજાવટ કરવા જતાં યુવક પીટાયો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શાપર નજીક પારડી ગામે રહેતા યુવાનને ત્રણ શખ્સોએ કડા વડે ફટકારી માથું ફોડી નાખ્યું હતું. યુવાનના માસીયાઈ ભાઈને આરોપીઓ સાથે ઝઘડો થયો હોય યુવાન સમજાવવા જતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો.

પારડી ગામે શીતળા માતાજીના મંદિર પાછળ રામપાર્ક પાસે રાધેશ્યામ સોસાયટી શેરી નંબર ત્રણમાં રહેતા મૂળ યુપીના વતની રાજ ઓમ પ્રકાશ નિશાદભાઈ ખારવા (ઉ.વ.૨૧) નામના યુવાને શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજુ દેવેન્દ્ર પાસવાન, ભોલુ અને નિખિલના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ સાંજના સાડા છેક વાગ્યા આસપાસ તે ઘરે હતો ત્યારે તેના માસીયાઈ ભાઈ દિવ્યાંશ નિસાદનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, કિસાન ગેટની અંદર ભાગ્યલક્ષ્મી મોબાઈલની દુકાન પાસે રોડ ઉપર મારે રાજુ દેવેન્દ્ર પાસવાન તથા ભોલુ અને નિખિલ સાથે મેળાની ભીડમાં ધકાધકીમાં ચાલવા બાબતે બોલાચાલી થઈ છે તેમ વાત કરતા યુવાન અહીં ગયો હતો જ્યાં આ ત્રણેય આરોપીઓ હાજર હોય અને આ ત્રણેય શખસો યુવાનના ભાઈ દિવ્યાંશ સાથે ગાળા ગાળી કરતા હોય જેથી યુવાને ગાળો બોલવાની ના પાડી હતી. દરમિયાન રાજુ પાસવાને હાથમાં પહેરેલું કડુ યુવાનને માથાના ભાગે મારી દીધું હતું અને ત્યારબાદ ત્રણ ધા માર્યા હતા. જેથી યુવાનને માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. અહીં લોકો એકત્ર થઈ જતા આ ત્રણેય શખસો અહીંથી જતા રહ્યા હતા બાદમાં યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા તેને માથાના ભાગે પાંચ ટકા આવ્યા હતા. ત્યારબાદ તેણે આ અંગે આ ત્રણેય શખસો વિરુદ્ધ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ રેન્જ આઈજી ટીમે દારૂના બે ગુનામાં ફરાર ત્રણ શખ્સોને દબોચ્યા

## સાયલા પોલીસ મથકમાં નોંધાયેલા દોઢ કરોડના દારૂના ગુનામાં દોઢ વર્ષથી ભૂગર્ભમાં ઉતરી ગયેલી બેલડીને મુળી બાયપાસ પરથી દબોચાઈ : એક વર્ષ જુના ગુનામાં નાસતો ફરતો વનરાજ ધાધલની પણ ધરપકડ



**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જ આઈજી ટીમે સાયલા પોલીસ મથકમાં નોંધાયેલા દારૂના અલગ અલગ બે ગુનામાં ફરાર ત્રણ દારૂના ધંધાર્થીઓની ધરપકડ કરી હતી.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લામાં તેમજ અન્ય જિલ્લાઓમાં ગુનો આચરી ભૂગર્ભમાં ઉતરી ગયેલા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી ટીમના પીઆઇ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી એન મોરી, બી સી મિયાત્રા અને સી એમ કાંટેલિયાની ટીમો એનાલિસિસના આધારે વર્કઆઉટમાં હતી. દરમિયાન ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ ચુડાસમા, ફતેસંગભાઈ પરમાર તથા દિલીપસિંહ સિંધવને મળેલી હકીકતના આધારે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દોઢ કરોડથી વધુના દારૂના ગુનામાં ફરાર આરોપી કનુ સાર્દુળભાઈ કરપડા (રહે ઉમરાળા, મુળી, સુરેન્દ્રનગર) અને દિલીપ બાબુભાઈ ધાધલ (રહે. નાની મોલડી, ચોટીલા, સુરેન્દ્રનગર)ને મુળી બાયપાસ પાસેથી પકડી પાડી સાયલા પોલીસના હવાલે કર્યા હતા.

જ્યારે રેન્જ આઈજી ટીમે સાયલા પોલીસ મથકમાં જ નોંધાયેલા દારૂના અન્ય એક ગુનામાં ફરાર આરોપી વનરાજ પીઠુભાઈ ગીડા (રહે. મફતિયાપરા, થાનગઢ, સુરેન્દ્રનગર)ને સાયલા-મુળી બાયપાસ પાસેથી હસ્તગત કરી સાયલા પોલીસના હવાલે કર્યો હતો.

# સુરેન્દ્રનગર પીજીવીસીએલ દ્વારા એક સપ્તાહમાં ૫૧૨ કનેકશનમાંથી વીજ ચોરી ઝડપાઈ

## ૫૨ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધર્યું રૂ.૨.૬૨ કરોડનો દંડ ફટકારવામા આવ્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર પીજીવીસીએલ તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડિયામાં અલગ અલગ ગામોમાં કુલ ૫૨ ટીમો, ૧૬ જીયુવીએનએલ પોલીસ, ૧૨ એસઆરપી અને ૧૫ સ્થાનિક પોલીસ તેમજ ૦૫ વીડિયોગ્રાફરને સાથે રાખી અણીયાળી, ભડવાણા, દેવસર, ગુંદીયાળા, ટુવા, ખાખરાળી, રાજાવાડ, વરસાણી, વઢવાણ, આણંદપર, લીંબડી, સાયલા, અંકેવાળીયા, સાયલા, ધ્રાંગધ્રા, ગાળા, ખાાંભડા, નારીચાણા, રાજગઢ, પીપળી, જૈનાબાદ, દસાડા, બજાણા, અહેમદગઢ, ચોટીલા, દાણાવાડા, જોરાવરનગર, દિગસર, કળમાદ, કુંતલપુર,લખતર, ડોળીયા, હડાળા, લક્ષ્મીસર, મોટા ભાડલા, નાગડકા, શિયાણી, ઉમેદપર, ઊંટડી સહિતના ગામોમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રહેણાંકના કુલ ૩૧૩૦, કોમર્શિયલ ૧૩૧ અને ખેતીવાડીના ૧૦ સહિત કૂલ ૩૨૯૧ વીજ કનેક્શનોનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. જે પૈકી કૂલ ૫૧૨ વીજ કનેકશનોમાં વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. જે તમામ વીજ ચોરી બદલ કુલ રૂ.૨.૬૨ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# બાબરામાં પેટ્રોલપંપ નજીક યુવકને માર મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા

## સ્થાનિક પોલીસે ૯ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

**અબતક, મૌલિક તેરૈયા,બાબરા**

બાબરા શહેરમાં ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર પેટ્રોલપંપ નજીક યુવક સામે મારામારી, લાકડી વડે હુમલો તથા જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો બોલી ધમકી આપ્યાની ફરિયાદ બાબરા પોલીસ મથકે નોંધાઈ છે.ફરિયાદ મુજબ તા. ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના સાંજના આશરે ૫:૩૦ વાગ્યાના અરસામાં ફરિયાદી ભાવેશભાઈ ગોબરભાઈ દાફડા પોતાના મિત્રો સાથે હાઈવે પરનાં પેટ્રોલપંપ નજીક હાજર હતા. તે દરમિયાન આરોપીઓ ત્યાં આવી ફરિયાદીને લાકડાના પાઈપ વડે હુમલો કર્યો હતો. આરોપીઓ ફરિયાદીને પકડી રાખી માર માર્યો હતો આ દરમિયાન ફરિયાદી સાથે જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વાહનથી નુકસાન પહોંચાડવાની ધમકી આપ્યાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. બાબરા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદના આધારે ચાર વ્યક્તિ અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. આગળ ની તપાસ બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.આર.પરમાર ચલાવી રહ્યા છે.

# બાબરાના થોરપાણ ગામે ૧૯ લીટર દારૂ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, મૌલિક તેરૈયા, બાબરા**

પોલીસને મળેલી બાતમીના આધારે થોરપાણ ગામે જીવાપર રોડ વિસ્તારમાં રહેતા શાયરભાઈ કેશુભાઈ ચારોલીયા (ઉં.વ. ૩૦), રહે. થોરપાણ, જીવાપર રોડ, તા. બાબરા, જિ. અમરેલી પોતાના રહેણાંક મકાનમાંથી દેશી દારૂ રાખી તેનું વેચાણ કરતો હોવાની બાતમી પોલીસને મળતા દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન કુલ ૧૯ લીટર દેશી પીવાનો દારૂ, જેની કિંમત રૂ. ૩,૮૦૦, તેમજ પ્લાસ્ટિક કેનની કિંમત રૂ. ૪૦, મળી કુલ રૂ. ૩,૮૪૦નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી શાયરભાઈ કેશુભાઈ ચારોલીયાને સ્થળ પરથી અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરી રાજેન્દ્રસિંહ વાઘેલા,જગદિશભાઈ રામાણી, વિજયભાઈ ચારડીયા દ્વારા કરવામાં આવી હતી.

# ગાંધીધામ: મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

## હત્યાની આશંકા સાથે પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના ભારતનગર વિસ્તારના સોનલનગરમાં મીનાક્ષી પરિહાર નામની મહિલાનો ૩થી ૪ દિવસ જૂનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળી આવતા ચકચાર મચી છે. મૃતક તનિષ્ક શોરૂમમાં નોકરી કરતી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

બનાવની જાણ થતાં ગાંધીધામ એ-ડિવિઝન પોલીસના પીએસઆઇ કે.એન. વાઢેર સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મહિલાનું મોત હત્યા છે કે અન્ય કોઈ કારણસર થયું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે.

# માંગરોળ પંથકમાં રિક્ષામાંથી ૨૭૧ કિલો સસ્તા અનાજનો જથ્થો ઝડપાયો

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

માંગરોળના આરેણા ગામ પાસે પુરવઠા વિભાગે દરોડો પાડી, ૨૨૫ કિલો ચોખા અને ૪૬ કિલો ઘઉં અને વાહન સહિતનો મુદ્દામાલ સીઝ કરી, એક ઈસમને પકડી પાડી, આ કાળાબજારી પાછળ કયા વેપારીઓ કે સસ્તા અનાજના સંચાલકોની સંડોવણી છે તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. માંગરોળ પંથકમાં રેશનિંગના અનાજની હેરાફેરી અને કાળાબજારી થતી હોવાની આશંકા વચ્ચે પુરવઠા વિભાગને મળેલ ચોક્કસ બાતમીના આધારે માણાવદરના નાયબ મામલતદાર અને તેમની ખાસ ટીમે આરેણા ગામ નજીક વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ રિક્ષાને અટકાવીને તલાશી લેતાં તેમાંથી ૪૫ કિલો ઘઉં અને ૨૨૫ કિલો ચોખા મળી કુલ ૨૭૧ કિલો સસ્તા અનાજનો જથ્થો મળી આવતા, પુરવઠા ટીમે અનાજ ભરેલી રિક્ષા સહિત અંદાજે કુલ દોઢ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# વિદેશી દારૂ સાથે પિયુષ બાંભણિયા ઝડપાયો

**અબતક, ઉના**

ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ પી.પી. બાંભણિયા અને પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ દુદાભાઈ ચૌહાણ તડ ચેક પોસ્ટ આગળ દીવ તરફથી આવતા વાહનો ચેક કરતા હતા ત્યારે એક મોટર સાયકલ નંબર જીજે ૩૨ એએફ ૬૨૧૭ ઉપર આવતા ચાલક પિયુષ અશોકભાઈ બાંભણિયા રે. દેલવાડાને રોકી તપાસ કરતા મોટર સાયકલની ડેકીમાં છુપાવેલા પર પ્રાંતની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૬૩ રૂપિયા ૬૩૦૦/ અને મોટર સાયકલની કિંમત ૩૦૦૦૦/ મળી કુલ રૂપિયા ૩૬૩૦૦/ મુદામાલ સાથે પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમા ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# સુંદરપુરી પાસે ટીઆરબી જવાનને બેફામ બાઈકે અડફેટે લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સુંદરપુરી વિસ્તાર નજીક નંબર પ્લેટ વગરની અને ટ્રિપલ સવારીવાળી બાઈકે ટીઆરબી જવાનને જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્મતમાં ટીઆરબી જવાનને શરીરે નાની-મોટી ઈજાઓ થતાં સ્થાનિકો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત જવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે ઘટનાની નોંધ લઈ ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર બાઈકચાલક સામે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શહેર-ગ્રામ્યના ૧૫ સહીત રાજ્યના ૪૧૪ પોલીસ કર્મીઓની આંતરજિલ્લા બદલી

## કર્મચારીઓના વ્યક્તિગત અને પારિવારિક કારણોસર બદલીનો આદેશ જાહેર કરજી ડીજીપી મલિક

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ વિભાગમાં લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા પોલીસ કર્મચારીઓ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની મંજૂરી બાદ રાજ્યના વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કુલ ૪૧૪ પોલીસ કર્મચારીઓની આંતરજિલ્લા બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. આ બદલી પ્રક્રિયામાં ખાસ કરીને કર્મચારીઓની વ્યકિતગત અને કૌટુંબિક પરિસ્થિતિ, તેમજ પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તેવા કિસ્સાઓની રજૂઆતોને વિશેષ પ્રાધાન્ય આપીને નિર્ણય લેવાયો છે.

રાજ્યના અલગ અલગ શહેર અને જિલ્લામાં ફરજ બજાવતા ૪૧૪ પોલીસ કર્મચારીઓની બદલીનો આદેશ ડીજીપી જી એસ મલિક દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર-ગ્રામ્યના ૧૫ સહીત રાજ્યના ૨૨૬ અનાર્મ્ડ કોન્સ્ટેબલ અને એલઆરડી જવાન, ૧૨૯ આર્મ્ડ કોન્સ્ટેબલ અને એલઆરડી જવાન અને ૫૯ આર્મ્ડ હેડ કોન્સ્ટેબલની બદલી કરવામાં આવી છે.

પોલીસ વિભાગ દ્વારા તમામ બદલી પામેલા પોલીસ કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, જે મુજબ, બદલી પામેલા તમામ પોલીસ કર્મચારીઓને નવી જગ્યાએ હાજર થવાનું રહેશે. નવી જગ્યાએ ચાર્જ લીધા બાદ તુરંત જ જૂની જગ્યાએ પરત બદલી માટે રજૂઆત કરી શકાશે નહીં. જે કર્મચારીઓ સામે વિભાગીય તપાસ કે ગંભીર ગુનાઓની તપાસ ચાલુ હોય, તો તેમના માટે આદેશમાં વિશેષ શરતો લાગુ રહેશે.



આ આદેશાનુસાર, સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરો અને ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, નવસારી અને વલસાડ સહિતના મોટા ભાગના જિલ્લાઓમાં ફેરબદલ કરવામાં આવી છે, તો કેટલાક પોલીસ કર્મચારીઓને ગ્રામ્ય વિસ્તારમાથી શહેરમાં અને કેટલાક કર્મચારીઓને અન્ય જિલ્લાઓમાં નવી ફરજ સોંપવામાં આવી છે.

# રાપર પોલીસે મિલકત સંબંધી ગુનાનો ભેદ ઉકેલયો: ચારની ધરપકડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



## ૧૦ મોબાઈલ અને બે ઈલે. મોટર મળી રૂ.૭૦,૦૦૦નો મુદામાલ કબ્જે

રાપર પોલીસ દ્વારા મિલકત સંબંધી ગુનાઓ શોધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાપર પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન રાપર ટાઉન વિસ્તારમાંથી ચોરીના ૧૦ મોબાઈલ ફોન તથા ૨ પાણીની મોટર મળી કુલ રૂ.૭૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ ગુનામાં ચાર આરોપીઓ સુનીલ લખમણભાઈ કોલી, ઉમરદીન વલીમમાદ ત્રાયા, નીઝામ રમઝાન શેખ અને અલતાફ હાજીભાઈ સમેજાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી રાપર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# વાંકાનેર: જન્માષ્ટમી અને ગણેશ મહોત્સવ અંતર્ગત ધર્મસભામાં ઉમટ્યો જનસૈલાબ

## ધારાસભ્ય જીતુભાઈ સોમાણી દ્વારા વાંકાનેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ગણેશ પંડાલોના આયોજકને ૫૧૦૦ અને શહેરના આયોજકને ૩૫૦૦ સહાયની માહિતી અપાય






**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં પવિત્ર શ્રાવણ માસના ધાર્મિક માહોલ વચ્ચે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ તથા ગણેશ મહોત્સવની ઉજવણીને વધુ ભવ્ય અને આધ્યાત્મિક બનાવવા ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની અધ્યક્ષતામાં યોજાયેલી આ ધર્મસભામાં વાંકાનેર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સાધુ-સંતો અને મહંતોનું ફૂલહારથી સ્વાગત કરી સન્માન કરવામાં આવ્યું હતું. ગાયત્રી શક્તિપીઠના મહંત અશ્વિનભાઈ રાવલ, આપા ઝાલાની જગ્યાના મહંત મગની રામ બાપુ, હોલ માતાજીના મહંત પરભાતભાઈ આહીર, ફડેશ્વર મહાદેવના મહંત વિશાલભાઈ પટેલ સહિતના સંતો-મહંતોની ઉપસ્થિતિએ સમગ્ર ધર્મસભાને આધ્યાત્મિક ઉર્જાથી ભરપૂર બનાવી હતી. ધર્મસભામાં શહેર ઉપરાંત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો, ગામના આગેવાનો, વિવિધ સમાજના અગ્રણીઓ, નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તથા નગરપાલિકાના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વાંકાનેર લુહાણા મહાજન સમાજના પ્રમુખ કાકુભાઈ મોદી સહિત વિવિધ સમાજના આગેવાનો, યુવાનો અને હિન્દુ સમાજના ચિંતકોની ઉપસ્થિતિએ કાર્યક્રમની વ્યાપકતા દર્શાવી હતી.

કાર્યક્રમમાં વાંકાનેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં યોજાતા ગણેશ મહોત્સવના પંડાલોના આયોજકોને રૂ.૫,૧૦૦ તથા વાંકાનેર શહેરના ગણેશ પંડાલોના આયોજકોને રૂ.૩,૫૦૦ સહાય દર વર્ષે ધારાસભ્ય જીતુભાઈ સોમાણીના હસ્તે અર્પણ કરવામાં આવતી હોવાની માહિતી પણ આપવામાં આવી હતી. ધાર્મિક પરંપરાઓ જળવાઈ રહે અને નવી પેઢી પણ ભારતીય સંસ્કૃતિ તથા તહેવારો સાથે જોડાય તે દિશામાં આ પ્રકારની પહેલને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની અધ્યક્ષતામાં યોજાયેલી આ ધર્મસભા પાછળનો મુખ્ય ઉદ્દેશ ધાર્મિક ભાવનાની સાથે સમાજમાં ભાઈચારો, એકતા અને સંસ્કૃતિ પ્રત્યેની જાગૃતિને મજબૂત કરવાનો રહ્યો હતો.

કાર્યક્રમનું સુંદર સંચાલન એન્કર અશ્વિનભાઈ મેઘાણીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ધર્મપ્રેમી જનતામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અંતે સર્વ સમાજના અગ્રણીઓ, આગેવાનો અને ઉપસ્થિત મહેમાનો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌએ સાથે બેસીને પ્રસાદી સ્વરૂપે ભોજન લીધું અને ધાર્મિક તથા સામાજિક એકતાના માહોલ વચ્ચે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## બી.એ.એમ.એસનું સપનું થયું સાકાર

# ‘સરકારની ફ્રી શિપ કાર્ડ યોજના’ ઉર્વશી ચાવડા માટે બની પથદર્શક

## ઉચ્ચ શિક્ષણ માટેની યોજનાથી સામાન્ય પરિવારને મળ્યો આર્થિક સહારો



**અબતક, ઋષિ મહેતા**

મોરબી: આજના વૈશ્વિક સ્પર્ધાના યુગમાં આર્થિક સંકડામણ તેજસ્વી વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ મેળવવાના સપના આડે દીવાલ ન બનવા દેવા ગુજરાત સરકારનો સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ (અનુસૂચિત જાતિ કલ્યાણ) સતત કટિબદ્ધ છે. જે અન્વયે સરકારની ફ્રી શિપ કાર્ડ જેવી લોકાભિમુખ યોજના મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના વિરપર ગામના એક સામાન્ય પરિવારના પુત્રી ચાવડા ઉર્વશીબેન દિનેશભાઈના કારકિર્દી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

નાનપણથી જ વિજ્ઞાન પ્રવાહમાં રૂચિ ધરાવતા ઉર્વશીબેન ધોરણ-૧૨ સાયન્સમાં ૮૮.૦૦% ગુણ મેળવ્યા બાદ બી.એ.એમ.એસ. કોર્ષ કરવાનું સપનું હતું જેની તપાસ કરતાં રૂ.૦૬ લાખ કોર્ષની ફી હતી પરંતુ પરિવારની મર્યાદિત આવકને કારણે ભારેખમ ફી ચૂકવવી અશક્ય હતી. આ સમયે મોરબી સ્થિત ’જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (અનુસૂચિત જાતિ)ની કચેરી’ ના હકારાત્મક માર્ગદર્શન હેઠળ તેમણે ‘ડિજિટલ ગુજરાત પોર્ટલ’ પર ઓનલાઈન અરજી કરી હતી. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં જ વિભાગ દ્વારા ઉર્વશીબેનને ફ્રી શિપ કાર્ડ કાઢી આપવામાં આવ્યું. નોબલ આયુર્વેદ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જુનાગઢ ખાતે અભ્યાસ માટે ફ્રી શિપ કાર્ડ રજુ કરી કોઈ પણ ફી ભર્યા વિના સરળતાથી તેમણે પ્રવેશ મેળવ્યો હતો.

યોજનાની મુખ્ય પાત્રતા અને માપદંડ અંગે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (અ.જા.) એ.એમ. છાશિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના ‘ડિજિટલ ગુજરાત પોર્ટલ’ દ્વારા વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક, ટેકનિકલ કોર્સ માટે ફ્રી શિપ કાર્ડના ઉપયોગથી અભ્યાસ કરી શકે છે. વિદ્યાર્થીઓએ એડમીશન લેતા પહેલા કાર્ડ માટે ‘ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી સાથે મુખ્ય દસ્તાવેજો તરીકે જાતિ દાખલો, પિતાના આવકના દાખલની નકલ, ધોરણ ૧૦ અને ત્યારબાદ તમામ અભ્યાસક્રમના તમામ પરિણામની નકલ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, બેંક પાસબુકના માટે પ્રથમ પાનાંની નકલ, જરૂર જાણાય તો રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ, મેરેજ સર્ટિફિકેટ, મરણના દાખલાની નકલ તથા અધિકારી કક્ષાએથી જણાવવામાં આવતા અન્ય પુરાવા આપવાના રહે છે.

# તળાવીયા શનાળા ગામે જુગાર રમતા ૧૨ ઝડપાયા



**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકા તળાવીયા શનાળા ગામની સીમમાં સ્કોટલેન સીરામીક કારખાના નજીક જાહેર જુગાર રમતા નિલેશભાઈ સુરેશભાઈ સોલંકી, કિશોરભાઈ મનસુખભાઈ ભટ્ટી, છોટુભાઈ અમરશીભાઈ મકવાણા, દાતારામ સોનેલાલ કેવટ, ગણેશભાઈ પર્વતભાઈ સાહુ, કપીલભાઈ સંતરામભાઈ રાજપુત, કૃષ્ણકુમાર ઉદયભાન અહીરવાલ, મહોમદ આશીક ઉર્ફે બબલુ હમીદખાન મન્સુરી, રીન્કુકુમાર બનેંસીગ માલવી, રોહીતકુમાર શ્યામસુંદર, રાકેશભાઈ રામસેવક નિશાદ તથા ઈતરેનદ્રસીંહ ઓમપ્રકાશ નિશાદ રોકડા રૂ.૧,૫૨,૩૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

# ફૂડ શાખાની લાલ આંખ: ૧૦ ખાણીપીણીના એકમોમાં ચેકિંગ, ૧૫ કિલોથી વધુ વાસી ખોરાકનો નાશ

## વાસી ભાત, મન્ચુરિયન, ચટણી, ગ્રેવી, નુડલ્સ-પાસ્તા સહિતની સામગ્રી મળી: સંચાલકોને નોટિસ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ શહેરની આશરે ૧૦ ખાણીપીણીની દુકાનો અને પીઝા ફ્રેન્ચાઈઝીઓમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન ૧૫ કિલોથી વધુ વાસી ખોરાક અને અખાદ્ય સામગ્રી મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાણીપીણીના ધંધાર્થીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ફૂડ સેફ્ટી કમિશનરની સૂચના અને ઉપરથી આવેલા પરિપત્રના અનુસંધાને એનાલોગ ચીઝ, પનીર અને બટરના ઉપયોગ અંગે પ્રતિબંધને ધ્યાનમાં રાખી ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટર દ્વારા છેલ્લા બે દિવસથી શહેરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન પીઝા સેન્ટરો સહિત વિવિધ હોટલ અને ખાણીપીણીના એકમોમાંથી આશરે ૧૫ કિલોથી વધુ વાસી ખોરાક મળી આવ્યો હતો. અગાઉના દિવસે બનાવેલો ભાત, મન્ચુરિયન, ગ્રેવી સહિતની ખાદ્ય સામગ્રી બીજા દિવસે ગ્રાહકોને પીરસવા માટે રાખવામાં આવી હોવાનું સામે આવતા ફૂડ વિભાગે વાસી ખોરાકનો સ્થળ પર જ નાશ કર્યો હતો. વાંધાજનક અથવા વાસી ખાદ્ય સામગ્રી મળી આવેલા એકમોના સંચાલકોને નોટિસ આપવામાં આવી છે.

તપાસ દરમિયાન તમિલ સ્વાદમાંથી વાસી ચટણી, ભાજી, ગ્રેવી, પોન્ગલ સ્વીટ અને ખીરું મળી આવ્યું હતું. ડિઝલ્સ પીઝામાંથી ખાવામાં ઉપયોગમાં લેવાતું બળેલું તેલ મળી આવ્યું હતું. પીઝા એક્સપ્રેસમાંથી ફ્રોઝન ફૂડના ૬ પેકેટ મળી આવ્યા હતા. રિયલ પેપરિકામાંથી વાસી નુડલ્સ, પાસ્તા અને ભાત મળી આવ્યા હતા. જ્યારે પાપા લુઈઝ પીઝામાંથી વાસી મન્ચુરિયન, ભાત, ચટણી અને ડ્રેગન પોટેટો મળી આવ્યા હતા. બીજી તરફ લાપીનોઝ પીઝા, ડોમિનોઝ અને મહાવીર ફરસાણમાં તપાસ દરમિયાન કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી ન હોવાનું જણાવાયું છે.

મહાનગરપાલિકા કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખોરાક મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે અને ફૂડ સેફ્ટીના મામલે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તપાસ દરમિયાન નોટિસ અપાયેલા એકમોમાં આગામી સમયમાં ફરી તપાસ કરવામાં આવશે અને જો સુધારો નહીં જણાય તો નિયમ મુજબ વધુ કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મહાપાલિકા દ્વારા પુસ્તકપ્રેમીઓને નવા પુસ્તકો સૂચવવા અનુરોધ

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર પુસ્તકાલયના વાચકોને તેમની વાંચનરુચિ અને જરૂરિયાતને અનુરૂપ નવા પુસ્તકો સૂચવવા અપીલ કરવામાં આવી છે. સાહિત્ય, નવલકથા, કાવ્ય, જીવનચરિત્ર, ઈતિહાસ, વિજ્ઞાન-ટેકનોલોજી, સામાન્ય જ્ઞાન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને બાળસાહિત્ય સહિતના વિવિધ વિષયોના પુસ્તકોની ભલામણ વાચકો કરી શકશે. મળેલા સૂચનોના આધારે પુસ્તકાલય દ્વારા જરૂરિયાત, ઉપયોગિતા અને ઉપલબ્ધ બજેટને ધ્યાનમાં રાખી યોગ્ય પુસ્તકોની પસંદગી અને ખરીદી કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર પુસ્તકાલયના વાચકોને તેમની જરૂરિયાત અને વાંચનરુચિ અનુસાર નવા પુસ્તકો સૂચવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. વાચકો સાહિત્ય, નવલકથા, વાર્તા, કાવ્ય, જીવનચરિત્ર, ઈતિહાસ, વિજ્ઞાન-ટેકનોલોજી, સામાન્ય જ્ઞાન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, બાળસાહિત્ય સહિતના વિવિધ વિષયોના પુસ્તકોની ભલામણ કરી શકશે. વાચકો પોતાના પસંદગીના પુસ્તકોની વિગતો ઓનલાઈન ERP પોર્ટલ મારફતે અથવા પુસ્તકાલયની મુલાકાત લઈને આપી શકશે. ઓનલાઈન સૂચન માટે ઊછ્છ પોર્ટલ પર લોગિન કરી પુસ્તકનું નામ સહિતની વિગતો ભરી શકાશે.

આ ઉપરાંત વાચકો શહેરની શ્રીમદ રાજચંદ્ર લાઈબ્રેરી (શાક માર્કેટ પાસે), ગ્રીન ચોક લાઈબ્રેરી તથા કેસર બાગ લાઈબ્રેરી (સામાકાંઠે) ખાતે રૂબરૂ જઈ પુસ્તકો સૂચવી શકશે. પુસ્તકની ભલામણ કરતી વખતે પુસ્તકનું નામ, લેખકનું નામ, પ્રકાશક તથા ઉપલબ્ધ અન્ય વિગતો આપવા મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. વાચકો તરફથી મળેલા સૂચનોને પુસ્તકાલય દ્વારા પુસ્તકની જરૂરિયાત, ઉપયોગિતા અને ઉપલબ્ધ બજેટને ધ્યાનમાં રાખીને ચકાસ્યા બાદ યોગ્ય પુસ્તકોની પસંદગી અને ખરીદી કરવામાં આવશે.

# હળવદ : સરસ્વતી શિશુ મંદિર દ્વારા કેન્યા સ્થિત નરેન્દ્ર રાવલનું ‘બ્રહ્મરત્ન’થી સન્માન



**અબતક, ઋષિ મહેતા**

હળવદ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાનમ્ સંચાલિત સરસ્વતી શિશુ મંદિર દ્વારા કેન્યા સ્થિત સેવાભાવી અને સમાજહિતૈષી નરેન્દ્ર રાવલને ‘બ્રહ્મરત્ન’ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વામી સચ્ચિદાનંદજીની પ્રેરણા તથા ગોવિંદભાઈ ધોળકિયાના સહયોગથી યોજાયેલા આ ભવ્ય સમારોહમાં સંતો, શિક્ષણવિદો, કલાકારો, રાજકીય આગેવાનો તેમજ બ્રહ્મ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હળવદ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાનમ્ સંચાલિત સરસ્વતી શિશુ મંદિરના આંગણે કેન્યા સ્થિત સેવાભાવી અને સમાજહિતૈષી નરેન્દ્ર રાવલને ‘બ્રહ્મરત્ન’ સન્માન અર્પણ કરવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો.

# જમીન રેકોર્ડની ક્ષતિઓના ઝડપી નિરાકરણ માટે ૧૧ ગામોમાં યોજાશે વિશેષ સુધારણા કેમ્પ

**અબતક, ઋષી મહેતા**

મોરબીઃ ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડસ મોર્ડરનાઈઝેશન પ્રોગ્રામ (DILRMP) અંતર્ગત મોરબી જીલ્લામાં પ્રમોલગેશન પૂર્ણ થયેલા ગામોમાં જમીન રેકોર્ડને વધુ ચોક્કસ, પારદર્શક અને અધ્યતન બનાવવા અર્થે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જમીનધારકો અને ખેડૂતો દ્વારા રજૂ કરાતી વાંધા અરજીઓ, સર્વે નંબરની ક્ષતિઓ તથા માપણી સંબંધિત પ્રશ્નોના સ્થળ પર જ નિકાલ અર્થે તબક્કાવાર ગામે-ગામે ખાસ કેમ્પ યોજાશે.

આ અભિયાન હેઠળ મોરબી, ટંકારા અને હળવદ તાલુકાના કુલ ૧૧ ગામોને આવરી લેવામાં આવ્યા છે. જે અંતર્ગત મોરબી તાલુકાના રાજપર (કું) અને ઝીંઝુડા ગામે તા.૨૪ અને ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન; ટંકારા તાલુકાના ખાખરા અને ગજડી ગામે તા.૨૮ અને ૨૯ ઓગસ્ટ ૨૦૨૬, દેવળીયા અને ધ્રોળીયા ગામે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૦૧ જાન્યુઆરી ૨૦૨૭ તથા રાજાવડ અને સખપર ગામે તા. ૦૧ અને ૦૨ માર્ચ ૨૦૨૭ દરમિયાન કેમ્પ યોજાશે. આ ઉપરાંત હળવદ તાલુકાના જુના અમરાપર અને પલાસણ ગામે તા. ૨૯ અને ૩૦ એપ્રિલ ૨૦૨૭ તેમજ રાયધ્રા ગામે તા. ૨૮ અને ૨૯ જૂન ૨૦૨૭ દરમિયાન ખાસ કેમ્પ હાથ ધરાશે.

કેમ્પ દરમિયાન અરજીઓ સ્વીકાર્યા બાદ સ્થળ માપણી અને હકસારીની કાર્યવાહી પૂર્ણ કરી નિયમાનુસાર સુધારા હુકમ કરવામાં આવશે.

સંબંધિત ગામોના તમામ ખેડૂતોને પોતાના જમીન રેકોર્ડની ક્ષતિ નિવારણ અર્થે જરૂરી આધાર-પુરાવા સાથે નિયત સમયમર્યાદામાં આ કેમ્પનો લાભ લેવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સિટીઝન ક્રેડિટ કો.ઓપ. સોસાયટીની ૧૪ બેઠકો માટે ચૂંટણી: ૧૦ સપ્ટેમ્બરે મતદાન

## ૨૦ ઓગસ્ટથી મતદાર યાદી બાદ ઉમેદવારી પ્રક્રિયા

**અબતક, ઋષી મહેતા**

ધી મોરબી સીટીઝન ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લિ., મોરબીની કુલ ૧૪ બેઠકોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી દ્વારા સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૧ સામાન્ય બેઠકો, ૨ મહિલા અનામત બેઠકો અને ૧ અનુસૂચિત જાતિ/ જનજાતિ માટે અનામત બેઠકનો સમાવેશ થાય છે. ચૂંટણી પ્રક્રિયા ૨૦ ઓગસ્ટથી શરૂ થઈ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી સાથે પૂર્ણ થશે.

મોરબીની ધી મોરબી સીટીઝન ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લિ.ની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી એચ.કે. ફૂલતરીયા દ્વારા ચૂંટણીનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. કુલ ૧૪ બેઠકો પૈકી ૧૧ સામાન્ય બેઠક, ૨ મહિલા અનામત બેઠક અને ૧ અનુસૂચિત જાતિ/જનજાતિ માટે અનામત બેઠક રાખવામાં આવી છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે પ્રથમ મતદાર યાદી તથા ખાલી પડેલી બેઠકોની સંખ્યા પ્રસિદ્ધ કરવામાં આવી હતી. મતદાર યાદી સામે વાંધા રજૂ કરવાની પ્રક્રિયા બાદ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ચૂંટણી કાર્યક્રમના અંતિમ તબક્કામાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૯થી બપોરે ૩ વાગ્યા સુધી મંડળીના કાર્યાલય ખાતે મતદાન યોજાશે. મતદાન પૂર્ણ થયા બાદ તુરંત મતગણતરી હાથ ધરવામાં આવશે અને ગણતરી પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. મતદાન સમયે મતદારોએ માન્ય ફોટો ઓળખકાર્ડ અથવા આધારકાર્ડ સાથે રાખવાનું રહેશે. ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભરવા તથા પરત ખેંચવા સમયે ફોટો ઓળખ અને આધાર સાથે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. અનામત બેઠકના ઉમેદવારોએ સંબંધિત બેઠકની લાયકાતનો આધાર પણ ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરવાનો રહેશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૩૦ સપ્ટેમ્બર સુધીમાં વેરો ભરીને મિલકત વેરા પર રીબેટ મેળવો

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષના મિલકતવેરા પર મળવાપાત્ર રીબેટનો લાભ લેવા માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં મિલકતવેરો ભરપાઈ કરવા મિલકતધારકોને અપીલ કરવામાં આવી છે. મહાનગરપાલિકાએ નાગરિકોને સમયસર વેરો ભરી રીબેટનો લાભ લેવા સાથે શહેરના વિકાસ અને પાયાની નાગરિક સુવિધાઓને વધુ સુદ્દઢ બનાવવામાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાકીય વર્ષના મિલકતવેરા પર રીબેટ મેળવવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. વેરાની આવકથી સ્વચ્છતા, પાણી પુરવઠો, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ સહિતની નાગરિક સુવિધાઓ વધુ સુદ્દઢ બનાવવામાં મદદ મળશે, જેથી જે મિલકતધારકોએ હજુ સુધી મિલકતવેરો ભર્યો નથી તેઓ સમયમર્યાદા પહેલાં વેરો ભરી રીબેટનો લાભ મેળવી શકે છે. મિલકતવેરો મહાનગરપાલિકાની વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન મારફતે ઓનલાઈન પણ ભરી શકાશે. છેલ્લી ઘડીએ થતી ભીડ અને અસુવિધા ટાળવા મિલકતધારકોને વહેલી તકે વેરો ભરવા મહાનગરપાલિકાએ અપીલ કરી છે.

# મોરબી, હળવદ અને વાંકાનેરમાં જુગારના દરોડા: નવ મહિલા સહિત ૧૯ પકડાયા

## દરોડામાં પોલીસે રોકડા કુલ રૂ.૫૪,૩૫૦ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, ઋષી મહેતા**

મોરબી, હળવદ અને વાંકાનેર પોલીસે ત્રણ અલગ-અલગ રેઈડમાં કુલ ૯ મહિલા સહિત ૧૯ જુગારીઓને ઝડપી લેવામાં આવ્યા છે,

વાવડી રોડ પર સમજુબા સ્કૂલ પાછળ ભગવતીપાર્કમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા મેઘાબેન વીમલભાઈ લલીતભાઈ રાણપરીયા, પુજાબેન લાભુભાઈ નટુજી ઠાકોર, ક્રીષ્નાબેન હરેશભાઈ તુલષીદાસ અગ્રાવત વિશાલભાઈ હરેશભાઈ તુલષીદાસ અગ્રાવત, મંજુલાબેન મંગળગીરી પરસોતમગીરી ગૌસ્વામી, સમાબેન સફીભાઈ મેમણ, ઉષાબેન અશ્વિનભાઈ પ્રભુદાસ સંપટ, મમતાબેન અરવિંદભાઈ ત્રિભુવનભાઈ વટગામા, સરસ્વતીબેન ઉર્ફે સિલ્પાબેન વિપુલભાઈ રવજીભાઈ, દક્ષાબેન અમૃતભાઈ પ્રેમજીભાઈ ઠોરીયા ને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પોલીસે સ્થળ ઉઓરથી રોકડા રૂ.૧૫,૩૦૦/- કબજે કરવામાં આવ્યા હતા.

હળવદ પોલીસે ગોલાસણ ગામે રાયધનભાઈ નરશીભાઈના ઘર પાસે જાહેર શેરીમાં તીનપત્તીનો જુગાર રમતા મહિપતભાઈ ચતુરભાઈ દેકાવાડીયા, રમેશભાઈ વાલજીભાઈ રાઠોડ તથા સંજયભાઈ નાગજીભાઈ સનુરા પાસેથી રૂ.૨૧,૭૦૦/- રોકડા મળી આવ્યા હતા.

આ ઉપરાંત, ત્રીજા દરોડામાં વાંકાનેર સીટી પોલીસે નવાપરા-ખડીપરા શેરી નં.૨ની જુગાર રમતા લાલજીભાઈ શિવાભાઈ કાંજીયા, હુસેનભાઈ યુસુફભાઈ અફરીદી , સુરેશભાઈ ભરતભાઈ ધોરીયા ઉવ.૨૮ રહે. સૌવારીયા પંચાસર રોડ વાંકાનેર, રાજુભાઈ રમેશભાઈ ધોરીયા, અનિલભાઈ રમેશભાઈ ધોરીયા તથા મહેશભાઈ મનસુખભાઈ અઘોલા વાળાને ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન જુગારના પટ્ટમાંથી રૂ.૧૭,૩૫૦/- ની રોકડ રકમ કબ્જે કર્યો છે.

# રાજકોટના કારખાનેદાર સાથે જમીનના સોદા પેટે રૂ.૩૫ લાખની ઠગાઈ

## ઉપલેટાના ખીરસરા ગામના ખેડૂત ભુપેન્દ્ર માખસણા અને દલાલ મામદ નોયડા એ કાવતરું ઘડી રોડ ટચ જમીન બતાવી રૂ. ૪૨.૫૦ લાખ પડાવ્યા : સુથી પેટેની રકમ પરત આપી બાકીના પૈસાનું બુચ મારી દીધું

**અબતક, રાજકોટ**

રાજકોટના કારખાનેદાર સાથે જમીનના સોદા પેટે ઉપલેટાના ખેડૂત અને દલાલે રૂ. ૩૫ લાખની ઠગાઈ આચરી હતી. ખીરસરા ગામના ખેડૂત અને દલાલે કાવતરું ઘડી કારખાનેદારને રોડ ટચ જમીન બતાવી તેનો સોદો રૂ. ૪૨.૫૦ લાખમાં કરી નાણાં પડાવી લીધા હતા. બાદ દસ્તાવેજ નહિ કરી આપી સુથી પેટે આપેલી રકમ રૂ. ૭.૫૦ લાખ પરત આપી બાકીના નાણાંનું બુચ મારી દેતા કારખાનેદારે ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં રાજકોટમાં ઈન્દીરા સર્કલ ,શિવ સંગમ, સોસાયટી શેરી નહીં નં.૧ માં રહેતાં નરશીભાઈ ડાયાભાઈ દોંગા (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભુપેન્દ્ર કરસન માખસણા અને મામદ ઈસ્માઈલ નોઈડા (રહે બંને ખીરસરા) નું નામ આપતાં ભાયાવદર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ સોરઠીયા વાડી-૨ માં વૈભવ ગ્લાસ પ્રોડકટ નામે કારખાનું ચલાવે છે. તેમજ ખેતીની ૩૧ વિઘા જમીન કાલાવડ મન ભગત ખીજડીયા ખાતે આવેલ છે. અઢી વર્ષ પહેલા તેમના સાઢુભાઈ રઘુભાઈ વિરડીયા તથા મુકેશભાઈ ઠુંમરએ ત્રણેયને ભાગીદારીમાં જમીન લેવી હોઈ જેથી સાઢુભાઈ રઘુભાઈએ જમીન લે-વેચ દલાલીનું કામ કરતાં મામદ નોયડાનો સંપર્ક કરેલ અને તેઓને જમીન લેવી છે તે બાબતની વાત કરેલ જેથી થોડા દીવસ બાદ મામદએ કહેલ કે, એક મારા ગામમાં નવ વીઘા રોડ ટચ જમીન ધ્યાનમાં છે, તમે જોવા માટે આવો અને ૧ % દલાલી થાશે તેમ વાત કરેલ હતી.જે બાદ ફરીયાદી સહિતના દલાલ મામદભાઈને મળેલ અને તેઓએ કહેલ કે, હું ઘણા સમયથી જમીનનું દલાલી કરૂ છુ, મે ઘણી જમીન લે-વેચ કરાવેલ છે. જે બાદ તેને એક જમીન બતાવેલ, તે જમીનના માલીક હાજર હતા નહિ અને આ જમીન ગમી ગયેલ હોઈ જેથી મામદએ આ જમીનના માલીક ભુપેન્દ્રભાઈ માખસણા પટેલ હોવાનું જણાવેલ અને મોબાઈલમાં વાતચીત કરાવેલ હતી. જમીનના ભાવ બાબતે ચર્ચા થયેલ અને એક વીઘાના રૂ.૬.૮૫ લાખ લેખે જમીનનો મૌખીક સોદો કરેલ હતો.ત્યારબાદ ત્રણેય ભાગીદાર તા. ૦૬/૦૩/૨૦૨૪ ના ખીરસરા ભુપેન્દ્રભાઈની વાડીએ આવેલ અને આ ભુપેન્દ્રભાઈને મળેલ અને તેઓને રોકડા રૂ.૭.૫૦ લાખ સુથી પેટે આપેલ હતા. ત્યારે આ બાબતનું એક કાચુ લખાણ કરેલ હતુ. તેમાં ભુપેન્દ્રભાઈએ ખીરસરા ગામની સર્વે નં. ૪૦/૧ ની આશરે સાડા આઠ વિઘા જમીન વેચાણથી આપેલ છે તેવુ લખાણ કરેલ હતુ. તેમાં બન્ને ભાગીદાર અને ભુપેન્દ્રભાઈ તથા સાક્ષીઓએ સહીઓ કરી આપેલ અને જમીનનો કબ્જો સોપી આપેલ હતો. જેથી આ જમીન આ દલાલ મામદને એક વીઘાના સાડા ચાર હજાર લેખે એક વર્ષ માટે વાવવા આપેલ હતી. અઠવાડીયા બાદ મામદ દલાલનો ફોન આવેલ કે, ભુપેન્દ્રભાઈને સુરતમાં મિલ્કત ખરીદવી છે, જેથી રૂ.૨૦ લાખ મોકલો, આ દલાલ મામદ ઉપર વિશ્વાસ કરી ભાગીદાર સાથે વાતચીત કરી રૂ.૨૦ લાખનું મામદભાઈના નામનું રાજકોટ આર.પી. એન્ટરપ્રાઈઝ આંગડીયા પેઢીમા આંગડીયુ કરેલ હતુ.

બે મહીના ફરીવાર ભુપેન્દ્રભાઈનો ફોન આવેલ કે, મારા ભાઈના પત્નીને ગંભીર બીમારી છે, રૂ.૧૫ લાખની જરૂરીયાત છે, જેથી ફરી સુરત ખાતે આંગડીયુ કરેલ અને તેઓના પૈસા મળી ગયા બાબતે વાતચીત થયેલ હતી. ત્યારબાદ બીજા વર્ષે તે જમીન ખીરસરા ગામના રમેશભાઈ તથા મુંજાભાઈ રબારીને વાવવા આપેલ અને હાલ પણ તેઓ વાવેતર કરે છે. ભુપેન્દ્રભાઈ તથા દલાલ મામદને આ જમીન ખરીદેલ તેના રૂ.૪૨.૫૦ લાખ આપી દીધેલ હોવા છતા દસ્તાવેજ કરી આપતા ના હોય અને આ બન્ને અલગ અલગ બહાના બતાવતા હતા. ત્યારબાદ એક વર્ષ પહેલા સાઢુભાઈ રઘુભાઈ રૂબરૂ ગયેલ તો મામદે કહેલ કે, હવે ભુપેન્દ્રભાઈ દસ્તાવેજ કરી આપશે. તેને રૂ.૭.૫૦ લાખ સુથીના આપેલ તે પરત આપેલ અને તેઓએ કહેલ છે કે તમારા રૂ.૩૫ લાખ મળી ગયેલ છે બાકીના પૈસા તમારે વ્હાઈટમાં ચેકથી આપવાના છે. છેલ્લા છએક મહીનાથી બંને શખ્સો દસ્તાવેજ માટે કહેતા બાદ કહેલ કે હવે તમને દસ્તાવેજ નથી કરી આપવો અને જે લખાણ કરેલ છે તે સુથીના રૂ.૭.૫૦ લાખ પરત આપેલ તેનો વિડીયો ઉતારી લીધેલ છે અને રૂ.૩૫ લાખ મોકલેલ તે આંગડીયામાં અઠવાડીયા ઉપરનું કોઈ રેકર્ડ નથી રહેતુ જેથી હવે દસ્તાવેજ નથી કરી આપવો તેમ કહીં પુર્વ આયોજીત કાવત્રુ રચીને રૂ.૩૫ લાખ આંગડીયા મારફતે પડાવી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

# માણાવદરમાં ધોળા દિવસે યુવાનની સરાજાહેર ઘાતકી હત્યા

## અજાણ્યો શખ્સ દુકાનમાં ઘુસી વેપારીને છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દઈ ફરાર

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરના બસ સ્ટેશન વાળી શેરીમાં આવેલી મોબાઈલની દુકાનમાં જ વેપારીની સરાજાહેર દિનદહાડે હત્યા કરવામાં આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

મળતી વિગતો અનુસાર, માણાવદરના બાલકૃષ્ણનગર જીઈબી પાસે ખાતે રહેતા ૩૫ વર્ષીય જસ્મીન મનસુખભાઈ બેચરા પોતાની મોબાઈલની દુકાને હાજર હતા. તે દરમિયાન અજાણ્યો શખ્સ અચાનક દુકાનમાં ઘૂસી આવ્યો હતો અને છરી વડે જસ્મીનભાઈ પર સપાટાબંધ પ્રાણઘાતક ઘા ઝીંકી દીધા હતા. છરીના ઊંડા ઘા વાગવાના કારણે લોહીલુહાણ હાલતમાં વેપારી ઢળી પડ્યા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ હુમલામા અન્ય એક વ્યક્તિ ઈજા થતા તેને પ્રથમ માણાવદર સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા અને વધુ સારવાર અર્થે જૂનાગઢ રિફર કરાયા છે

હત્યાની આ સરાજાહેર વારદાતને અંજામ આપ્યા બાદ અજાણ્યો હત્યારો સ્થળ પરથી તકનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં



જ આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે તુરંત જ પોલીસને જાણ કરવામાં આવતાં જ માણાવદર પોલીસનો કાફલો તેમજ એસ.પી. ઓડેદરા અને ડીવાયએસપી ધાંધલ્યા પણ

### સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાનું પગેરુ દબાવ્યું

ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સમગ્ર વિસ્તારને સીલ કરીને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

પોલીસે મૃતકના મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક સરકારી હોસ્પિટલમાં ખસેડવાની કાર્યવાહી કરી છે. મૃતક જસ્મીનભાઈ પોતાના પરિવારમાં પત્ની અને એક નાની દીકરીને વિલાપ કરતા છોડી ગયા છે. પરિવારના કમાનાર મુખીની આ રીતે અચાનક અને દર્દનાક હત્યા થતાં સમગ્ર પરિવાર પર આભ તૂટી પડ્યું છે.અજાણ્યા હુમલાખોરે કયા કારણોસર આ ઘાતકી હત્યા કરી છે તે અંગેનું કારણ હજુ અકબંધિત છે. પોલીસે લૂંટના ઈરાદા, કોઈ જૂની અંગત અદાવત કે અન્ય કોઈ કારણસર હત્યા થઈ છે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે હત્યારાને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમ બનાવીને નાકાબંધી હાથ ધરવામાં આવી છે.

# જામજોધપુરના પરડવા ગામે મહિલાનો આપઘાત

## બ્લેકમેઈલના આરોપમાં માર માર્યાનો આક્ષેપ; ત્રણ શખ્સો સામે ગુનો

**અબતક,ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના પરડવા ગામમાં એક પરિણીતાને બ્લેકમેઈલ કરવાનો આરોપ મૂકી તેના ઘરે પહોંચેલા શખ્સોએ પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી તેમજ ઢીકાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપ બાદ મહિલાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. આ બનાવ અંગે જામજોધપુર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ પરડવા ગામના વિરમભાઈ ભીખાભાઈ ગોઢાણીયાની પત્ની લીલુબેન ઉપર બ્લેકમેઈલ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. આ આરોપના આધારે રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમારે અરજણભાઈ કેશુભાઈ પરમાર તથા નાગાભાઈ કેશુભાઈ પરમારને લીલુબેનના ઘરે મોકલ્યા હોવાનો આક્ષેપ છે.

બંને શખ્સોએ લીલુબેનને પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી અને ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ગાળો આપી ગામ છોડીને જતા રહેવા જણાવ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ બનાવથી લાગી આવતા લીલુબેને પોતાના રહેણાંક મકાનની છતની હુકમાં સાડી વડે ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે જામજોધપુર પોલીસ મથકમાં રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમાર, અરજણભાઈ કેશુભાઈ પરમાર અને નાગાભાઈ કેશુભાઈ પરમાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ સહિતની કલમો અને જી.પી. એક્ટની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.એલ. ઓડેદરા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લીંબડીના જાંબુ ગામેથી બોગસ ડોક્ટર ઝડપાયો

## તબીબી ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો તુષાર રોયને દબોચી લેતી એસઓજી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજી પોલીસે લીંબડી તાલુકાના જાંબુ ગામે બાતમીના આધારે રેઈડ કરી કોઈપણ જાતની તબીબી ડિગ્રી કે સર્ટિફિકેટ નહી હોવા છતાં લોકોની સારવાર કરતા બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એસઓજી પોલીસે લીંબડી તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન લીંબડીના જાંબુ ગામે ક્લીનિક ખોલી કોઈપણ જાતની તબીબી ડિગ્રી કે સર્ટિફિકેટ નહી હોવા છતાં લોકોની સારવાર કરી આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટર તુષારરોય ભક્તારોય (ઉં.વ.૩૪) વાળાને ઝડપી લીધો હતો અને વધુ તપાસ કરતા ક્લિનિકમાંથી અલગ - અલગ કંપનીની રૂ.૧૬૩૮૮ની કિંમતની એલોપેથી દવાનો જથ્થો પણ કબજે કરી ઝડપાયેલ બોગસ ડોક્ટર વિરૂધ્ધ પાણશીણા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ઉપલેટામાં પ્રેમી યુગલ ઘરેથી પલાયન થઈ જતાં બે જૂથ વચ્ચે મારામારી

## ફરાર યુગલને સપોર્ટ કરવા મામલે માથાકૂટ ઉદભવી : ત્રણ ઘાયલ, પાંચ વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં પ્રેમી યુગલ ઘરેથી પલાયક્ષ થઈ જતાં એક જ સમાજના બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. ઢાંક ગામની યુવતી સમઢીયાળાના યુવાન સાથે ઘરેથી નીકળી જતાં બે જૂથ વચ્ચે લાકડી વડે માથાકૂટ થતાં ત્રણ લોકો ઘવાયા હતા. સમગ્ર મામલે પાટણવાવ પોલીસે સામસામે પામંચ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

ઉપલેટાના સમઢીયાળા ગામે રહેતા ૩૩ વર્ષીય ખેડૂત યુવાન સામતભાઈ મૂળુભાઈ હુણએ આરોપી તરીકે ભાવેશ મેરામણભાઈ ભારાઈ (રહે. ગણોદ, ઉપલેટા) અને નવઘણ ઉર્ફે નોધો ભુપતભાઈ ભારાઈ (રહે. ઉપલેટા)નું નામ આપી જણાવ્યું હતું કે, હું ગઈકાલે સવારના આઠ વાગ્યે મારી વાડીએ પાણી વાળવા ગયેલ હતો. ત્યારબાદ અગિયાર વાગ્યે ઘરે પરત આવતા મારા ભાઈ યુવરાજને બીજી વાડીએ તેડવા માટે ગયેલ ત્યારે મારા કાકાના દીકરા મેહુલનો મને ફોન કે, ભાવેશભાઈ ભારાઈ સાથે મારે વાતચીત થયેલ છે. તેણે કહેલ કે, ઢાંક ગામની દીકરી અને તમારા કુટુંબી ભાઈઓનો દીકરો રોહિત બંને ઘરેથી જતા રહેલ હોય તમે તેને મદદ કરશો કે સમઢીયાળા ગામ આવું? જેથી હું તથા યુવરાજ બંને મારા કાકાના દીકરા મેહુલભાઈના ઘરે ગયેલ હતા. બાદ ભાવેશ ભારાઈનો મેહુલભાઈને ફોન આવેલ કે, સમઢીયાળા પેટ્રોલપંપ પાસે આવો. જેથી હું મારા ભાઈ યુવરાજ અને મારા કાકાનો દીકરો મેહુલ પેટ્રોલપંપ સામે વચ્છરાજ હોટલ પાસે ગયેલ હતા. જયા ભાવેશ, નવઘણ ઉર્ફે નોંધો ભુપતભાઈ ભારાઈ હાજર હતા. તેની પાસે જતા કંઈ પણ વાતચીત થયા વગર તે બંને મારા કાકાના દીકરા મેહુલને માર મારવા લાગેલ હતા. જેથી હું તથા યુવરાજ વચ્ચે પડતા ભાવેશે તેના હાથમાં રહેલ લાકડી વડે માથામાં મારતા મને લોહી નિકળવા લાગેલ હતું. બાદ મને કમરની ઉપર ડાબી સાઈડ લાકડી વડે માર મારેલ હતો. બંને જણાએ મેહુલ અને યુવરાજને પણ માર મારેલ હતો. બાદ બંને હુમલાખોરો નાસી જતાં મને સારવાર અર્થે જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં યુવાને જણાવ્યું હતુ કે, અમારી જ્ઞાતિની ઢાંક ગામની દીકરી તથા અમારા કુટુંબી ભાઈઓનો દીકરો રોહિત બંને ઘરેથી જતા રહેલ હોય ભાવેશ ભારાઈને ગેરસમજ થયેલ કે અમે રોહિતને મદદ કરીએ છે. જેનો ખાર રાખી અમારી ઉપર હુમલો કરવામાં આવેલ હતો. જયારે સમાપક્ષે વળતી ફરિયાદ નોંધાવતા ભાવેશભાઈ મેરામણભાઈ ભારાઈ (ઉ.વ.૩૬)એ આરોપી તરીકે મેહુલ રબારી, સામત મુળુભાઈ રબારી વને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતુંકે, પાંચેક દિવસ પહેલા અમારા સમાજની ઢાંક ગામની દીકરી તથા સમઢીયાળા ગામનો દીકરો રોહિત બંને પોતાના ઘરેથી જતા રહેલ હતા. જે બાબતે ગઈકાલે તારીખ ૧૯/૦૮/૨૦૨૬ ના સવારના મને ઢાંક ગામેથી રવિભાઈ ભારાઈનો ફોન આવેલ કે, અમારા ભાઈની દીકરીને સમઢીયાળા ગામનો દીકરો રોહિત લઈ ગયેલ છે. તેમા તારા ફઈના દીકરા હિરેનભાઈ વિશાભાઈ સપોર્ટ કરે છે, તેવી વાત કરેલ હતા. ત્યારબાદ હું મારા ફઈના ઘરે તારીખ ૧૯/૦૮/૨૦૨૬ના સાંજના પાંચેક વાગ્યે ફઈના દીકરા હિરેનને સમજાવવા ગયેલ હતો કે, તમે ઢાંક ગામની દીકરી જતી રહેલ હોય તેમાં વચ્ચે પડતા નહીં. બાદ તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ મને સમઢીયાળા ગામના મેહુલભાઈનો ફોન આવેલ કે, તારા ફઈના ઘરે કેમ આવેલ હતો? તો મેં કહેલ હું સમજાવા આવેલ હતો. બાદ મેહુલે કહેલ કે, તું અમારા ગામે આવતો નહીં અને આજુબાજુ નીકળતો નહીં. બાદ તા. ૨૦/૦૮/૨૦૨૬ ના બપોરના બાર વાગ્યે હું તથા નવઘણભાઈ ભુપતભાઈ ભારાઈ સમઢીયાળા ગામે વચ્છરાજ હોટલે ગયેલ હતા. જયા મેહુલભાઈ, સામતભાઈ હુણ તથા એક અજાણ્યો શખ્સ ધસી આવ્યા હતા. જયા મેહુલભાઈ લાકડીનો એક ઘા માથાની પાછળ માર્યો હતો. બાદ હાથ અને પગના ભાગે લાકડી વડે ફટકાર્યો હતો. જેથી હું નીચે પડી ગયેલ હતો. બાદ નવઘણભાઈ ભારાઈને પણ સામતભાઈ મુળુભાઈ હુણે લાકડી વડે માર માર્યો હતો. અજાણ્યો શખ્સ પણ અમને બંનેણે લાકડી વડે માર મારવા લાગેલ હતો. જે બાદ ત્રણેય શખ્સો નાસી ગયેલ હતા. બાદ બંને યુવાનો સારવાર અર્થે ઉપલેટાની ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલ હતા.સમગ્ર મામલે પાટણવાવ પોલીસની ટીમે સામસામે બંને પક્ષે પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધ્રોલના લતીપરમાં પત્ની રિસાઈ જતાં પ્રદિપ પસાયાનો આપઘાત

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના લતીપર લાલપુર ગામની સીમમાં આવેલી વાડીમાં ખેતમજૂરી કરતા ૨૯ વર્ષીય શ્રમિક યુવાને પત્ની સાથે થયેલી બોલાચાલી બાદ મનમાં લાગી આવતા ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે.મળતી વિગતો અનુસાર, મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ડુમકા ગામના વતની અને હાલ ધ્રોલના લતીપર લાલપુર સીમમાં મેપાભાઈ ચભાડીયાની વાડીમાં રહી ખેતમજૂરી કરતા પ્રદિપભાઈ કશનભાઈ પસાયા (ઉં.વ. ૨૯) થોડા દિવસ અગાઉ વતન ગયા હતા અને ત્યાં પાંચેક દિવસ રોકાયા હતા. આ બાબતે તેમજ ખેતીકામકાજ અંગે તેમની પત્ની કમીબેન સાથે તકરાર થઈ હતી.બોલાચાલી બાદ પત્ની રિસાઈને પોતાના ભાઈની વાડીએ ચાલી જતાં પ્રદિપભાઈને મનમાં લાગી આવ્યું હતું. જેના પગલે તેમણે વાડીએ પડેલી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી અસર થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

# અંજારના સુગરીયા ગામેથી જુગારધામ પકડાયું

## ૧૦ શખ્સોની ધરપકડઃ રૂા.૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે : પડાણામાં જુગાર રમતા આઠ ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે સુગરીયા ગામની સીમમાં દરોડો પાડી જુગાર રમતા ૧૦ આરોપીઓ જીવાભાઈ વાલાભાઈ ગુજરીયા, રમેશ સામતભાઈ હુંબલ, મોહનભાઈ ભીખાભાઈ કાપડી, જયંતીભાઈ શામજી ગુજરીયા, દર્શન રતાભાઈ ડાંગર, સિધ્ધરાજસિંહ નરપતસિંહ પરમાર, કુલદીપસિંહ રણજીતસિંહ જાડેજા, કેવલ લાલજીભાઈ સુથાર, વિરભદ્રસિંહ મહીપતસિંહ જાડેજા અને હરદીપસિંહ કિશોરસિંહ જાડેજાને ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને ગંજીપાનાં સહિત કુલ રૂ.૧,૪૨,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ કામગીરી અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ.જાડેજા, પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહી કરેલ છે.

પડાણા ગામની સીમમાં ખુલ્લી જગ્યાએ જુગાર રમતા ૮ શખ્સો અરવિંદભાઈ નવુભા વાઘેલા, અસગર ઓસમાણ સોઢા, મયુર સવાભાઈ બાબરીયા, રાજેશકુમાર શંભુભાઈ હુંબલ, ભરત શામજીભાઈ મરંડ, હરેશ ઘેલાભાઈ હુંબલ, પ્રકાશ શામજી ચાવડા અને બધાભાઈ ઘેલાભાઈ હુંબલને ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧,૦૪,૬૦૦ રોકડ તથા ગંજીપાના સહિતનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સર્વત્ર શ્રાવણીયો જુગાર : રાજકોટ જિલ્લામાં ૧૬ દરોડામાં ૮૯ ખેલી ઝપટે ચડ્યા

## લોધિકાની વાડીમાં ધમધમતા મસમોટા જુગારધામ પર મેટોડા પોલીસ ત્રાટકી, રૂ.૧૨.૮૭ લાખના મુદ્દામાલ સાથે આઠ શકુનીઓને દબોચ્યા

### શાપર, મેટોડા, પડધરી, ગોંડલ, જામકંડોરણા, સુલતાનપુર, જેતપુર, ધોરાજી, ભાયાવદર પોલીસની કાર્યવાહી : કુલ રૂ.૨૦.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સર્વત્ર શ્રાવણીયા જુગારના પાટલા મંડાયા હોય તેમ ગ્રામ્ય પોલીસે એક જ દિવસમાં ૧૬ દરોડા પાડી ૧૪ મહિલાઓ સહીત ૮૯ ખેલીઓને દબોચ્યા હતા જયારે એક જુગારી નાસી જતાં તેની શોધખોળ આદરવામાં આવી હતી. પોલીસે આ તમામ દરોડામાં કુલ રૂ. ૨૦,૪૨,૬૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જુગારના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર મેટોડા જીઆઈડીસી પોલીસે દેવગામ-રાજકોટ-કાલાવડ રોડ પર સંજય ભુતની વાડીની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. પોલીસે સંજય ભુત, સંકેત સાવલીયા, દીપક વાઘેલા, મહેશ ભુત, અશોક ભુત, મનસુખ ભુત, શક્તિસિંહ જાડેજા અને નીતિન સાવલીયા સહિત આઠ શખ્સોને ઝડપી લીધા હતા. સ્થળેથી રૂ.૮૭,૭૦૦ રોકડા, રૂ.૧૨ લાખની કાર અને રૂ.૬૦ હજારના સાત મોબાઈલ સહિત કુલ રૂ.૧૨,૮૭,૭૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

શાપર-વેરાવળ પોલીસે કાંગશિયાળી સીમમાં આવેલા 'શ્યામ સેલ્સ કોર્પોરેશન'માં દરોડો પાડી જેન્તી ડેડાળીયા, મુકેશ ભલાણી, ચીરાગ ઉંજિયા, વિજય દેકીવાડીયા, અજીત કટારીયા, મયુર ભલાણી અને રમેશ ભલાણી સહિત સાતને ઝડપી લીધા હતા. પોલીસે રૂ.૪૩,૪૦૦ રોકડા, બે વાહન રૂ.૩.૯૦ લાખ અને સાત મોબાઈલ રૂ.૬૦ હજાર સહિત રૂ.૪,૯૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જેતપુર સિટી પોલીસે હરિઓમ પેલેસ, દેસાઈવાડીમાં ચેતનાબેનના મકાનમાં દરોડો પાડી ચેતનાબેન, દુર્ગાબેન ઉર્ફે દીપાલીબેન, શીતલબેન, કાજલબેન, સંગીતાબેન ઉર્ફે ચંદ્રીકાબેન અને શોભાબેન સહિત છ મહિલાઓને ઝડપી લીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ મકાનમાં બહારથી માણસોને બોલાવી જુગાર રમાડવાની અને નાલ ઉઘરાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થળેથી રૂ.૮૩,૮૫૦ રોકડા તથા ગંજીપાનાં મળી કુલ રૂ.૮૩,૮૫૦નો મુદ્દામાલ કબજે થયો હતો.

શાપર-વેરાવળ પોલીસે કાંગશિયાળી-રાજપથ સીએસ્ટા ખાતે વિજય રાદડિયાના મકાનમાં દરોડો પાડ્યો હતો. વિજય રાદડિયા ઉપરાંત ગીતાબેન, સવિતાબેન, લતાબેન, ભાવનાબેન, સુશીલાબેન અને રમાબેન સહિત સાત સામે કાર્યવાહી કરવામાં આવી હતી. અહીંથી રોકડ, નાલના રૂપિયા અને મોબાઈલ સહિત રૂ.૪૫,૩૫૦નો મુદ્દામાલ કબ્જે થયો હતો.સુલતાનપુર પોલીસે નવાગામમાં કરેલા અન્ય દરોડામાં નવલગીરી ગોસ્વામી, મુળજી વિરાણી, દીપક મકવાણા, મનીષાબેન મોરબીયા અને પ્રિયાબેન મકવાણા સહિત પાંચ સામે કાર્યવાહી કરી હતી. મહિલાઓને મહિલા પોલીસની હાજરીમાં પોલીસ મથકે હાજર થવા સમજાવવામાં આવી હતી. જ્યારે હરેશ ઉર્ફે હરી પોલીસને જોઈ નાસી છૂટ્યો હતો. સ્થળેથી રોકડ, મોબાઈલ અને મોટરસાઈકલ સહિત રૂ.૩૦,૩૧૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ગોંડલ તાલુકા પોલીસે ચોરડી ગામે વિજય ઓળવીયા, રવજી સોલંકી, રાજુ ઓળવીયા અને વિપુલ સોલંકી સહિત ચારને ઝડપી રૂ.૫,૨૦૦ કબજે કર્યા હતા. પડધરી પોલીસે આંબેડકરનગરમાં પ્રમોદ ડાભી સાથે હંસાબેન પાટડીયા, હીનાબેન વાંસફોડા, નિતાબેન નગાણી અને ભાવનાબેન પરમાર સહિત પાંચ સામે કાર્યવાહી કરી રૂ.૧૦,૪૫૦ કબજે કર્યા હતા. આ કેસમાં નોટિસ આપી કાર્યવાહી કરવામાં આવી હોવાથી આ આરોપીઓને પણ ઉપરોક્ત ૯૩ ઝડપાયેલા આરોપીઓમાં ગણવામાં આવ્યા છે.ધોરાજી તાલુકા પોલીસે ભુતવડ ગામે મનસુખ બારૈયા, અરવિંદ બારૈયા, વિનેશ બારૈયા, પ્રવિણ બારૈયા અને જીતેન્દ્ર બારૈયા સહિત પાંચને ઝડપી રૂ.૧૦,૨૫૦ કબજે કર્યા હતા.

જેતપુર તાલુકા પોલીસે અમરાપર સીમમાં ભીખુ કુવારદા, દલસુખ ઉંધાડ, રવજી પરમાર, ભરત મકવાણા, શામજી કુવારદા, ધીરૂ જોટાણીયા અને રોહિત પીલુકીયા સહિત સાતને ઝડપી રૂ.૧૨,૧૩૦ કબજે કર્યા હતા. ચાંપરાજપુરમાં જયરાજ ગીડા, રમેશ વઘાસીયા અને દિનેશ બુટાણી સહિત ત્રણ પાસેથી રૂ.૪,૦૦૦, જયારે ભાયાવદરમાં અનક ઉર્ફે અનકો જળુ, અનિરૂધ્ધ માંકડ, શિવરાજ કહોર અને લતેશ માંકડ સહિત ચાર પાસેથી રૂ.૧૧,૩૭૦ કબજે કરાયા હતા.જેતપુર ઉદ્યોગનગર પોલીસે દેરડીધાર આવાસ યોજનામાં ભાવીક પરમાર, અયાજ ઠાસરીયા, નઈમ મારફતીયા, વસીમ ગાંધી, એજાજ લાખાણી, વત્સલ સુચર, આયુષ ગોસાઈ, તુફેલ ખેડારા અને અફજલ શાહમદાર સહિત નવને ઝડપી રૂ.૧૧,૫૦૦ કબજે કર્યા હતા.

જામકંડોરણા પોલીસે સનાળા ગામે છ શખ્સોને ઝડપી રૂ.૨૮,૫૮૦, ઈન્દિરાનગરમાં ત્રણ પાસેથી રૂ.૭૧૦ તથા દશામાના મંદિર પાસે ચાર શખ્સો પાસેથી રૂ.૧,૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ધોરાજી સિટી પોલીસે રામપરામાં જાહેર રોડ પર ઘોડીપાસાનો જુગાર રમતા જયેશ મેણીયા, ધર્મેન્દ્ર ઉર્ફે મુનો શંખેસરીયા, સંજય વાઘોરા, સુનીલ શિહોરા અને અજય સંખેશરીયા સહિત પાંચને ઝડપી રૂ.૧૪,૨૧૦ કબજે કર્યા હતા

# જામનગરમાં એસ.ટી.ના ડ્રાઈવરની બેદરકારી: ચાલુ બસે બાળકને સ્ટીયરિંગ સોંપતો વીડિયો વાયરલ

## મુસાફરોના જીવ જોખમમાં મૂકી માસૂમ બાળકને બસ ચલાવવાનું શીખવતા ચાલક સામે ભારે રોષ

**અબતક, જામનગર**

એસ.ટી. ડેપોમાંથી બહાર નીકળતી બસમાં ડ્રાઈવરે માસૂમ બાળકને બસનું સ્ટીયરિંગ સોંપી દીધું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી છે.

મંગળવારે રાત્રે ડેપોમાંથી બસ બહાર નીકળતી હતી ત્યારે સમગ્ર ઘટનાને એક રિક્ષાચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. વાયરલ થયેલા વીડિયોમાં ડ્રાઈવિંગ સીટ પર બેઠેલો ડ્રાઈવર પોતાના બાજુમાં એક બાળકને બેસાડીને બસ ચલાવવા દેતો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. બસનું સ્ટીયરિંગ બાળકના હાથમાં છે, જ્યારે ડ્રાઈવર તેની બાજુમાં બેઠેલો જોવા મળે છે.

એસ.ટી. બસમાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હોય છે, ત્યારે ચાલુ બસમાં બાળકને સ્ટીયરિંગ સોંપવાની આ હરકત મુસાફરોના જીવને ગંભીર જોખમમાં મૂકી શકે તેવી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ડ્રાઈવરની આવી બેદરકારીને કારણે કોઈ અકસ્માત સર્જાયો હોત તો તેની જવાબદારી કોની રહેત? તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.

વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ એસ.ટી. નિગમનું તંત્ર હરકતમાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જવાબદાર ડ્રાઈવરની ઓળખ મેળવવા તેમજ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ડ્રાઈવર સામે શિસ્તભંગની કાર્યવાહી ઉપરાંત સસ્પેન્શન સહિતનાં પગલાં ભરવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

મુસાફરોના જીવ સાથે ચેડાં કરતી આવી ગંભીર બેદરકારી સામે માત્ર કાગળ પરની કાર્યવાહી નહીં, પરંતુ જવાબદાર સામે દાખલારૂપ કડક પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# પતિના ત્રાસથી કંટાળેલી પત્નીએ ૧૧૨ની મદદ લીધી

## ઘરખર્ચના પૈસા માંગતાં ઝઘડો કરી મારકૂટ કરતો હોવાનો આક્ષેપ; બે પુત્રીની માતાએ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

**અબતક, જામનગર**

જામનગરના મયુર એવન્યુ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય પરિણીતાએ પોતાના પતિ સામે લાંબા સમયથી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવી છે.

મયુર એવન્યુ, આહીર કન્યા છાત્રાલય પાસે રહેતી મંજુબેન હેમંતભાઈ નકુમે ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના લગ્ન વર્ષ ૨૦૦૬માં જામનગરના હેમંત લાધાભાઈ નકુમ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને બે દીકરીઓ છે. ફરિયાદ મુજબ લગ્નના થોડા સમય બાદથી જ પતિ દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડો કરી ગાળો આપવા ઉપરાંત હાથ મરોડવા, ગાલ તથા શરીરના અન્ય ભાગોમાં થપ્પડ મારવા અને ઘરખર્ચ માટે નાણાં ન આપવાનો ત્રાસ શરૂ થયો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે પતિ પત્ની કે દીકરીઓની યોગ્ય સારસંભાળ રાખતા નહીં અને જરૂરિયાત સમયે દવા લેવા પણ લઈ જતા નહીં. આ ત્રાસ છતાં પોતાનો ઘર-સંસાર જળવી રાખવા માટે અત્યાર સુધી ચૂપચાપ સહન કરતી હોવાનું પરિણીતાએ જણાવ્યું છે.

દરમિયાન ફરિયાદી માર્કેટિંગનું કામ કરતી હતી ત્યારે કુરજીભાઈ નામના વ્યક્તિ સાથે મિત્રતા થઈ હતી અને છેલ્લા આશરે પાંચ વર્ષથી તેમની સાથે મિત્રતાના સંબંધો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પતિના ત્રાસથી કંટાળીને તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કુરજીભાઈ સાથે મૈત્રી કરાર કર્યો હોવા છતાં તે પતિ સાથે જ રહેતી હોવાનું પણ ફરિયાદમાં જણાવ્યું છે. આ દરમિયાન પતિ દ્વારા ફરી મારકૂટ કરવાની વાતની જાણ થતા ફરિયાદીએ ગઈકાલે પોલીસ અધિક્ષક કચેરી તથા સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં પતિ વિરુદ્ધ અરજી કરી હતી. અરજી કર્યા બાદ રાત્રિના આશરે આઠ વાગ્યે ઘરે પહોંચતાં પતિએ ફરી ઝઘડો કરી ગાળો આપી હાથ, પગ, વાંસો અને માથાના ભાગે ઢીકાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ છે.

મારકૂટ દરમિયાન ફરિયાદીની દીકરી કાવ્યાએ માતાના મોબાઈલ ફોનમાંથી જનરક્ષક વાહન ૧૧૨ને ફોન કરતાં પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્ત મંજુબેનને સારવાર માટે જી.જી. હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સારવાર પૂર્ણ થયા બાદ તેમણે પતિ હેમંતભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના બાવરીવાસ વિસ્તારમાં સ્પેશ્યલ કોમ્બીગ ડ્રાઈવ

**અબતક, જામનગર**

જામનગર સીટી સી ડીવી પો.સ્ટેમાં હિજામ સર્કલ બાવરીવાસ વિસ્તારમાં "સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઈવ"નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા અલગ અલગ દેશી દારૂના ધંધાર્થીઓને ત્યાં રેઈડ કરતા જેમા દેશી દારૂ લી - ૧૪૨ કિ રૂ. ૨૮,૪૦૦ નો કબ્જો કરવામા આવ્યો હતો, દેશી દારૂ બનાવવાનો કાચો આથો લી . ૬૦૦ કિં રૂ. ૩૫૦૦૦નો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

ડ્રાઈવ દરમ્યાન પ્રોહીબીશન ના ૧૭ કેશ, મિલ્કત સંબંધી ગુનાના ૯ આરોપીઓ ચેક કરાયા, એમ.સી.આર. ૧ ઈસમને ચેક કરાયો હતો.

આ ઉપરાંત ૨૫ જેટલા પ્રોહી બુટલેગર્સ /પ્રોહી ધંધાર્થી ચેક કરાયા હતા, જ્યારે ૪૫ વાહન ચેક કરવામાં આવ્યા હતા.

આ કામગીરી એલ.સી.બી./ એસ.ઓ.જી. પો.ઈન્સ શ્રી. વી.બી.ચૌધરી તથા સીટી સી ડીવી પો.સ્ટે પો.ઈન્સ એચ.વી.રાઠોડ તથા એલ.સી.બી. પો.સબ.ઈન્સ એમ.વી.ભાટીયા તથા એસ.ઓ.જી. પો.સબ.ઈન્સ. એલ.એમ.ઝેર, એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ, પોલીસ સ્ટાફ તથા સીટી સી ડીવીઝનના ડી સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જોડિયા નજીક અકસ્માતમાં ઘવાયેલા વૃદ્ધનું મોત

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના લખતર ગામ ના વૃદ્ધ નું બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા સાથે સારવાર માટે હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનુ સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું. જોડિયા તાલુકા ના લખતર ગામ ના ગગુભાઈ ભુરાભાઈ બોડા - પટેલ (૬૦) ગત તારીખ ૩ એપ્રિલ ના પોતા નું બાઈક લઈ ને ઘરે થી વાડી તરફ જતા હતા ત્યારે અકસ્માતે બાઈક સ્લીપ થતા તેઓ ને ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેને સારવાર માટે પ્રથમ ધ્રોલ ત્યાર પછી જામનગર અને ત્યાર પછી રાજકોટ ની હોસ્પિટલ માં લઈ જવાયા હતા . જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હોવા નું મૃતક ના પુત્ર વિપુલ ગગુભાઈ બોડા એ પોલીસ માં જાહેર કર્યું છે . આ અંગેની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ બી.એચ લાંબરીયા ચલાવી રહ્યા છે.

# દરેડ ગામમાં બે યુવાન ઉપર ચાકુ વડે હુમલો

## જન્મદિવસની પાર્ટી આપવા બાબતે માથાકુટ: પાડોશી સામે ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગર નજીકના દરેડ ઉદ્યોગિક વિસ્તારમાં કારખાના માં કામ કરતા અને ત્યાં જ રહેતા શ્રમિકો વચ્ચે ગઈકાલે જન્મદિવસની પાર્ટી બાબતે માથાકૂટ થઈ હતી. જેમાં એક શખ્સ ચાકુ વડે બે યુવકો ઉપર હુમલો કર્યો હતો.

જામનગર નજીક ના દરેડ વિસ્તાર માં રહેતા મૂળ ઉત્તર પ્રદેશ ના દિલીપ કલ્લુભાઈ જાદવ (૪૨) અને પવન કુમાર ઉપર ચાકુ વડે હુમલો કરવામાં આવ્યો હતો આથી બંને ગ્રસ્તો ને સારવાર માટે હોસ્પિટલ માં લઈ જવા હતા. જ્યાં દિલીપ જાટવ ની ફરિયાદ ના આધારે પોલીસે આરોપી સાગર રતનદાસ કાપડી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આરોપી પડોશી છે. ફરિયાદી દિલીપ જાટવ ના સાળા મનુકુમાર ઓમપ્રકાશ જાટવ નો જન્મદિવસ હોવાથી આરોપી એ તેની પાસે પાર્ટી માંગી હતી .પરંતુ દિલીપભાઈ ના પાડી હતી. આરોપી સાગર કાપડી મુશ્કેલાયો હતો અને ચાકુ વડે પવન કુમાર ઉપર હુમલો કર્યો હતો. આ દરમિયાન દિલીપ જાટવ વચ્ચે પડવા જતા તેના ઉપર પણ ચાકુ થી પ્રહાર કરી દીધો હતો. આથી બંને ને સારવાર માટે હોસ્પિટલ માં લઈ જવાયા હતા .જ્યાં દિલીપ જાટવ ની ફરિયાદ ના આધારે પોલીસે આરોપી સાગર રતનદાસ કાપડી સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. આ બનાવ અંગે ની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ બી જાડેજા ચલાવી રહ્યા છે.

# કાલાવડના વીર વાવ ગામમાં જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વિરવાવ ગામમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સો ને પોલીસે ઝડપી પાડ્યા હતા. તેની પાસેથી રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. કાલાવડ ના વિરવાવ ગામમાં જાહેર માં ગંજીપાના થી તીનપત્તી નો જુગાર રમતો હોવાની બાતમી ના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. અને વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ મેંદપરા (૫૦), સની ધેલાભાઈ ખોડા (૨૭), રવિ ઘેલાભાઈ ખોડા (૨૫) લાલજી મોહનભાઈ કુંભારવાડીયા (૩૩) ને ઝડપી લીધા હતા. પોલીસે જુગાર ના સ્થળે થી રૂ.૧૧૬૦૦ ની રોકડ કબજે કરી હતી.

# મેઘપર (પડાણા) ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીને ઝડપી લઈ રૂ.૯૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, જામનગર**

મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના વિસ્તારની ઘરફોડ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં આવ્યો છે.

મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) સહિતની કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં ફરિયાદીની ખાનગી કંપનીના સ્ટોર રૂમમાં રાખવામાં આવેલા કન્ટેનરમાંથી કોપરની પ્લેટોની ચોરી થઈ હતી. આ બનાવ અંગે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિંગના આધારે તપાસ હાથ ધરી હતી. જે ચોરીના મુદ્દામાલ સાથે પોલીસે સિક્કા ગામના મહેબુબભાઈ ગુલામભાઈ ઉર્ફે સલીમભાઈ ખલીફા (ઉ.વ.૩૫) તથા ચંગા પાટીયા, ગોરાણીયા પેટ્રોલપંપ નજીક રહેતા ગોપાલસિંહ ભંવરસિંહ રાવણા રાજપુત (ઉ.વ.૪૧)ને ઝડપી લીધા હતા.

પોલીસે બંને આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી કોપર ધાતુની પ્લેટ નંગ-૧૫, કુલ કિંમત રૂ.૯૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને આરોપીઓની ધોરણસર અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

**વંદે માતરમ...**

નાદોચ્ચાર કરતા દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું અને વર્ષો સુધી જેલમાં યાતનાઓ સહન કરી. કોંગ્રેસ પાર્ટી આજે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાને ફગાવીને પોતાના જ ૧૯૩૭ના પાર્ટી પ્રસ્તાવનું અનુસરણ કરી રહી છે. એ અત્યંત આશ્ચર્યજનક છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી એકવાર ફરી દેશમાં તુષ્ટિકરણની રાજનીતિને પૂરી તાકાતથી આગળ વધારી રહી છે. તેમણે દેશવાસીઓને અપીલ કરી કે તેઓ યાદ રાખે કે દેશે એકવાર 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી હતી અને તે ભૂલનું ગંભીર પરિણામ દેશે ભોગવવું પડ્યું હતું.અમિત શાહે કહ્યું કે, હવે દેશવાસીઓએ એકજૂટ થઈને કોંગ્રેસ પાર્ટીના આ નિર્ણય સામે અવાજ ઉઠાવવો જોઈએ અને એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે દેશમાં હવે તુષ્ટિકરણની રાજનીતિ સહન કરવામાં નહીં આવે. આ એક સ્વતંત્ર દેશ છે. અમિત શાહે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના ૮૦ વર્ષ પછી ૧૯૩૭માં કોંગ્રેસ દ્વારા લેવાયેલા નિર્ણયને સુધારવાનું કામ કર્યું છે. દેશની જનતા હવે આ સુધારાના વિરોધને બિલકુલ સહન નહીં કરે. ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ પાર્ટીના આ નિર્ણયની સખત નિંદા કરે છે અને જનતા વચ્ચે તથા સંસદમાં પણ આનો જોરદાર વિરોધ કરશે.

**સુપ્રીમ...**

બાદ આ કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ૩૦ વર્ષ સુધી વરિષ્ઠ નાગરિકો તરીકે તેમણે પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે લાંબી લડાઈ લડી.

**ગાંધીજી...**

પ્રભાવશાળી વ્યક્તિત્વને એક નિકટના સંબંધ દ્વારા જોવાની દુર્લભ તક પૂરી પાડે છે અને ગાંધીજીના અંગત જીવન તથા વિચારોની ઊંડી ઝાંખી કરાવે છે.

લેખક અને ઈતિહાસકાર સાઝ અગ્રવાલ અનુસાર, આનંદ હિંગોરાણી ૧૩ વર્ષની ઉંમરથી જ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈ માત્ર ખાદી પહેરતા હતા. ૧૯૨૯માં કરાચી અને લાહોર કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીને મળ્યા બાદ તેઓ સાબરમતી આશ્રમમાં રહ્યા હતા અને દાંડી માર્ચમાં ભાગ લેનારા એકમાત્ર સિંધી હતા. આઝાદી મળ્યા બાદ ૧૯૪૭માં જવાહરલાલ નેહરુએ ગાંધીજીના સૂચનથી હિંગોરાણીને કેબિનેટ મંત્રી બનાવવાની ઓફર કરી હતી, પરંતુ તેમણે હોદ્દો સ્વીકારવાને બદલે ગાંધીજીના વિચારોના પ્રચાર અને પબ્લિશિંગ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

**રૂપિયામાં પેમેન્ટ...**

ઈન્ડિયા છેલ્લા કેટલાક સમયથી રૂપિયામાં વેપારને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ અંગે આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર રોહિત જૈને જણાવ્યું હતું કે, સ્પેશિયલ રૂપિયા વોસ્ટ્રો એકાઉન્ટ્સ મારફતે રૂપિયાનો વ્યાપારી હેતુથી સફળ ઉપયોગ કોમર્શિયલ વાયેબિલિટી, ટુ-વે ટ્રેડ કોરિડોર, બેન્કિંગ સંબંધો અને માર્કેટ આધારિત રેટ પર નિર્ભર રહેશે. વધુમાં, બેંકોએ પ્રથમ વખત આ સિસ્ટમનો ઉપયોગ કરતા ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપવું પડશે અને મની લોન્ડરિંગ વિરોધી નિયંત્રણોને વધુ મજબૂત કરવા પડશે. ટ્રેડ થિંક ટેન્ક જીટીઆરઆઈના જણાવ્યા અનુસાર, ડિજીએફટી નો આ નવો સુધારો ફોરેન ટ્રેડ પોલિસીને આરઃ૩બીઆઈ૯ઈ ના ૨૦૨૩ ના ફોરેન-એક્સચેન્જ રેગ્યુલેશન્સ સાથે સુસંગત બનાવે છે, / ચલણના ૨ મદદ મળી શકે છે. જોકે, રૂપિયો સંપૂર્ણપણે કન્વર્ટિબલ ન હોવાથી વિદેશી બેંકો મોટા પ્રમાણમાં રૂપિયાનું બેલેન્સ જાળવી રાખવામાં ખચકાટ અનુભવે છે તે હજુ પણ એક મોટો પડકાર છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**સીવિલ હોસ્પિટલ...**

સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા રેસીડેન્સી ડોક્ટરો વીજળીક હડતાલ પર ઉતર્યા હતા જેની જાણ થતા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડ અને આરએમઓ સહિતના એચ.ઓ.ડી. ડોક્ટરો દોડી ગયા હતા અને રેસીડેન્ટ ડોક્ટર સાથે વાર્તાલાપ કરી યોગ્ય પગલાં લેવાની ખાતરી આપતા રેસિડન્ટ ડોક્ટરોની હડતાલ સમેટાઈ હતી આ અંગે મળતી માહિતી મુજબ શહેરની સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે આસપાસ ઈમરજન્સી વિભાગમાં એક દર્દીને દાખલ કરવા બાબતે મહિલા તબીબ ડો ક્રિશા શિંગાળા એ સિનિયર મેડિકલ ઓફિસર ડોક્ટર અશ્વિન રામાણી સમક્ષ રજૂઆત કરતા ડો રામાણી વિફર્યા હતા અને મહિલા તબીબને કાન માંથી કીડા ખરે તેવી ગાળો ભાંડી અને ફડાકા મારવાનો આક્ષેપ થતા ડોક્ટરને લાંછન લાગે તેવા કૃત્યથી કુતૂહલ અને સમગ્ર મામલે અફરાતફરી સર્જાઈ હતી સિક્યુરિટી સ્ટાફ દ્વારા વચ્ચે પડી છૂટ પાડ્યા હતા જેમાં મહિલા તબીબને ગાળો ભાંડતા હોવાનો વિડ્યો પર સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો સમગ્ર ઘટનામાં મહિલા તબીબ દ્વારા મહિલાઓની સુરક્ષા અંગે પ્રનગર પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયા હતા અને ડો રામાણી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ કરી હતી બાદ મહિલા તબીબ પર થયેલા હુમલાબાદ સુરક્ષા અને અભદ્ર વર્તન બાબતે રેસીડેન્ટ જુનિયર ડોક્ટરો સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર રામાણીને હટાવવા સૂત્રોચાર કર્યા હતા તેમજ વિજળીક હડતાળ પર ઉતરી ગયા હતા હડતાળ પર ઉતરેલ જુનિયર રેસિડેન્ટ ડોક્ટરએ જેમાં ૧૦૮ ઈમરજન્સી ને પણ સેવાઓ અટકાવવા પ્રયાસ કર્યો હતો સમગ્ર મામલે સિવિલ હોસ્પિટલમાં લોકોના ટોળા એકઠા થયા હતા મેડિકલ ઈમરજન્સીના રેસીડેન્ટ જુનિયર ડોક્ટરોના મામલે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડ મોનાલી માકડીયા અને આર.એમ.ઓ હર્ષદ દૂસરા ઘટના સ્થળે દોડી ગયા હતા અને જુનિયર રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા સુપ્રિટેન્ડને જણાવેલ કે મહિલા ડોક્ટરની સુરક્ષા બાબતે સવાલો ઉઠાવ્યા તેમજ અગાઉ પર ડો રામાણી દ્વારા પર આવું વર્તન કરવા અંગ ફરિયાદ કરેલ છે અને મહિલા તબીબ પર હાથ ઉપાડવો કેટલી યોગ્ય છે તેવા આક્ષેપો કર્યા હતા તેમજ ડો રામાણી વિરુદ્ધ પગલા ભરવાની રજૂઆત કરી હતી જેથી સુપ્રિટેન્ડ મોનાલી માકડિયાએ સમસ્યાને શાંતિ પૂર્ણ રીતે સાંભળ્યા હતા અને આજે સવારે ૧૦ વાગ્યા મિટિંગ નું આયોજન પણ કર્યું છે અને મોનાલી માકડિયાએ સમિતિ રચના કરવા અને પગલા લેવાની ખાતરી આપતા જુનિયર રેસિડેન્ટ ઈમરજન્સી ડોક્ટરે હડતાળ ને સમેટી હતી.

**ડો. રામાણી...**

દર્દીનું મોત થયા સમગ્ર મામલે ડો ક્રિશા દ્વારા જણાવેલ કે તમે મૃત દર્દીને એડમિટ કરાવ્યું હતું જેથી અગાઉ પણ જુનિયર ડોક્ટર દ્વારા ગંભીર દર્દીને એડમિટ કરવા જુનિયર ડોક્ટર માથાકૂટ કરતા હોય તેમજ ક્રિશાને અનેકવાર મેં અને સિક્યુરિટી સ્ટાફ સમજવા છતાં ખોટી માથાકૂટનો વીડિયો ઉતારતા હોય અને કામનું ભારણ હોવાથી મેં મોબાઈલ પર હાથ માર્યો હતો અને ગુસ્સે થઈ કડક શબ્દો કીધા હતા અને જુનિયર ડોક્ટર દર્દીને યોગ્ય સારવાર ન કરવા અને યોગ્ય કામ ન કરવા બાબતે અગાઉ સુપ્રિટેન્ડેન્ટ સહિતને રજૂઆત કરેલ છતાં કોઈ પગલા લેવાયા નથી.

**સંસ્કૃત સપ્તાહ...**

તાલુકા સ્તરીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે.

આ સમિતિઓમાં શિક્ષણ તંત્ર ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર, સંસ્કૃતજ્ઞો, શિક્ષણવિદો તથા સામાજિક સંસ્થાઓને જોડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજી સંસ્કૃતને જનભાગીદારી સાથે જોડવામાં આવશે.તા.૨૫ ઓગસ્ટથી સંસ્કૃત ગૌરવ યાત્રા સંસ્કૃત ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગ્રંથો તથા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શોભાયાત્રા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોની ભાગીદારીથી ઉજવણી શરૂ કરવામાં આવશે. તા. ૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ. સોશિયલ મીડિયા પર સંસ્કૃત સંદેશાઓનો પ્રસાર કરાશે.

૨૯ ઓગસ્ટ સંસ્કૃત સાહિત્ય દિન નિમિત્તે વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો અને સુભાષિતોનું વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, કાવ્યપઠન અને નિબંધ સ્પર્ધાઓ યોજાશે.

તા.૩૧ ઓગસ્ટના રોજ સામૂહિક સુભાષિત પઠન દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ ઉલ્લેખિત ૧૦ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું સામૂહિક પઠન અને રાજ્યસ્તરીય સમાપન નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીના સંસ્કૃત પ્રત્યેના સત્સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ તેમજ 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ભારતની જ્ઞાનપરંપરા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનને નવી દિશા મળી છે. એનઈપી-૨૦૨૦ માં ભારતીય ભાષાઓ અને સંસ્કૃતને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

"સંસ્કૃત માત્ર એક ભાષા નથી; તે ભારતની જ્ઞાનપરંપરા, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાનું જીવંત સેતુ છે. પરિપત્રનું પ્રસરણ એ કાર્યનો અંત નથી; દરેક શાળામાં પ્રવૃત્તિ થાય, દરેક વિદ્યાર્થી સંસ્કૃત સાથે જોડાય અને સમાજમાં સંસ્કૃત પ્રત્યે ગૌરવની ભાવના જાગે એ જ આ આયોજનની સાચી સફળતા છે."તેમ હિમાંજય પાલીવાલ ચેરમેન , ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત શ્લોકપઠન, ગીતા પઠન, નિબંધ-વક્તૃત્વ, પ્રદર્શન, સંસ્કૃત નાટ્ય, અને ડિજિટલ સંસ્કૃત સર્જન સહિતની પ્રવૃત્તિઓથી સમગ્ર રાજ્ય ગૂંજી ઉઠશે.

**એસટી નિગમ...**

મુસાફરોને સુરક્ષિત અને સુવિધાજનક પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે બહેનો અને પરિવારજનો કોઈપણ પ્રકારની અગવડ વિના મુસાફરી કરી શકે તે હેતુથી એડવાન્સ બુકિંગ અને વધારાની બસોની પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નિગમ દ્વારા જાહેર જનતાને આ વિશેષ પરિવહન સેવાનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**એમેઝોન પાઠ્યપુસ્તકો...**

તેવા આશયથી મંડળે એમેઝોન સાથે આ મહત્વપૂર્ણ કરાર કર્યા છે. આ નવીન પહેલના પરિણામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ જરૂરિયાત મુજબ એમેઝોન પ્લેટફોર્મ પરથી સંબંધિત ધોરણના પાઠ્યપુસ્તકો સરળતાથી ઓનલાઈન ઓર્ડર કરી શકશે. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ રાજ્ય સરકારની પહેલને ઐતિહાસિક ગણાવી જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં ગુજરાત સરકારે 'ઈઝ ઓફ એજ્યુકેશન'ની દિશામાં એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. આ કરાર હેઠળ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ તમામ માધ્યમ અને ધોરણોના પાઠ્યપુસ્તકો એમેઝોન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં શિક્ષણનું મજબૂત ઈકોસિસ્ટમ તૈયાર થઈ રહ્યું છે. ૧૦૦ ટકા નામાંકન અને સુવિધાસભર શાળાઓના નિર્માણ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ છેવાડાના બાળક સુધી પહોંચાડવા અમારી સરકાર કટિબદ્ધ છે.

તેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ડિલિવરી ચાર્જ લીધા વિના માત્ર પુસ્તક પર છાપેલી નિયત કિંમતે જ ઘરે બેઠા પુસ્તકો પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે અપાતા પાઠ્યપુસ્તકો ઉપરાંત, જે વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવાની જરૂરિયાત હોય તેઓ હવે બુક સ્ટોર પર ગયા વગર સીધા ઓનલાઈન ઓર્ડર કરી શકશે.

આ પ્રસંગે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના પ્રમુખ મનુભાઈ પવરાએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી અંતર્ગત સેલ્ફ-ફાઈનાન્સ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હવે પુસ્તકો ખરીદવા માટે રિટેલર કે ડિસ્ટ્રિબ્યુટરની દુકાનોના ધક્કા ખાવા નહીં પડે અને સમયનો પણ બચાવ થશે. એમેઝોનના વિશાળ લોજિસ્ટિક્સ નેટવર્ક દ્વારા પુસ્તકો વિદ્યાર્થીઓના ઘર સુધી સમયસર પહોંચાડવામાં આવશે. જેના પરિણામે સત્રની શરૂઆતમાં બુક સ્ટોર્સ પર થતી ભીડ, લાંબી કતારો અને સમયના વ્યયમાંથી વાલીઓ-વિદ્યાર્થીઓને કાયમી રાહત મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા દર વર્ષે સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંદાજે ૧.૫ કરોડ ગુણવત્તાસભર પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે. હાલમાં આ પુસ્તકો તમામ જિલ્લાઓના અધિકૃત વિતરકો મારફતે પુસ્તક વિક્રેતાઓ સુધી પહોંચાડવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ બોર્ડ ઑફ સ્કૂલ ટેક્સ્ટ બુક્સ અને એમેઝોન ઈન્ડિયા વચ્ચે મહત્વપૂર્ણ ભાગીદારી કરવામાં આવી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાતભરના લાખો વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રીને વધુ સુલભ, વાજબી કિંમતે અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાનો છે. આ ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જરૂરી અભ્યાસસામગ્રી સરળતાથી મળી રહેશે, જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફરને વધુ સશક્ત બનાવશે.

**લઠ્ઠાકાંડ...**

પીવાથી મોત થયું હતું. પરંતુ ભાવનગરમાં પીએમ કરાવ્યા વિના જ તેનો મૃતદેહ પરિવારજનોને સોંપી દેવાતાં સંબંધિત કોન્સ્ટેબલને પણ સસ્પેન્ડ કરાયો છે. ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે ભાવનગર બાર એસોસિએશન અને સ્થાનિક વકીલોએ માનવતા દાખવીને આ ઘાતક લઠ્ઠાકાંડના આરોપીઓ વતી કોર્ટમાં કેસ ન લડવાનો મક્કમ નિર્ણય કર્યો છે.

**અમિત ચાવડા...**

સરકાર જવાબદાર છે. ભાવનગરનો હાલનો દુઃખદ બનાવ કોઈ પહેલો બનાવ નથી. વર્ષ ૨૦૦૯માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં ૧૪૦થી વધુ લોકોનાં મોત થયા હતા અને આશરે ૨૦૦ લોકોની આંખોની રોશની જતી રહી હતી. વર્ષ ૨૦૧૬માં સુરતમાં લઠ્ઠાકાંડમાં ૧૬થી વધુ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૨માં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને બોટાદમાં બનેલા લઠ્ઠાકાંડમાં ૫૦ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૪માં ગાંધીનગરના દેહગામમાં બનેલા લઠ્ઠાકાંડમાં બે લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષ ૨૦૨૫માં ખેડાના નડિયાદમાં લઠ્ઠાકાંડમાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા.વર્ષોથી આવી ઘટનાઓ બનતી હોવા છતાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે. આ પરંપરા પાછળનું મુખ્ય કારણ ભાજપ સરકારમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી છે. જો સરકાર દારૂ અને ડ્રગ્સમાંથી હપ્તા લેવાનું બંધ કરીને દારૂબંધીના કાયદાનો ઈમાનદારીપૂર્વક અમલ કરાવે તો ગુજરાતમાં એક ટીપું પણ દારૂ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરંતુ પૈસા કમાવાની લાલસા અને હપ્તાખોરીના કારણે સરકાર દારૂના ગેરકાયદેસર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતી નથી.


ભાવનગર જિલ્લાના કરકડી ગામે બનેલા તાજેતરના લઠ્ઠાકાંડ અંગે પોલીસની એફઆઈઆરમાં ઝેરી કેમિકલયુક્ત લઠ્ઠાના કારણે લોકોનાં મોત થયાની વિગતો નોંધવામાં આવી છે. આ બનાવમાં આશરે છ લોકોનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે અને અનેક લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. એફઆઈઆરમાં નોંધાયેલી વિગતો મુજબ ડુપ્લિકેટ દારૂ બનાવવા માટે મિથેનોલ અમદાવાદના સરખેજથી ટ્રાન્સપોર્ટ મારફતે ભાવનગર સુધી લઈ જવામાં આવ્યું હતું. વધુ ગંભીર બાબત એ છે કે આ ડુપ્લિકેટ દારૂ બનાવનારા આરોપીઓએ અગાઉ પણ બે વખત આ રીતે ડુપ્લિકેટ દારૂ બનાવીને વેચ્યો હોવાનું એફઆઈઆરમાં નોંધાયું છે.

જો આટલી પેટી દારૂ લાવવામાં આવ્યો હતો, આટલો દારૂ બનાવવામાં આવ્યો હતો, મટીરીયલ ક્યાંથી આવ્યું હતું, ક્યાં સ્ટોરેજ થયું હતું અને ક્યાં સપ્લાય કરવામાં આવ્યું હતું તેની વિગતો પોલીસને બનાવ બન્યા બાદ અને લોકોનાં મોત થયા બાદ જ કેમ મળે છે? આ તમામ બાબતોની અગાઉથી પોલીસને જાણ કેમ ન થઈ? હપ્તો લેવાની લાલસાના કારણે આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિને પહેલાં કેમ રોકવામાં આવી નહીં? લોકોનાં મોત થયા બાદ જ પોલીસ કાર્યવાહીના નામે તમામ વિગતો સામે આવે છે તે અત્યંત ગંભીર બાબત છે.ગુજરાતની જનતાનો સવાલ છે કે દારૂબંધીનો કાયદો શેના માટે છે? સરહદો પરથી કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં આવે છે તો તેના માટે કોણ જવાબદાર છે? કોઈ વિસ્તારમાં દારૂ વેચાય અને લઠ્ઠાકાંડ થાય ત્યારે માત્ર જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓને જ જવાબદાર ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. એસ.પીની જવાબદારી કેમ નક્કી થતી નથી? રેન્જ આઈજીની જવાબદારી કેમ નક્કી થતી નથી? ડીજીપીની જવાબદારી કેમ નક્કી થતી નથી? રાજ્યના ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવીને જવાબદારી કેમ સ્વીકારતા નથી? મુખ્યમંત્રી કેમ દિલગીરી વ્યક્ત કરીને એ સ્વીકારતા નથી કે તેમની સરકાર દારૂબંધીના કાયદાનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે અને તેના કારણે નિર્દોષ લોકોનાં જીવ ગયા છે?

રાજ્યના ગૃહમંત્રીની મૂળભૂત જવાબદારી ગુજરાતની જનતાની સલામતી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની અને દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવાની છે. પરંતુ ગૃહમંત્રી ક્યાંક ગરબા રમતા, ક્યાંક રીલ્સ બનાવતા કે અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત જોવા મળે છે, જ્યારે ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં લોકોનાં મોત થઈ રહ્યાં છે. ગૃહમંત્રીએ પોતાની મૂળભૂત જવાબદારી નિભાવવાની જરૂર છે. તેથી કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માગ છે કે ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવે, પોતાની જવાબદારી સ્વીકારે અને જો થોડી પણ નૈતિકતા હોય તો તાત્કાલિક રાજીનામું આપે.કોંગ્રેસ પક્ષની બીજી મુખ્ય માગણી અંગે ભાવનગર લઠ્ઠાકાંડની સમગ્ર ઘટનાની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં સીટ બનાવીને નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. આ કોઈ પ્રથમ બનાવ નથી, પરંતુ વારંવાર આવા બનાવો બની રહ્યા છે અને નિર્દોષ લોકોનાં જીવ જઈ રહ્યા છે. તેથી માત્ર નાના આરોપીઓની ધરપકડ કરીને સમગ્ર પ્રકરણનો અંત લાવી શકાય નહીં. દારૂ બનાવનારાઓથી લઈને સપ્લાય કરનારાઓ, મિથેનોલ પહોંચાડનારાઓ, ગેરકાયદેસર નેટવર્ક અને તેની સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા પોલીસ તથા વહીવટી તંત્રની ભૂમિકા સહિત સમગ્ર કડીની તપાસ થવી જોઈએ.ભાવનગરમાં બનેલા લઠ્ઠાકાંડની હકીકત જાણવા, અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા અને સમગ્ર પ્રકરણની જાત તપાસ કરવા માટે કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ કે જેમાં પ્રદેશ કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ, પ્રદેશ ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશના મહામંત્રી હરિભાઈ ભરવાડ અને વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ), ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ, ભાવનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવિણભાઈ રાઠોડ આજે ભાવનગરની મુલાકાત લેશે. પ્રતિનિધિમંડળ સમગ્ર ઘટનાની હકીકત, જવાબદાર લોકો અને તંત્રની ભૂમિકા અંગે માહિતી મેળવી વિગતવાર રિપોર્ટ તૈયાર કરશે અને આવનારા વિધાનસભા સત્રમાં આ મુદ્દે સરકારને જવાબદાર ઠેરવીને ચર્ચા કરવામાં આવશે. સાથે જ ગુજરાતની જનતાના હિતમાં ગૃહમંત્રીના રાજીનામાની માગણી પણ વિધાનસભામાં ઉઠાવવામાં આવશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** કપિલાબેન જેરામભાઈ શિશાંગીયા, ઉંમર ૭૪ વર્ષ,નું તા. ૨૦/૦૮/૨૦૨૬ના અવસાન થયેલ છે. તેઓ વાળંદ સમાજના પૂર્વ પ્રમુખ સ્વ. જેરામભાઈ ગોપાલજી શિશાંગીયાનાં પુત્રી થાય કપિલાબેને દ્વારકા પી.વી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે આજીવન સેવા આપી હતી. તેમનું ટેલિફોનિક બેસણું તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે.સંપર્ક : નૌતમભાઈ જે. શિશાંગીયા (મોટાભાઈ) - ૯૯૨૫૮ ૫૬૩૭૩ હસમુખભાઈ જે. શિશાંગીયા (ભાઈ) - ૯૭૨૭૬ ૮૫૦૧૮ પ્રતિભાબેન શિશાંગીયા (ધામેલીયા) (બહેન) - ૯૯૭૮૩ ૯૫૩૫૯.

**ઉના :** ઉના નિવાસી ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ દિપ્તીબેન અરવિંદભાઈ દવે તે અરવિંદભાઈ લાભશંકર અને ગીતાબેન અરવિંદભાઈ દવેના પુત્રી, હેતલબેન કિશોરકુમાર પંડયા (મોવિયા) અને નિખિલ અરવિંદભાઈ દવે (રાજકોટ)ના બહેનનું તા. ૨૦/૮/૨૦૨૬ના અવસાન થયેલ છે. સતગનું બેસણું તા. ૨૨/૮/૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે બાલાજી મંદિર, શિશુ ભારતી સ્કુલની પાસે, તુલસીધામ સોસાયટી, ઉના ખાતે રાખેલ છે.

**રાજકોટ :** જયશ્રીબેન પ્રવીણભાઈ વડેરા, (ઉ.વ. ૬૬)નું તા. ૨૦ના રોજ ગુરૂવારે અવસાન થયેલ છે. તેઓ પ્રવીણભાઈ ભાઈલાલભાઈ વડેરાનાં પત્ની, નિલેશભાઈ, વિપુલભાઈ, કલાબેન તથા બીનાબેનનાં માતૃશ્રી, મીત તથા શુભમનાં દાદી અને વીનુભાઈનાં ભાભી થાય સદ્ગતનું ઉઠમણું તા. ૨૧ , શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન નાગેશ્વર મહાદેવ મંદિર, અશોક સમ્રાટ સ્કૂલ, મોરારી નગર મેઈન રોડ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાળંગપુર ધામના કષ્ટભંજનદેવને શાકભાજી થીમવાળા વાઘા અને શૃંગાર સજીત મનમોહિત દર્શન



**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખઃ૨૧-૦૮-૨૦૨૬ને શુક્રવારના રોજ દાદાને શાકભાજીની થીમવાળા વિશેષ વાઘા પહેરાવ્યા એવં સિંહાસને શણગાર કરાયો એવં સુરણ, રીંગણ, ટામેટા, શકરીયા, ગુવાર, દુધી, બીટ, મુળા વિગેરે શાકભાજીની હાટડી કરાઇ હતી. આ શાકભાજી ભક્તોને પ્રસાદ તરીકે વિતરણ કરાશે. સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પુજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કર્યો છે. અનેક ભક્તો દ્વારા ધજા ચઢાવવામાં આવી હતી.

સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા.૧૩-૦૮-૨૦૨૬ થી તા.૧૧-૦૯-૨૦૨૬ સુધી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ દ્વારા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર-દર શનિવારે ફ્રુટ અન્નકૂટ,છપ્પન ભોગ અન્નકૂટ, ચોકલેટ અન્નકૂટ,ડ્રાયફ્રૂટ મીઠાઈ અન્નકૂટ જેવા અનેક દિવ્ય અન્નકૂટ દર્શન, દર મંગળવારે સંગીતમય સુંદરકાંડ પાઠ,સંપૂર્ણ શ્રાવણ માસ નિમિત્તે દૈનિક મારુતિ યજ્ઞ, દર રવિવારે સાંજે ૪:૪૫ કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજન સાથે મહાસંધ્યા આરતી,દર સોમવારે દાદાને શિવસ્વરૂપ દિવ્ય શણગાર,શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળા દર્શન સાથે દિવ્ય સત્સંગ કથા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ આદિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

## ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ દ્વારા

# શિવરાજગઢ સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે યુ.કે. અને સુરતથી આવી ભાવભરી ભેટો



**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ દ્વારા સમાજસેવી હિતેશભાઈ દવે દ્વારા સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવાર ના વિદ્યાર્થીઓ ને ઉચ્ચ અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરવા વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરવામાં આવી રહેલ છે.. લંડન સ્થિત નેહાબેન મનીષભાઈ દવે પરિવારના બાળકો ક્રિષ્ના,પ્રિયા અને હરિકૃષ્ણ ના શુભ જન્મ દિવસ નિમિત્તે શિવરાજગઢ ખારાવાડી સરકારી સીમ શાળાના ધોરણ ૧ થી ૮ અને બાલવાડી ના તમામ વિદ્યાર્થીઓ માટે શાળાના નામ સાથે ના ટીશર્ટ, શૈક્ષણિક કીટ,બોલપેન, પેન્સિલ. શાર્પનર, રબર, ફુટપટ્ટી, ફાઈવ સ્ટાર ચોકલેટ્સ, બિસ્કીટ ની ભેટ ઉપરાંત નિખિલભાઈ રાંક તરફથી બોલપેન અને સુરત નિવાસી અમિત જયેશભાઈ ગાંધી ના જન્મ દિવસ નિમિત્તે સમોસા,ગુલાબજાંબુ,વેફર,ચેવડા સાથે ભરપેટ ભોજન અને કોલ્ડડ્રિન્કસ હસ્તે નિલેશભાઈ મહેતા તરફથી શાળા ના તમામ વિદ્યાર્થીઓને પ્રેમભરી ભેટ આપવામાં આવી.તેમજ ગાયત્રી પરિવાર ના ચંદુભાઈ પટેલ તરફથી તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ વિષયો ની ઉપયોગી પુસ્તિકાઓ નો એક સેટ શાળા ને અર્પણ કરવામાં આવેલ..

આ તકે સમાજસેવી હિતેશભાઈ દવે ,નિલેશભાઈ મહેતા અને હિતેશભાઈ પંડ્યા ના હસ્તે બાળકોને ભેટ આપવા સાથે સુખી અને ઉજ્જવળ જીવન માટે અભ્યાસ નું મહત્વ,નિયમિત શાળા એ હાજરી આપવી.

# લખતરમાં પંજાબ નેશનલ બેંકની નવી શાખાનું વિનિશ ચાવલાના હસ્તે ઉદ્ઘાટન



**અબતક, રાજકોટ**

પંજાબ નેશનલ બેંકની લખતર શાખાનું ૧૯ ઓગસ્ટે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ શાખાનું ઉદ્ઘાટન અમદાવાદના ઝોનલ મેનેજર વિનિશ કુમાર ચાવલાના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજકોટના સર્કલ હેડ શિવ કુમાર શ્રીવાસ્તવ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મેનેજર (રાજભાષા) અભિષેક બરડત દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ શાખા મેનેજર સાહિલ દુબેજાએ કરી હતી. નવી શાખાના ઉદ્ઘાટનથી લખતર અને આસપાસના વિસ્તારોના ગ્રાહકોને આધુનિક અને બહેતર બેંકિંગ સુવિધાઓ પ્રાપ્ત થશે. આ પ્રસંગે, બેંકના અધિકારીઓએ આ વિસ્તારના વિકાસમાં બેંકની સક્રિય ભાગીદારી અને ગ્રાહકોને ઉત્કૃષ્ટ બેંકિંગ સેવાઓ પૂરી પાડવાની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# લખતર તાલુકા પંચાયતમાં કર્મચારીનું આકસ્મિક અવસાનઃ અંજલી અર્પણ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકા પંચાયતમાં સ્વચ્છ ભારત મિશન શાખામાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા રવિભાઈ ચંદ્રકાંતભાઈ પરમાર તેમના પત્ની દીપિકાબેન અને પુત્ર દિવ્યેશનું બે દિવસ પહેલા લખતર હાઈવે પર દેદાદરા ગામના પાટિયા પાસે અકસ્માતમાં મોત નીપજતા લખતર તાલુકા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓમાં શોકનો માહોલ છવાઈ ગયો છે ત્યારે ગુરુવારના રોજ લખતર તાલુકા પંચાયતના સભાખંડમાં કર્મચારી સહિત પરિવારજનોને શ્રદ્ધાંજલિ આપવા માટે ખાસ શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જે શોકસભામાં લખતર તાલુકા પંચાયતના પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, વિવિધ શાખાના અધિકારીઓ, કર્મચારીઓ, તલાટી કમ મંત્રી સહિતનાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બે મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

# વેરાવળઃ ઓવરબ્રિજનું કામ તાત્કાલીક ધોરણે પૂર્ણ કરવા કમિશનરને આવેદનપત્ર પાઠવાયું

## બ્રીજનું કામ ગોકળ ગતિએ ચાલતા રાહદારીઓમાં હાલાકી



**અબતક, જયેશ પરમાર, વેરાવળ**

વેરાવળ ખાતે છેલ્લા ઘણા સમયથી ૨ રેલ્વે ઓવર બ્રીજનું કામ ચાલી રહ્યું છે. વેરાવળ પાટણ દરવાજાથી ભીડીયા ભાલકા રોડ પર અને બીજુ વેરાવળ ૮૦ ફૂટ રોડ જે હજુ સુધી પૂર્ણ થયું નથી. અવાર-નવાર લેખિત પત્ર દ્વારા અને મૌખિક ફરિયાદ કરેલ છે. પરંતુ આજ દિન સુધી કોઈપણ કાર્યવાહી કોન્ટ્રાક્ટર પર કરવામાં આવી નથી અને હાલ પણ આ બ્રીજોનું કામ ગોકળ ગતિએ જ ચાલુ છે. આ બ્રીજનું કામ અધુરૂં હોવાથી લોકોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડે છે તેમજ દિવસ ૩૦માં આ બ્રીજનું કામ પુર ઝડપે કરવામાં નહીં આવે તો આ પ્રશ્ન વિધાનસભામાં ઉઠાવામાં આવશે અને ત્યારબાદ પણ નહીં કરવામાં આવે તો ગાંધીચિધ્યા માર્ગે અમે લોકો વેરાવળ ખાતે આવેલ ટાવર ચોક ખાતે કાર્યકર્તા દ્વારા રસ્તા રોકો અને ઉપવાસ આંદોલન પર બેસવાનો નિર્ણય લેવાયો છે.

# ધ્રોલઃ ઉંડ-૨ સિંચાઈ યોજનાને 'સૌની યોજના' હેઠળ જોડવા યાર્ડના ચેરમેન રસીક ભંડેરીની લેખિત રજૂઆત



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન રસીકભાઈ ભંડેરી દ્વારા ઉંડ-૨ સિંચાઈ યોજનાને સૌની યોજનાથી ભરવા માટે ઉંડ-૧ થી ઉંડ-૨ સુધી પાઈપલાઈન નાખવા બાબતે રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ તેમજ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ધ્રોલ તાલુકાના મજોઠ ગામ પાસે આવેલ ઉંડ-૨ સિંચાઈ યોજના અને ઉંડ-૧ સિંચાઈ યોજના વચ્ચે આશરે ૨૦ કિલોમીટરનું અંતર રહેલું છે. ઉંડ નદીના પટમાં અનેક ચેકડેમો આવેલા હોવાથી તેમજ છેલ્લા બે વર્ષથી જિલ્લામાં નહિવત અને ઓછો વરસાદ નોંધાયો હોવાને કારણે ઉંડ-૨ સિંચાઈ યોજનાના ઉપરવાસ તેમજ હેઠવાસના ગામોના ખેડૂતોને પિયત માટે પૂરતું પાણી મળી શકતું નથી.

આમ ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાને રાખીને આ પાઈપલાઈનનું કામ વહેલી તકે મંજૂર કરી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી રસીકભાઈ ભંડેરીએ સરકાર સમક્ષ કરી છે.

# માણાવદરના સણોસરા ગામે ભવ્ય લોકડાયરામાં શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા

## કલાકારોની અદભૂત ગાયકી અને વાદને કાર્યક્રમમાં અનોખી ઉર્જા પૂરી પાડી




**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ અને સંપ્રદાયની પરંપરાને ઉજાગર કરતો એક ભવ્ય લોકડાયરો માણાવદર તાલુકાના સણોસરા ગામે આવેલ પવિત્ર ઠાકરદ્વારા જગ્યા ખાતે પાટોત્સવ નિમિત્તે ખૂબ જ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. આ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગે સણોસરા ગામ સહિત આસપાસના પંથકમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, સંગીતપ્રેમીઓ અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયિકા લલીતાબેન ઘોડાદરાએ પોતાના મધુર અને બુલંદ અવાજે પ્રાચીન તેમજ અર્વાચીન ભજનોની અદ્ભુત પ્રસ્તુતિ કરી હતી. પાટોત્સવના આ પવિત્ર અવસરે તેમના ભક્તિરસથી છલકાતા ભજનો સાંભળીને ઉપસ્થિત તમામ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈને ઝૂમી ઉઠ્યા હતા.

ડાયરા દરમિયાન રૂા.૧૦, રૂા.૨૦, રૂા.૧૦૦ અને રૂા.૫૦૦ ની નોટોનો વ્યાપક વરસાદ થયો હતો. લોકોએ દિલ ખોલીને નોટો ઉડાવી કલા અને ધર્મભાવનાને બિરદાવી હતી, જે આ આયોજનની અભૂતપૂર્વ સફળતાની સાક્ષી પૂરે છે.

# કચ્છમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કડક કાર્યવાહીઃ ૧૮ હોટલ-રેસ્ટોરન્ટમાં સઘન ચેકિંગ

## શેડ્યુઅલ-૪ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર ૮ પેઢીઓને સુધારણા નોટીસ ફટકારાઈ




**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**

ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી હાથ ધરાયેલી ખાદ્ય સુરક્ષા ઝુંબેશ અંતર્ગત કચ્છ જિલ્લામાં પણ તંત્ર દ્વારા કડક તપાસ હાથ ધરવામાં આવી છે. કચ્છ જિલ્લાના ફૂડ સેફ્ટી ઓફિસર્સ એસ.બી. પટેલ, એમ.એમ. પટેલ તથા વી.એમ. બારંડાની સંયુક્ત ટીમ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

હાઈજીન અને શેડ્યુલ-૪ની શરતોના ઉલ્લંઘન સામે કાર્યવાહી તપાસ દરમિયાન અધિકારીઓ દ્વારા હોટલ-રેસ્ટોરન્ટના રસોડા, સ્વચ્છતા, કારીગરોની આરોગ્યવિષયક પરિસ્થિતિ, એફએસએસએઆઈ લાયસન્સ અને ડિસ્પ્લે બોર્ડ સહિત 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ'ના શેડ્યુલ-૪ મુજબની તમામ શરતોનું પાલન થાય છે કે નહીં તેની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન બટરના નામે વપરાતું અંદાજે ૩૦ કિલો ફેટ સ્પ્રેડ, ૮ કિલો વાસી પનીર, સિન્થેટિક ફૂડ કલર વાળી ૪૦ કિલો વાસી ગ્રેવી, ૫૦૦ ગ્રામ કૃત્રિમ કલર, પાઉંભાજી માટે વપરાતા ૬ ડઝન અનબ્રાન્ડેડ પાવ તથા પેકિંગ પર કોઈ જ વિગતો વગરના બ્રેડના પેકેટ્સ સ્થળ પર જ જપ્ત કરી માનવ વપરાશ માટે અયોગ્ય ગણાવી નાશ કરવામાં આવ્યો હતો.

# ઉનાઃ ખેતલિયા દાદા ભક્તિ મંડળ દ્વારા રવિવારે મહામૃત્યુંજય જાપ



**અબતક, ઉના**

ઊના શહેર સ્ટેશન પ્લોટ માં આવેલ ખેતલિયા દાદા દરબારમાં છેલ્લા પંદર વર્ષથી દર શનિવારે ખેતલિયા દાદા ભક્તિમંડળ દ્વારા સમૂહ માં હનુમાન ચાલીસા ના પાઠ કરવા માં આવે છે તેમજ છેલ્લા પંદર વરસથી શ્રાવણ માસના એક દિવસ સમુહમાં જીવ માત્રના કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે મહામૃત્યુંજય મહા મંત્રના જાપ કરવામાં આવે છે આ વરસે પણ તા.૨૩/૮/૨૬ ને રવિવારે બપોરના બે વાગ્યાથી ઊના શહેરમા આવેલા માધવ બાગ ના વિશાળ સભા ખંડ માં ખેતલિયા દાદાના આરાધ્ય મયુરભાઈ ગાંધી (મયુર દાદા) દ્વારા સમૂહમાં મહા મૃત્યુંજયના સવા પાંચ લાખ મંત્રનું અનુષ્ઠાન શરૂ કરવામાં આવશે જેમાં ઊના શહેર અને તાલુકા તેમજ સૌરાષ્ટ્ર ભર માંથી મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો પધારી જાપ કરશે. સાંજે જાપ પૂર્ણ થયા પછી આરતી કરવામાં આવશે.

# ધ્રાંગધ્રાના બસ સ્ટેન્ડમાં કાર પર વૃક્ષ પડ્યું: સદનસીબે જાનહાનિ ટળી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના બસ સ્ટેન્ડમાં આજે અચાનક એક મોટું વૃક્ષ ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વૃક્ષ બસ સ્ટેન્ડમાં પાર્ક કરેલી એક કાર પર પડતાં કારને ભારે નુકસાન થયું હતું. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી વૃક્ષ અચાનક રસ્તા પર તૂટી પડતાં બસ સ્ટેન્ડમાં એસ.ટી. બસોની આવક-જાવક પણ થોડા સમય માટે ઠપ થઈ ગઈ હતી. ઘટનાને પગલે મુસાફરો અને વાહનચાલકોમાં પણ ચિંતા ફેલાઈ હતી ઘટનાની જાણ થતાં જ એસ.ટી. તંત્ર તેમજ ધ્રાંગધ્રા નગરપાલિકાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા રસ્તા પર પડેલા વૃક્ષને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી વૃક્ષ હટાવવાની કામગીરી પૂર્ણ થતાં બસ સ્ટેન્ડનો માર્ગ ફરીથી ખુલ્લો કરવામાં આવ્યો હતો અને એસ.ટી. બસોની અવરજવર રાબેતા મુજબ શરૂ થઈ હતી સદનસીબે ઘટના સમયે કોઈ વ્યક્તિ વૃક્ષની અડફેટે ન આવતાં મોટી દુર્ઘટના ટળી હતી કારને ભારે નુકસાન વૃક્ષ સીધું પાર્ક કરેલી કાર પર પડતાં કારના બોનેટ સહિતના ભાગોને ભારે નુકસાન થયું હતું. ઘટનાને પગલે વાહનમાલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

# ધ્રાંગધ્રાના ગાળા ગામે ૫૦૦ લીટર દેશી દારૂનો આથો ઝડપાયો, આરોપી ફરાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રાઃ** સુરેન્દ્રનગર એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડની ટીમે પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ધ્રાંગધ્રા તાલુકાના ગાળાથી મેથાણ ગામ તરફ જવાના રસ્તે પાણીના ઓકળા પાસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ૫૦ લીટરની ક્ષમતાવાળા ૧૦ પ્લાસ્ટિકના કેરબામાં ભરેલો આશરે ૫૦૦ લીટર ગેરકાયદે દેશી દારૂ બનાવવાનો આથો (કિંમત ₹૧૨,૫૦૦) મળી આવ્યો હતો. પોલીસે મુદ્દામાલ સ્થળ પર જ નાશ કર્યો હતો, જ્યારે રેઈડ દરમિયાન હાજર ન મળી આવનાર આરોપી હરપાલસિંહ કીરીટસિંહ જાડેજા (રહે. ગાળા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ ધ્રાંગધ્રા પોલીસ મથક હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નર્મદા કેનાલ પાસેથી પાટડીના આધેડની શંકાસ્પદ લાશ મળતાં ચકચાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રાઃ** હજુ પોરડા ગામમાં બનેલી હત્યાની ઘટનાની શાહી પણ સુકાઈ નથી, ત્યાં દસાડા તાલુકાના સુરજપુરા અને સડલા વચ્ચે આવેલી માઈનોર કેનાલ પાસેથી એક આધેડનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ગત રાત્રે બનેલી આ ઘટનાની જાણ થતાં જ પાટડી પોલીસ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં મૃતક મૂળ મોટા ગોરૈયા ગામના વતની અને હાલ પાટડીના શ્રીનાથજી ફ્લેટમાં રહેતા ધીરૂભાઈ સોમાભાઈ સુથાર હોવાનું સામે આવ્યું છે. હાલ મૃત્યુનું ચોક્કસ કારણ અકબંધ હોવાથી પોલીસે લાશને પોસ્ટમોર્ટમ અર્થે પાટડી સરકારી હોસ્પિટલ ખસેડી છે અને મોત પાછળના રહસ્ય પરથી પડદો ઉંચકવા આગળની સઘન કાયદેસરની તપાસ હાથ ધરી છે

# કાલાવડઃ ભાજપ દ્વારા રવિદાસ મહારાજની જન્મજયંતિએ કળશ યાત્રામાં ભાવિકો ઉમટ્યા



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

ભારતીય જનતા પાર્ટી કાલાવડ શહેર દ્વારા સંત શિરોમણી રવીદાસજી મહારાજની ૬૫૦મી જન્મ જયંતિ નિમિત્તે પીપળેશ્વર મહાદેવ મંદિરે કળશ યાત્રા સાથે કળશ પૂજન કરવામાં આવેલ.

આ પ્રસંગે જુનાગઢ જુના અખાડાના ગાદીપતિ બુદ્ધગીરી બાપુ, પીપળેશ્વર મહાદેવના મહંત જીકાબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાલાવડ શહેર ભાજપના આગેવાનો, કાર્યકરો અને સત્સંગ મંડળની બહેનો સહિત ભાવિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામઃ ગળપાદર ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## એ ડિવિઝન પોલીસે રૂ.૩૩,૫૦૦નો મુદ્દામાલ કબ્જે



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ દ્વારા પ્રોહિબીશન વિરોધી કાર્યવાહી હાથ ધરાઈ હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે ગળપાદરમાં દરોડા દરમિયાન કુલ ૩૩,૬૦૦નો દારૂનો જથ્થો કબજે કરી ફરાર આરોપી સચીન ઉર્ફે સતલો વિનોદભાઈ ચૌહાણ, વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.જે.રાઠોડ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# અંજારમાં બાળક સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરનાર આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામઃ** પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પૂર્વ-કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે મળતી માહિતી મુજબ મિથિલા સોસાયટી સાંગ નદીના ખુલ્લા પર અંજાર-જી-કચ્છ વાળો બળજબરીપૂર્વક બાળકને ઝાડીમાં લઈ જઈ તેની સાથે અશ્લીલ હરકત કરનાર આરોપી હિતેશ સુધાભાઈ મકવાણા, રહે અંજાર-જી-કચ્છને પોલીસે ઝડપી લીધો છે. આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજાની સૂચનાથી અંજાર પોલીસ સ્ટાફે આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતીય મહિલા ટીમ હોકી વર્લ્ડકપના ટોપ-૮માં પહોંચી




## ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ ડ્રો રહીઃ બન્ને ટીમને ૧૮ પેનલ્ટી કોર્નર મળ્યા, એકપણ ગોલ ના થયો

**અબતક, રાજકોટ**

વુમન્સ હોકી વર્લ્ડ કપમાં ભારતે ઈંગ્લેન્ડને ૦-૦થી ડ્રો પર રોકી દીધું અને ટુર્નામેન્ટના ટોપ-૮ એટલે કે બીજા રાઉન્ડમાં સ્થાન બનાવી લીધું.નેધરલેન્ડ્સના એમ્સટેલવીનમાં મેચના છેલ્લા ક્વાર્ટરમાં ઈંગ્લેન્ડે ગોલ કરવા માટે પૂરો પ્રયાસ કર્યો. ૫૬મી મિનિટે તેણે પોતાની ગોલકીપરને હટાવીને એક વધારાનો આઉટફિલ્ડ ખેલાડી મેદાન પર ઉતાર્યો. એટલે કે છેલ્લી મિનિટોમાં ઈંગ્લેન્ડે ૧૧ આઉટફિલ્ડ ખેલાડીઓ સાથે ભારતીય સર્કલ પર હુમલો કર્યો, પરંતુ ભારતની ડિફેન્સ લાઈન તૂટી નહીં.પહેલા ક્વાર્ટરમાં ભારતને સતત પેનલ્ટી કોર્નર મળ્યા. ચોથી મિનિટે નવનીતના શોટથી બોલ ગોલમાં ગયો, પરંતુ ઈશિકાના શરીર સાથે અથડાવાને કારણે ગોલને માન્યતા મળી નહીં. આ પછી પણ ભારતે દબાણ જાળવી રાખ્યું.

### દીપિકા ટુર્નામેન્ટની સેકન્ડ ટોપ ગોલ સ્કોરર

ભારતની દીપિકા ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કરનારી ખેલાડીઓમાં બીજા સ્થાને છે. તેણે બે મેચમાં ૨ ગોલ કર્યા છે. તેની પાસેથી ફરી એકવાર ઈંગ્લેન્ડ સામે ગોલ કરવાની અપેક્ષા રહેશે.ઓસ્ટ્રેલિયાની ક્લેર કોલવિલ ૩ ગોલ સાથે યાદીમાં ટોચ પર છે. ઈંગ્લેન્ડની સોફી હેમિલ્ટન અને ટેસા હોવર્ડના પણ ૨-૨ ગોલ છે, જે આ મેચમાં ઉતરશે.



ભારતને પહેલા ક્વાર્ટરમાં ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ ટીમ કોઈને ગોલમાં બદલી શકી નહીં. ઈશિકા પાસે ફિલ્ડ ગોલની પણ તક હતી, જેને ઈંગ્લેન્ડની ગોલકીપર પ્રિચર્ડે બચાવી લીધો.

બીજા ક્વાર્ટરમાં પણ ભારતે હુમલા ચાલુ રાખ્યા. ૨૬મી મિનિટે દીપિકાના શાનદાર ડ્રેગફ્લિકને પ્રિચર્ડે પગથી રોકીને ભારતને ફરી ગોલથી દૂર રાખ્યું. આ પછી સલિમાએ રિબાઉન્ડ પર તક બનાવી અને ભારતને વધુ એક પેનલ્ટી કોર્નર મળ્યો.

ઈંગ્લેન્ડે બીજા ક્વાર્ટરમાં ભારતના ડિફેન્સ પર દબાણ વધાર્યું. ૨૭મી મિનિટ પછી તેને સતત પેનલ્ટી કોર્નર મળ્યા. ગોલકીપર સવિતાએ ઘણી તકો પર શાનદાર બચાવ કર્યો. ૩૮મી મિનિટે પણ તેણે બિંઘમના રિવર્સ હિટને ગોલમાં જતો અટકાવ્યો.હાફ ટાઈમ સુધી ઈંગ્લેન્ડને ૯ પેનલ્ટી કોર્નર મળી ચૂકયા હતા. ભારતની ડિફેન્સ લાઈને જોકે દરેક વખતે ખતરો ટાળી દીધો. ૪૩મી મિનિટે સાક્ષીએ ગોલલાઈન પર શાનદાર બચાવ કર્યો.

# ચૂંટણી વિવાદમાં ગિફ્ટ સિટીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર હુમલો

## સીએ બિશન શાહ પર હુમલો કરવા બદલ આઈસીએઆઈ મેમ્બર પુરુષોત્તમ ખંડેલવાલ સામે ડાભોડા પોલીસ મથકે ફરિયાદ

**અબતક, રાજકોટ**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી કલબમાં ગુરુવારે સાંજે 'ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની સેન્ટ્રલ કાઉન્સિલની ચૂંટણીના વિવાદમાં એક ૫૧ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર તેમના જ સાથી સીએ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પીડિત સીએના માથાના ભાગે ઈજા પહોંચતાં ત્રણ ટાંકા આવ્યા છે.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સી. એ તરીકે પ્રેક્ટિસ કરતા અને આઈસીએઆઈ વેસ્ટર્ન રીજનના સેક્રેટરી બિશન શાહે ડાભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, જ્યારે તેઓ ગાંધીનગર બ્રાંચના નોમિની તરીકે ગિફ્ટ સિટી કલબ ખાતે સીએફઓ ૨.૦' મીટિંગમાં હાજરી આપી બીજા માળની બાલ્કનીમાં આવ્યા હતા, ત્યારે આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર પુરુષોત્તમ ખંડેલવાલે તેમની પાસે આવીને બોલાચાલી શરૂ કરી હતી.

ફરિયાદ મુજબ, પુરુષોત્તમ ખંડેલવાલે ચૂંટણી પ્રચારમાં પોતાને ટેકો ન આપવા બાબતે બિશન શાહ સાથે વિવાદ કરી ગાળો આપી હતી. શાહે વિરોધ દર્શાવતાં ખંડેલવાલે તેમને




ઢીંકા-પાટુનો માર માર્યો હતો અને ઝપાઝપી દરમિયાન પગ ખેંચીને નીચે પાડી દીધા હતા, જેના કારણે તેમના માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. સારવાર માટે જતી વખતે પણ આરોપીએ તેમને ધમકી આપી હતી.


બિશન શાહને પ્રથમ કલબ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમદાવાદની કેડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથાની ઈજા માટે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ડાભોડા પોલીસે શારીરિક ઈજા પહોંચાડવા અને ગુનાહિત ધમકી આપવા બદલ કેસ નોંધ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શરૂઆતમાં જાનલેવા હુમલા જેવા ગંભીર આક્ષેપો કરાયા હતા, પરંતુ સી.એ સંસ્થાના સભ્યોની મધ્યસ્થતા બાદ હળવી કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# અમેરિકાના અલાસ્કામાં ચાર્ટર પ્લેન ક્રેશઃ બે પાઈલટ સહિત તમામ મુસાફરોના મોતની આશંકા

**અબતક, રાજકોટ**

અમેરિકાના અલાસ્કામાં એક ચાર્ટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. મળેલા રિપોર્ટ અનુસાર, તેમાં કુલ આઠ લોકો સવાર હતા. બે પાઈલટ અને છ મુસાફરો. આ વિમાન એન્કરેજથી રવાના થયું હતું અને પશ્ચિમ અલાસ્કામાં આવેલા 'કેપ ન્યુએનહામ લોન્ગ રેન્જ રડાર સાઈટ' તરફ જઈ રહ્યું હતું.

નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડના અલાસ્કા પ્રાદેશિક વડા ક્લિન્ટ જોહ્ન્સને જણાવ્યું હતું કે, કેપ ન્યુવેનહામ નજીકના વિસ્તારમાં પહોંચતી વખતે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અકસ્માતના અહેવાલો મળ્યા બાદ, અલાસ્કા રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટરે શોધ અને બચાવ કામગીરી શરૂ કરી છે.બે દિવસ



પહેલા જ બ્રિટનમાં નોર્થ વેલ્સના દૂરના વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયા એક નાના વિમાનના અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓની ઓળખ બુધવારે ભારતીય મૂળના ૫૦ થી ૫૫ વર્ષની વયના દંપતી તરીકે કરવામાં આવી હતી. માનવામાં આવે છે કે કેતન સ્વાલી 'પાઈપર પીએ-૨૮' વિમાન ઉડાવી રહ્યા હતા. તેમણે ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ્સ વિસ્તારમાં આવેલા બર્ટન-અપોન-ટ્રેન્ટના ટેટનહિલ એરફિલ્ડથી તેમની પત્ની શીતલ સાથે ઉડાન ભરી હતી.

---------------------- વૈજ્ઞાનિકોની નવી શોધ ----------------------

# માનવ મૂત્રમાંથી રોકેટનું ઈંધણ અને બેટરીનું કેમિકલ બનશે

## વેસ્ટમાંથી ગ્રીન એનર્જીઃ રોકેટ ઈંધણ, દવાઓ અને બેટરી માટે નવો વિકલ્પ મળ્યો




### શું છે 'હાઈડ્રિઝિન' અને કેમ છે આટલુ કિંમતી?

હાઈડ્રિઝિન એ રસાયણ વિજ્ઞાન અને ઉદ્યોગ જગતમાં ખૂબ ઊંચું મૂલ્ય ધરાવતું કેમિકલ છે રોકેટમાં વપરાતા ઈંધણ અને લાંબા ગાળાના સ્પેસ મિશનના ફ્યુઅલ સેલમાં તે મુખ્ય ઘટક તરીકે વપરાય છે.નવી પેઢીની ઉર્જા પ્રણાલીઓ અને ઈલેક્ટ્રિક વાહનોની બેટરી ટેક્નોલોજીમાં પણ હાઈડ્રિઝિનના ઉપયોગ પર મોટા પાયે રિસર્ચ થઈ રહ્યું છે. દવાઓના ઉત્પાદન અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓમાં પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે.પરંપરાગત રીતે હાઈડ્રિઝિન બનાવવાની પદ્ધતિ ખૂબ જોખમી, પર્યાવરણને નુકસાન પહોંચાડનારી અને અતિશય ઉર્જા માંગી લે તેવી છે. નવી શોધ આ ખામીઓને દૂર કરી ગ્રીન અને સસ્તો વિકલ્પ પૂરો પાડે છે.

**અબતક, નવી દિલ્હી**

માનવ શરીરમાંથી ઉત્સર્જિત થતો પેશાબ (યૂરિન) અત્યાર સુધી માત્ર ગંદકી કે વેસ્ટ ગણાતો હતો, પરંતુ ભવિષ્યમાં તે રોકેટ ઉડાડવા અને ઈલેક્ટ્રિક વાહનો ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત 'યુનિવર્સિટી ઓફ એડિલેડ'ના વૈજ્ઞાનિકોએ એક અત્યાધુનિક ઈલેક્ટ્રોકેમિકલ પદ્ધતિ વિકસાવી છે, જેના દ્વારા માનવ મૂત્ર અને વેસ્ટવોટરમાં રહેલા યુરિયામાંથી 'હાઈડ્રિઝિન' નામનું અત્યંત મૂલ્યવાન રસાયણ તૈયાર કરી શકાય છે. આ સંશોધન જાણીતા સાયન્સ જર્નલ 'નેચર સિન્થેસિસ' માં પ્રકાશિત થયું છે.

વૈજ્ઞાનિકોએ સ્પષ્ટતા કરી છે કે આ સંશોધનનો અર્થ એવો નથી કે લોકો સીધા પેશાબથી ઈલેક્ટ્રિક કાર ચલાવી શકશે કે ઘરે બેઠા રોકેટ ફ્યુઅલ બનાવી લેશે. આ પ્રયોગશાળા સ્તરે સફળ થયેલી એક અદ્યતન રાસાયણિક મેન્યુફેક્ચરિંગ પદ્ધતિ છે, જેને ઔદ્યોગિક સ્તરે લઈ જવામાં આવશે.

હાલ આ ટેક્નોલોજી લેબ સ્તરે સફળ રહી છે, પરંતુ તેને મોટા પાયે ફેક્ટરી સ્તરે લઈ જવા માટે કેટલાક એન્જિનિયરિંગ પડકારો હજુ બાકી છેઃપ્રક્રિયા દરમિયાન મીઠાનું જમા થવું, ઉત્પન્ન થયેલા હાઈડ્રિઝિનને અલગ કરવા માટે જરૂરી ઉર્જા અને ખર્ચ ઘટાડવો.મોટા રિએક્ટરની ડિઝાઈન તૈયાર કરવી.ડો. વાંગે ઉમેર્યું કે, જો ભવિષ્યમાં આ પ્લાન્ટ્સને સોલાર કે વિન્ડ જેવી પુનઃપ્રાપ્ય વીજળીથી ચલાવવામાં આવે, તો માનવ કચરામાંથી ઈકો-ફ્રેન્ડલી ઈંધણ અને કેમિકલ્સનું ઉત્પાદન ઉર્જા ક્ષેત્રે એક મોટો ક્રાંતિકારી બદલાવ લાવી શકે છે.

## પર્યાવરણને નુકસાન કર્યા વગર લેબોરેટરીમાં હાઈડ્રિઝિન બનાવવાની નવી ટેક્નોલોજી વિકસાવી

### યૂરિનમાંથી કેમિકલ બનવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા

યુનિવર્સિટી ઓફ એડિલેડના સ્કૂલ ઓફ કેમિકલ એન્જિનિયરિંગના મુખ્ય સંશોધક ડો. પેંગટાંગ વાંગના જણાવ્યા અનુસારમાનવ પેશાબમાં કુદરતી રીતે જ યુરિયા ભરપૂર માત્રામાં હોય છે. વૈજ્ઞાનિકોએ તેને ફેંકી દેવાના બદલે કાચા માલ તરીકે ઉપયોગ કર્યો.સામાન્ય મીઠા (સોડિયમ ક્લોરાઈડ) અને વીજળીની મદદથી પ્રક્રિયા હાથ ધરવામાં આવી. મીઠામાંથી ક્લોરિન અલગ થઈને ઈલેક્ટ્રોડની સપાટી પર જમા થાય છે. આ ક્લોરિન યુરિયા સાથે પ્રક્રિયા કરી 'એન -ક્લોરોયુરિયા' બનાવે છે, જેના સરળ હાઈડ્રોલિસિસ પછી શુદ્ધ હાઈડ્રિઝિન તૈયાર થાય છે.પ્રયોગશાળામાં શુદ્ધ યુરિયા તેમજ પેશાબવાળા ગંદા પાણી બંનેમાંથી સફળતાપૂર્વક ઉચ્ચ ગુણવત્તાનું હાઈડ્રિઝિન મેળવવામાં આવ્યું છે.

---------------- રાઈટ ટર્ન જ રોંગ ----------------

# ૯૩% વાહનચાલકોની ખોટી રીતે જમણો વળાંક લેવાની ટેવ જ ટ્રાફિકજામ અને અકસ્માતનું મુખ્ય કારણ

## એસ.પી. રિંગ રોડ સહિતના મુખ્ય જંકશનો પર ડ્રોન અને એઆઈ સર્વેમાં ખુલાસો માત્ર ૭.૫ ટકા ચાલકો જ રાઈટ-ઓફ-વેના નિયમોનું પાલન કરે છે

**અબતક, અમદાવાદ**

અમદાવાદના એસ.પી. રિંગ રોડ તથા મુખ્ય ચાર રસ્તાઓ પર પીક અવર્સ દરમિયાન સર્જાતા ટ્રાફિક જામ અને અકસ્માતો પાછળ વાહનચાલકોની બેદરકારી જવાબદાર હોવાનું એક વૈજ્ઞાનિક અભ્યાસમાં સામે આવ્યું છે. અમદાવાદ યુનિવર્સિટી, ઈમ્પીરીયલ કોલેજ લંડન અને રોડ સેફ્ટી ઓટોમોટિવ મેનેજમેન્ટના સંશોધકો દ્વારા ડ્રોન અને AI ટેક્નોલોજીની મદદથી ૨,૪૦૬ વાહનોની મૂવમેન્ટનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે.જમણી બાજુ વળતા ૯૨.૫ ટકા વાહનચાલકો સીધા જતા ટ્રાફિકને પહેલો રસ્તો આપવાને બદલે વચ્ચે વાહન ઘુસાડી દે છે. માત્ર ૭.૫ ટકા વાહનચાલકો જ સાચા નિયમોનું પાલન કરે છે.

આશરે ૨૬ ટકા ચાલકો અચાનક જગ્યા મળતાં વાહન આગળ ધપાવી દે છે, જેથી સીધા જતા ૪૮.૫ ટકા વાહનોની ગતિ અટકી જાય છે. પરિણામે ૬ સેકન્ડમાં પાર થતો રસ્તો કાપવામાં ૨૦ સેકન્ડ જેટલો સમય વેડફાય છે.૪૫.૩ ટકા વાહનો પોતાની નિયત લેનમાં ઊભા રહેવાના બદલે આગળ ધસી જાય છે, જેથી સીધા જતા વાહનો માટે રસ્તો સાંકડો થઈ જાય છે.ખોટી રીતે જમણે વળતા વાહનોથી બચવા લેન બદલવાના ચક્કરમાં સર્જાતા ગંભીર સંઘર્ષોમાં ૫૩.૬ ટકા ભોગ ટૂ-વ્હીલર ચાલકો બને છે.પીક અવર્સ દરમિયાન કલાકમાં આશરે ૨૬ મિનિટ (૪૪ ટકા સમય) સુધી મુખ્ય જંકશનો પર ટ્રાફિક જામની સ્થિતિ રહે છે.

અર્બન લેબસના એક્સપર્ટ્સના મતે, ચાર રસ્તા નજીક પહોંચતા ૨-૩ લેનનો રસ્તો અચાનક પહોળો થઈને ૫ લેનનો થઈ જવાથી 'ફનલ' જેવી સ્થિતિ બને છે અને ચાલકો આગળ નીકળવાની હોડમાં અંધાધૂંધી સર્જે છે. નિષ્ણાતોનું માનવું છે કે ટ્રાફિક નિયમોનું કડક અમલીકરણ અને યોગ્ય લેન-શિસ્ત જ આ જીવલેણ સમસ્યામાંથી મુક્તિ અપાવી શકે છે.

—— "અમે એક ડાળના પંખી..." ——

# જ્યાં દીવાલો જુદીને રસોડું એક : ૬ પેઢીના આ પરિવારમાં રોજ રંધાય છે ૫૦ કિલો ચોખા!

## સવારે વડીલોની મીટિંગ મળે છે જેમાં મેનું, ખેતી અને દૈનિક કામોની જવાબદારીઓ વહેંચવામાં આવે છે

**અબતક, રાજકોટ**

જ્યારે આંગણામાં વડલાની છાંયડી ઓછી થઈ રહી છે અને ઘરો મોટા થાય છે પણ મન નાના થતા જાય છે, ત્યારે સંબંધોની વ્યાખ્યા બદલાતી જાય છે. એક જ છત નીચે રહેવા છતાં આજના આધુનિક યુગમાં દરવાજા પાછળ અલગ દુનિયા વસી ગઈ છે. એવા સમયમાં, જ્યાં લોકો 'મારું ઘર' અને 'મારા પરિવાર' સુધી સીમિત થઈ ગયા છે, ત્યાં કોઈ એવું પણ જૂથ હોય જે સાબિત કરી દે કે પ્રેમ, ભાગીદારી અને સંસ્કારમાં અસીમ શક્તિ હોય છે.

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના કુર્લપલ્લી ગામના નાગપ્પા પરિવારની આ અદભુત કહાની માત્ર એક પરિવારની વાર્તા નથી, પણ આધુનિક યુગમાં વિસરાતા જતા સંયુક્ત પરિવારના મૂલ્યો અને સહકારનું જીવંત ઉદાહરણ છે. ૬ પેઢીઓના ૮૩ સભ્યો એકસાથે, એક જ રસોડે અને એક જ વિચાર સાથે જીવન જીવી રહ્યા છે.



૮૩ સભ્યો ૬ પેઢીઓમાં ફેલાયેલા છે, જેમાં ૬ સાસુઓ, ૧૪ પુત્રવધૂઓ અને ૨૦ બાળકોનો સમાવેશ થાય છે. અલગ-અલગ ૪ ઘરોમાં રહેવા છતાં બધા માટે એક જ રસોડામાં રોજના ૫૦ કિલો ચોખા સાથે ભોજન બને છે. સવારે વડીલોની મીટિંગ મળે છે જેમાં મેનુ, ખેતી અને દૈનિક કામોની જવાબદારીઓ વહેંચવામાં આવે છે. પરિવાર પાસે ૧૨૦ એકર જમીન છે અને કર્ણાટક-કલ્યાણદુર્ગમ વચ્ચે ૪ બસોનો પરિવહન વ્યવસાય છે, જેની આવક કોમન ફંડમાં જમા થાય છે. ક્યારેક એક સમયનું ખાવાનું પણ ન મળતું હોવા છતાં, એકસંપ રહીને પરિવારે આર્થિક સદ્ધરતા હાંસલ કરી છે.

# ૧૯૮૪ના શીખ રમખાણ કેસમાં આજીવન કેદ ભોગવી રહેલા પૂર્વ કોંગ્રેસ સાંસદ સજ્જન કુમારનું નિધન

## તિહાર જેલમાંથી સારવાર માટે સફદરજંગ હોસ્પિટલ ખસેડાયા હતાઃ સુપ્રીમ કોર્ટમાં પેરોલ અરજીની સુનાવણી થાય તે પહેલાં જ દમ તોડ્યો

**અબતક,નવી દિલ્હી**

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના કેસમાં તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમાર (૮૪ વર્ષ)નું સફદરજંગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. સંજોગવશ, સુપ્રીમ કોર્ટમાં તેમની પેરોલ અરજી પર સુનાવણી હાથ ધરાય તે જ દિવસે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

હોસ્પિટલના સત્તાવાર નિવેદન અનુસાર, ગુરુવારે સવારે આશરે ૧૧ વાગ્યે પોલીસ દ્વારા તેમને ગંભીર અને બેભાન જેવી હાલતમાં સફદરજંગ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તબીબોએ તેમને બચાવવા માટે તમામ જરૂરી જીવનરક્ષક પગલાં લીધા હતા, પરંતુ બપોરે ૧૨:૩૦ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. તેઓ લાંબા સમયથી હાઈ બ્લડ પ્રેશર અને પાર્કિન્સન જેવી ગંભીર બીમારીઓથી પીડાતા હતા.

બે કેસમાં મળી હતી આજીવન કેદની સજા સજ્જન કુમાર આઉટર દિલ્હી લોકસભા બેઠક પરથી ત્રણ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૧૯૮૪ના રમખાણો દરમિયાન પાંચ શીખોની હત્યા અને ગુરુદ્વારા સળગાવવાના કેસમાં દિલ્હી હાઈકોર્ટે ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ તેમને આજીવન કેદની સજા સંભળાવી હતી, ત્યારબાદ તેમણે કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. આ ઉપરાંત, ફેબ્રુઆરી ૨૦૨૫માં દિલ્હીની એક અદાલતે રમખાણો દરમિયાન અન્ય બે શીખ પુરુષોની હત્યાના અલગ કેસમાં પણ તેમને આજીવન કેદની સજા ફટકારી હતી.

# દ્વારકામાં પ્રવાસનને વેગ આપતા રૂ. ૧૮૨.૫૦ કરોડના વિકાસ કાર્યોનું રવિવારે લોકાર્પણ

## શિવરાજપુર બીચના રૂ. ૧૫૦ કરોડના વિકાસકાર્યો સહિત હર્ષદ અને ભાણવડમાં પણ વિવિધ પ્રોજેક્ટ પૂર્ણ

**અબતક,મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પર્યટન અને યાત્રાધામોના વિકાસને નવી ગતિ આપતા રૂ. ૧૮૨.૫૦ કરોડના વિવિધ વિકાસકાર્યો પૂર્ણ થઈ ગયા છે. આગામી તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ વિકાસકાર્યોનું ઉદઘાટન-લોકાર્પણ થવાની સંભાવનાને પગલે જિલ્લા તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.દ્વારકા નજીક આવેલા શિવરાજપુર બીચ ખાતે રૂ. ૧૫૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલા વિવિધ વિકાસકાર્યો પૂર્ણ થઈ ગયા છે. બીચના વિકાસ સાથે પર્યટકો માટે જરૂરી સુવિધાઓમાં વધારો થાય તે હેતુથી અનેક કામો હાથ ધરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં



આ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.આ ઉપરાંત યાત્રાધામ હર્ષદ (ગાંધવી) ખાતે પ્રથમ તબક્કાના રૂ. ૭.૫ કરોડના વિકાસકાર્યો પણ પૂર્ણ થઈ ચૂક્યા છે. તેનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે.ભાણવડના ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર ખાતે શરૂઆતમાં રૂ. ૫ કરોડના વિકાસકાર્યો મંજૂર કરવામાં આવ્યા હતા, જે બાદ વિકાસકાર્યોનો વ્યાપ વધારી કુલ રૂ. ૨૫ કરોડના કામો હાથ ધરવામાં આવ્યા છે. આ વિકાસકાર્યો પણ લોકાર્પણ માટે તૈયાર થઈ રહ્યા છે.

## ખંભાળીયાના ૧૨૦ વર્ષ જુના કેનેડી બ્રિજનું ૩૦ કરોડના ખર્ચે થશે નવનિર્માણ

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક ખંભાળીયા શહેરમાં ઘી નદી પાસે આવેલ ૧૨૦ વર્ષ જૂના રાજાશાહી વખતના કેનેડી બ્રીજ જર્જરિત હાલતમાં હોય તેને તોડી પાડી ત્યાં નવા પૂલના નિર્માણ માટે નક્કી કરાયા બાદ આ હેરીટેજ લુકવાળા બ્રીજની બાજુમાં નવા પૂલ બનાવવાનું નક્કી થયાના લાંબા સમય બાદ ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પુલ નિર્માણ હેતુ પાંચ થી છ કોન્ટ્રાકટરોએ રસ દાખવી ટેન્ડર ફોર્મ ભર્યા હોય થોડા સમયમાં પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી સોંપવામાં આવનાર છે. અંદાજિત ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન નવા પુલનું નિર્માણ કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે હાલ ખંભાળીયા - કેનેડી બ્રીજ બંધ હોવા છતાં આશરે બે વર્ષથી અમૂક બાઈક ચાલકો જીવ જોખમમાં મૂકી આ બ્રીજ પરથી વાહનો હંકારી જાય છે. નવા બ્રીજના નિર્માણ થયે સ્થાનીય વાહનચાલકોની સુવિધામાં વધારો થશે.

# જન્માષ્ટમી પહેલાં છોટી કાશી બન્યું ભગવામય 'હર ઘર ભગવા' અભિયાનનો પ્રારંભ

છોટી કાશી તરીકે જાણીતા જામનગરમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણીને લઈને ધર્મપ્રેમી જનતામાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિ દ્વારા આગામી ભવ્ય શોભાયાત્રા પૂર્વે સમગ્ર શહેરને ભકિતમય અને ભગવામય બનાવવાના હેતુથી 'હર ઘર ભગવા' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



જામનગરના ઐતિહાસિક ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતે કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદગુરુ આચાર્ય કૃષ્ણમણિજી મહારાજના કરકમલો દ્વારા સંતો-મહંતો, સામાજિક-ધાર્મિક સંગઠનોના અગ્રણીઓ અને શોભાયાત્રા સમિતિના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ભગવા ધ્વજ વિતરણ કરીને અભિયાનનો પ્રારંભ કરાયો હતો. જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે ૫ હજારથી વધુ ભગવા ધ્વજ તૈયાર કરવામાં આવ્યા છે, જે ઘર, દુકાન અને વ્યવસાયિક પ્રતિષ્ઠાનો પર લગાવવામાં આવશે.

આ વર્ષે ૨૦મી શોભાયાત્રામાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ, સામાજિક મંડળો, જ્ઞાતિ સમાજો અને અગ્રણીઓ એકસૂત્ર બની જોડાશે. સમગ્ર જામનગર ભકિતરસમાં તરબોળ બને તે માટે 'હર ઘર ભગવા' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આગામી ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યે શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતેથી શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ૨૦મી સાર્વજનિક શોભાયાત્રા પ્રસ્થાન કરશે. 'હર ઘર ભગવા' અભિયાનના પ્રારંભ સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં ધ્વજ વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ૧૧૦ મીટર લાંબા તિરંગા સાથે યાત્રામાં દેશભક્તિનો રંગ ઘૂંટાયો



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા જામનગરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપતી આ યાત્રામાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

યાત્રામાં આશરે ૧૧૦ મીટર લાંબો તિરંગો મુખ્ય આકર્ષણ બન્યો હતો. વિદ્યાર્થીઓ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને યાત્રામાં જોડાયા હતા. લાંબા તિરંગા સાથે નીકળેલી યાત્રાએ શહેરના માર્ગો પર લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના નારા લગાવવામાં આવતા સમગ્ર માર્ગો રાષ્ટ્રપ્રેમના ગુંજારવથી ગુંજી ઊઠ્યા હતા. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બને અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના કેળવાય તે હેતુથી યોજાયેલી આ યાત્રાથી જામનગર શહેરમાં દેશભક્તિમય માહોલ છવાઈ ગયો હતો.

# જિલ્લા સંકલન બેઠકમાં પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે કલેક્ટરની તાકીદ

જિલ્લા કલેકટર પી.બી. પંડ્યાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિકાસલક્ષી તેમજ જનહિતને લગતા પ્રશ્નો અંગે વિભાગવાર સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી કાર્યવાહીનો અહેવાલ મેળવવામાં આવ્યો હતો.ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા અને હેમતભાઈ ખવા દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો ઉપરાંત પડતર પ્રશ્નોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. પાણીના સંપ-ટાંકા, ચેકડેમ અને સિંચાઈના કામો, જમીન સંપાદન અને વળતર, જમીન માપણી, ગોચર જમીન, જમીન ફાળવણી, પાક વીમો સહિતના પ્રશ્નો ચર્ચાયા હતા.



આ ઉપરાંત વીજપોલ અને વીજલાઈન, રસ્તાના કામમાં આવતી અડચણો, આધારકાર્ડ, દબાણ દૂર કરવાની કામગીરી, એસ.ટી. બસના રૂટ, બીએસએનએલ નેટવર્ક, ઘાસ વિતરણ, પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય અને આઈસીડીએસ સહિતના પ્રશ્નોની પણ સમીક્ષા કરવામાં આવી હતી.એકથી વધુ વિભાગોના સંકલનની જરૂરિયાત હોય તેવા પ્રશ્નોમાં પરસ્પર સંકલન કરીને કામગીરી હાથ ધરવા કલેકટર પી.બી. પંડ્યાએ અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ અને પ્રજાજનોની રજૂઆતો માત્ર કાગળ પરની કાર્યવાહી પૂરતી મર્યાદિત ન રહે, પરંતુ સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પરિણામલક્ષી ઉકેલ લાવવામાં આવે તે જરૂરી છે.બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ડેન્ટલ કોલેજના કરોડોના કૌભાંડનો રેલો ભાવનગર પહોંચ્યો

## ડીનની સહીવાળા રોગી કલ્યાણ સમિતિના ૧૫ ચેક વટાવી રૂ.૧.૩૯ કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરવાના કેસમાં જેલમાંથી કબજો મેળવ્યો

જામનગરની ડેન્ટલ કોલેજના ડીનની સહીવાળા રોગી કલ્યાણ સમિતિના ૧૫ ચેક બેન્કમાં વટાવી રૂ.૧.૩૯ કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લેવાના ચકચારી કૌભાંડમાં પોલીસે વધુ એક આરોપીનો હરિયાણાની જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવ્યો છે. આ કેસમાં સુરતના આરોપી હરેશ વસાવડાની બેન્ક ડિટેલની તપાસ દરમિયાન નાણાકીય વ્યવહારોનો રેલો ભાવનગરના હિતેશ પ્રવીણભાઈ ગોટી સુધી પહોંચ્યો હતો. પોલીસે તેની સંડોવણી સામે આવતાં હરિયાણાની મીનકા જેલમાંથી તેનો કબજો મેળવી જામનગર લાવવામાં આવ્યો છે.

આરોપીની પૂછપરછ માટે તપાસનીશ પીએસઆઈ આર.બી. ઠાકોરે તેને અદાલત સમક્ષ રજૂ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ દ્વારા આરોપીની ઊંડાણપૂર્વકની પૂછપરછ હાથ ધરી આ સમગ્ર કૌભાંડના નાણાકીય વ્યવહારોની કડીઓ જોડવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

નેશનલ હેલ્થ મિશન હેઠળ કરાર આધારિત ફરજ બજાવતા ડેન્ટલ કોલેજના કલાર્ક શોભિત ગર્ગ સામે ગત મે માસમાં ગુનો નોંધાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે કેસમાં થયેલા નાણાકીય વ્યવહારો અને બેન્ક ટ્રાન્ઝેક્શનની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સુરતના હરેશ વસાવડાની સંડોવણી સામે આવતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

હરેશ વસાવડાની બેન્ક ડિટેલની તપાસ કરતાં પોલીસને વધુ એક શખસ હિતેશ પ્રવીણભાઈ ગોટી સાથે નાણાકીય વ્યવહારો થયાની માહિતી મળી હતી. પોલીસના પ્રાથમિક તપાસ અહેવાલ મુજબ, કેસના પ્રથમ આરોપી શોભિત ગર્ગ દ્વારા રોગી કલ્યાણ સમિતિના ચેકો મારફતે રકમ પોતાના ખાતામાં જમા કરાવવામાં આવતી હતી. ત્યારબાદ આ રકમ સુરતના હરેશ વસાવડા તથા હાલ કબજામાં લેવાયેલા હિતેશ ગોટી સુધી પહોંચતી હતી અને ત્યાંથી અન્ય બેન્ક ખાતાઓમાં પણ નાણાંના ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.હવે હિતેશ ગોટીને મળેલી રકમનો તેણે શું ઉપયોગ કર્યો? તેણે આ નાણાં અન્ય કોઈ વ્યકિતને ટ્રાન્સફર કર્યા હતા કે કેમ? તેમજ સમગ્ર કૌભાંડમાં તેની સાથે અન્ય કોઈ વ્યકિત સંકળાયેલી છે કે કેમ? સહિતના મહત્વના સવાલોના જવાબ મેળવવા પોલીસે ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. સમગ્ર નાણાકીય વ્યવહારોની કડીઓ મેળવી પોલીસ કૌભાંડના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? રકમનું શું કર્યું? સહિતના સવાલોના જવાબ મેળવવા ચાર દિવસના પોલીસ રિમાન્ડ.

# લાલપુર રોડ પર પેસેન્જર વાહનની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

## ટેમ્પાના ચોરખાનામાંથી ૨૦૬૫ બોટલ સાથે વિજયસિંહ ઝડપાયો : રૂા. ૧૦.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે

જામનગર એલસીબીએ લાલપુર રોડ પર ચેલા ગામ નજીક પેસેન્જર વાહનની આડમાં ટેમ્પો ટ્રાવેલ્સ મારફતે દારૂની હેરાફેરી કરવાનો કીમિયો ઝડપી પાડ્યો છે. ટેમ્પો ટ્રાવેલ્સની સીટ નીચે ખાસ ચોરખાનું બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડીને લઈ જવાતો હતો. એલસીબીએ બાતમીના આધારે દરોડો પાડી ૨૦૬૫ બોટલ દારૂ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ, મોબાઈલ ફોન અને ટેમ્પો ટ્રાવેલ્સ સહિત કુલ રૂ.૧૦,૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી.બી.ચૌધરીની દેખરેખમાં પીએસઆઈ એમ.વી.ભાટીયા તથા સ્ટાફ દારૂ-જુગારના કેસો શોધવા પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એલસીબીના ઘનશ્યામભાઈ ડેરવાળીયા, અરજણભાઈ કોડીયાતર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા કિશોરભાઈ પરમારને મળેલી બાતમીના આધારે ચેલા ગામથી આગળ એશ્વરિયા ફાર્મ પાસે વોચ ગોઠવવામાં આવી હતી.આ દરમિયાન પેસેન્જર વાહનની આડમાં દારૂની હેરાફેરી કરતા ટેમ્પો ટ્રાવેલ્સ નં. જીજે-૧૯-એક્સ-૫૫૫૪ને અટકાવી તપાસ કરતાં તેની સીટ નીચે બનાવવામાં આવેલા ચોરખાનામાં દારૂનો જથ્થો સંતાડેલો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૦૬૫ બોટલ, કિંમત રૂ.૨,૦૬,૫૦૦, એક મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦ અને રૂ.૮ લાખની



કિંમતનો ટેમ્પો ટ્રાવેલ્સ મળી કુલ રૂ.૧૦, ૧૧, ૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં પોલીસે દરેડ ગામમાં તાલુકા શાળા પાસે રહેતા ટેમ્પો ચાલક વિજયસિંહ બહાદુરસિંહ જાડેજા, ઉંમર ૪૪,ને ઝડપી લીધો છે. દારૂનો જથ્થો સેલવાસના નરોલી વિસ્તારના અમિત નામના શખ્સે મોકલ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. અમિતને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં નવા ફ્લાય ઓવર બ્રિજ પર કોન્ટ્રાકટર પર જીવલેણ હુમલો

## ઉઘરાણી પતાવી દેવાનો હવાલાના નાણા ચુકવવામાં યુવકે હાથ ઉંચા કરતા તેના ભાઈને બે અજાણ્યા સહિત ચાર શખ્સોએ માર માર્યો

જામનગર શહેરના સાત રસ્તા નજીક નવા ફ્લાયઓવર બ્રિજ પર કોન્ટ્રાકટરને રસ્તામાં અટકાવી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવાના બનાવે ચકચાર મચાવી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, શંકરટેકરી સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા અને કોન્ટ્રાકટર પ્રકાશભાઈ મગનભાઈ ગોહિલ (ઉ.વ.૪૩)ના ભાઈને ભીખુભાઈ નામના વ્યક્તિ પાસેથી નાણાં લેવાના હતા. આ નાણાં અપાવી દેવા માટે આરોપી હાજી હમીર ખફી ઉર્ફે લાંબો અને શીવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા સાથે વાત થઈ હતી. તેના ખર્ચ પેટે રૂ.૫ લાખ આપવાનું નક્કી થયું હતું. જોકે, બાદમાં ફરિયાદીના ભાઈ અને ભીખુભાઈ વચ્ચે સમાધાન થઈ જતા આરોપીઓને નક્કી કરેલા રૂ.૫ લાખ આપવામાં આવ્યા ન હતા.આ બાબતે બંને આરોપીઓએ ફરિયાદીના ભાઈને ધમકી આપી હતી અને ત્યારબાદ બંને પક્ષે મળેલી મીટિંગ દરમિયાન બોલાચાલી પણ થઈ હતી.

આ બાબતનો ખાર રાખીને તા.૨૦ ઓગસ્ટના બપોરે આશરે અઢી વાગ્યાના અરસામાં ફરિયાદી પોતાની કાર લઈને સાત રસ્તા નવા ફ્લાયઓવર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે હાજી હમીર ખફી ઉર્ફે લાંબો અને શીવરાજસિંહ જાડેજા ફોર્ચ્યુનર કારમાં આવ્યા હતા.બંનેએ પોતાની કાર ફરિયાદીની કાર આગળ ડિવાઈડર સાથે અથડાવી ફરિયાદીની કાર રોકી રસ્તામાં અવરોધ ઊભો કર્યો હતો. ત્યારબાદ બંને કારમાંથી નીચે ઉતર્યા હતા. ચારેયે ભેગા મળી ફરિયાદીના હાથ, પગ અને કમરના ભાગે આડેધડ ઘા મારી ગંભીર તથા ફ્રેક્ચરની ઈજાઓ પહોંચાડી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદી પ્રકાશભાઈ ગોહિલને જાતિથી અપમાનિત કરી ગાળો આપી હુમલો કરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી સમાન ઈરાદાથી હુમલો કર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે પ્રકાશભાઈ મગનભાઈ ગોહિલની ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે.ગુનાની તપાસ જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન. ઝાલા, ઈન્ચાર્જ એસ.સી.-એસ.ટી. સેલ દ્વારા હાથ ધરવામાં આવી છે. ગુનામાં આરોપી તરીકે (૧) હાજી હમીર ખફી ઉર્ફે લાંબો, રહે. મસીતીયા ગામ અને (૨) શીવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, રહે.જામનગર તથા બે અજાણ્યા શખ્સોના નામ સામે આવ્યા છે. પોલીસે આરોપીઓની શોધખોળ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં પ્રેમલગ્નનો ખાર રાખી યુવક પર જીવલેણ હુમલો

## સાળા સહિત ચાર શખ્સોએ પાઈપ, છરી અને પેપર સ્પ્રેથી યુવકના હાથ-પગ ભાંગી નાખ્યા

જામનગરના ગાંધીનગર વિસ્તારમાં પ્રેમલગ્નનો ખાર રાખી યુવક ઉપર પત્નીના ભાઈ સહિત શખ્સોએ લોખંડના પાઈપ, છરી અને પેપર સ્પ્રે વડે જીવલેણ હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીનગર, સાઈબાબાના મંદિર પાછળ રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા પાર્થ રાજેશભાઈ સોલંકી (ઉંમર ૨૫)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.૧૯ની રાત્રે આશરે દસ વાગ્યાના અરસામાં તે પોતાના ઘર બહાર ઓટલા પાસે મિત્ર પ્રેમભારથી ગોસાઈ અને કુલદિપસિંહ જાડેજા સાથે બેઠો હતો. તે દરમિયાન એક મોટરસાઈકલ પર મયુરસિંહ સંજયસિંહ જાડેજા તથા ઈંદ્રજીતસિંહ ગોહિલ ઉર્ફે પેથો અને એક્ટિવા પર નવલો માજોઠી તથા શબીર ઉર્ફે શબલો બેબો ત્યાં આવ્યા હતા. આંખમાં પેપર સ્પ્રે છાંટ્યો હતો. બનાવથી ગભરાઈ કુલદિપસિંહ ત્યાંથી ભાગી ગયો હતો. પાર્થ રાડારાડી કરતાં તેની માતા સોનલબેન અને પત્ની અસ્મીતાબેન ઘરની બહાર આવતાં તેમના ઉપર પણ પેપર સ્પ્રે છાંટવામાં આવ્યો હતો. માર માર્યો હતો. આસપાસના લોકો ભેગા થતાં હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. જતા સમયે મયુરસિંહ જાડેજાએ પાર્થને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ છે.પાર્થના મિત્ર કુલદિપસિંહે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તેને માતા સોનલબેન તથા કુલદિપસિંહ સાથે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# કાલાવડના પાતા મેઘપર ખાતે પંચાયત ઘરનું ધારાસભ્ય મેઘજી ચાવડાના હસ્તે ખાતમુહૂર્ત




**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના પ્રવાસ દરમિયાન ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે પાતા મેઘપર મુકામે નવનિર્મિત પંચાયત ઘરનું શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ, પારદર્શી અને સક્ષમ બનાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ગ્રામીણ વિસ્તારના નાગરિકોને સ્થાનિક કક્ષાએ જ તમામ સરકારી સુવિધાઓ અને વહીવટી સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી પંચાયત ઘરોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.ભાજપ સંગઠનના સૌ હોદ્દેદારો, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ગામના સરપંચ, સ્થાનિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો આ ખાતમુહૂર્ત પ્રસંગે સમગ્ર ગામમાં હર્ષ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ઉપસ્થિત સૌ ગ્રામજનો અને અગ્રણીઓએ ગામના વિકાસકાર્યો બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# સિવિલ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવા મામલે સિનિયર ડોક્ટરે મહિલા તબીબને ફડાકા માર્યાનો આક્ષેપ

## ઈમરજન્સી વિભાગમાં મેડિકલ જુનિયર ડો ક્રિશાને ડો. રામાણીએ ગાળો ભાંડી !





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર સિવિલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રની મોટી હોસ્પિટલ હોવાથી દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે અનેક વિવાદો ની વચ્ચે વધુ એક વિવાદ સર્જાયો છે જેમાં સિનિયર ડોક્ટર દ્વારા મહિલા તબીબને દર્દીને દાખલ કરવા બાબતે બેફામ ગાળો ભાંડી અને ઉશ્કેરાઈ ને મહિલા તબીબને સિનિયર ડોક્ટરે ફડાકા મારતા નો આક્ષેપ થયા હતા મહિલા તબીબ દ્વારા પર થયેલા હુમલામાં અને સુરક્ષા બાબતે પ્ર નગર પોલીસ

(અનુ. આઠમા પાને)

## રેસિડેન્ટ ડોક્ટર વિજળીક હડતાળ પર ઉતર્યા, સુપ્રિટેન્ટ, આર.એમ.ઓ દોડી ગયા, ખાતરી આપતા હડતાલ સમેટાઈ

### દર્દીની ગંભીર હાલત હોવા છતાં જુનિયર ડોક્ટર દ્વારા એડમિટ ન કરતા માથાકૂટ થઈ: ડો. રામાણી



સિવિલ હોસ્પિટલમાં સિનિયર મેડિકલ ઓફિસર ડોક્ટર રામાણીની અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગત રાત્રે એક દર્દી જેની હાલત ગંભીર હોય છતાં પણ જુનિયર ડોક્ટરો દ્વારા તેમને એડમિટ ન કરતા હોય જે અંગે તાત્કાલિક દાખલ કરવાની માથાકૂટ કરી અને દર્દીને એડમિટ કરવામાં આવ્યા હતા તેમજ એક કલાક બાદ તે દર્દીનું મૃત્યુ થયું હતું દર્દી એડમિટ સમયે ડો ક્રિશા હાજર ન હતા તેમજ

(અનુ. આઠમા પાને)

### મહિલા તબીબ પર થયેલા અભદ્ર વર્તન બાબતે તપાસ સમિતિની રચના કરી યોગ્ય પગલા લેવાશે: સુપ્રિટેન્ડ ડો.મોનાલી માકડીયા

સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે ઈમરજન્સી વિભાગમાં રેસીડેન્ટ મેડિકલ જુનિયર મહિલા તબીબ ડો ક્રિશા ને સિનિયર ડો. રામાણી દ્વારા અભદ્ર વર્તન અને ફડાકા માર્યાના આક્ષેપમાં સિવિલ હોસ્પિટલ ખાતે સુપ્રિટેન્ડેન્ટ માકડિયા દોડી ગયા હતા અને વિજળીક હડતાલ પર ઉતરેલ રેસીડેન્ટ જુનિયર ડોક્ટરોને સાથે વાતચીત કરી તપાસ સમિતિની રચના કરશું અને યોગ્ય પગલાં લેશું ની ખાતરી આપતા રેસિડેન્ટ જુનિયર ડોક્ટર એ હડતાલ સમેટી હતી જે અંગે આજે ૧૦ વાગ્યે મિટિંગ બોલાવી હોવાનું જાણવા મળેલ છે.

# ગુજરાતમાં પ્રથમવાર ૨૫થી ૩૧ ઓગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહ ઉજવાશે

## વહીવટી તંત્રને પણ સંસ્કૃતના જન અભિયાનમાં ભાગીદાર બનાવાશે: વિવિધ કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત તથા રાજ્યકક્ષાની ઉચ્ચસ્તરીય સ્થાયી સમિતિમાં નિર્ધારિત 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવનાર છે.




આ વર્ષે સંસ્કૃત સપ્તાહને શાળા, મહાવિદ્યાલય અને યુનિવર્સિટી ત્રણેય સ્તરે તથા જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સાથે વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય ઓનલાઈન બેઠકમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન હિમાંજય પાલીવાલ, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા યુનિવર્સિટીના કુલસચિવો જોડાયા હતા.

આ વર્ષે સંસ્કૃત સપ્તાહની ઉજવણીને માત્ર શિક્ષણ વિભાગ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી. જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય અમલીકરણ સમિતિ,તાલુકા કક્ષાએ મામલતદારની અધ્યક્ષતામાં

(અનુ. આઠમા પાને)

# રક્ષાબંધનના તહેવારમાં એસટી નિગમ ૬૫૦૦ એક્સ્ટ્રા ટીપનું કરશે સંચાલન

## ૨૬થી ૩૦ ઓગસ્ટ સુધી અલગ અલગ જિલ્લાઓમાંથી દોડશે એક્સ્ટ્રા બસ

**અબતક, રાજકોટ**

ભાઈ બહેનના પવિત્ર સંબંધને વધુ મજબુત કરતા રક્ષાબંધનના તહેવારમાં મુસાફરોમાં ધસારાને પહોંચી વળવા માટે એસટી નિગમ દ્વારા ૬૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૬માં પણ રક્ષાબંધનના તહેવારો દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે એક્સ્ટ્રા ટ્રીપના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં તા. ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપ દોડાવવામાં આવશે.

જીએસઆરટીસી દ્વારા અમદાવાદ, ગોધરા, વડોદરા, પાલનપુર, નડીયાદ તથા પાવાગઢ, સુરત, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, વલસાડ સહિતના પ્રવાસન અને તીર્થધામોના રૂટ પર બસ દોડાવવામાં આવશે.

ગત વર્ષે રક્ષાબંધન પર્વ દરમિયાન નિગમ દ્વારા નિયમિત સર્વિસો ઉપરાંત ૬,૪૦૨ એક્સ્ટ્રા ટ્રીપો સંચાલિત કરી ૩.૩૩ લાખ

(અનુ. આઠમા પાને)

# સગીર દુષ્કર્મ પીડિતાની ઓળખ છતી કરવાના મામલે કોંગ્રેસ નેતા પ્રગતી આહીરની અરજી હાઈકોર્ટે ફગાવી

## આટકોટ પોલીસ મથકે નોંધાયેલી રદ્દ કરવા કોર્ટે કર્યો ઈન્કાર: કેસમાં ટ્રાયલ જરૂરી હોવાનું અવલોકન

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સગીર બાળકી પર થયેલા જાતીય શોષણના મામલે પીડિતાની ઓળખ છતી થાય તેવી સોશિયલ મીડિયા પોસ્ટ કરવા બદલ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સામે નોંધાયેલી રદ્દ કરવાનો ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. રાજકોટ જિલ્લાના આટકોટ પોલીસ સ્ટેશનમાં પ્રગતિ આહીર સામે બીએનએસ અને પોક્સો એક્ટ હેઠળ દાખલ કરવામાં આવી હતી.આરોપ મુજબ, પીડિતાના પરિવારની મુલાકાત લીધા બાદ સોશિયલ મીડિયા (ફેસબુક) પર તસવીરો અને વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા હતા. પોસ્ટમાં પીડિતાનો ચહેરો બ્લર (ઝાંખો) કરવામાં આવ્યો હોવા છતાં, બેકગ્રાઉન્ડ, ઘરની આસપાસનો વિસ્તાર અને સંબંધીઓના ફોટોગ્રાફ્સને કારણે બાળકીની ઓળખ સરળતાથી છતી થઈ શકે તેમ હતી.

જસ્ટિસ એમ. કે. ઠક્કરની કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું કે કાયદો બાળકની પ્રતિષ્ઠા કે ગોપનીયતાને નુકસાન પહોંચાડે તેવા કોઈપણ રિપોર્ટ, ટિપ્પણી કે ફોટોગ્રાફ પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મૂકે છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે અરજદાર સામે પ્રથમ દૃષ્ટિએ કેસ બને છેઅને આ બાબત ટ્રાયલ માગી લે તેવી હોવાથી રદ્દ કરવા માટે હાઈકોર્ટ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરી શકે નહીં.

# એમેઝોન પાઠ્યપુસ્તકો ડિલિવરી ચાર્જ લીધા વિના વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડશે

## શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શાળા પાઠ્ય પુસ્તક મંડળ અને એમેઝોન વચ્ચે એમઓયુ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખાનગી શાળાના વિદ્યાર્થીઓના હિતમાં તેમજ વાલીઓની સરળતા માટે વિદ્યાર્થીલક્ષી પહેલ કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકો વધુ સરળતાથી, પારદર્શક રીતે અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુથી શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પાઠ્યપુસ્તક મંડળ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન સાથે




ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

'ફક્ત એક ક્લિકથી પુસ્તકો વિદ્યાર્થી સુધી'ના ઉદ્દેશ્ય સાથે વિદ્યાર્થીઓને ભૌતિક પાઠ્યપુસ્તકો કોઈપણ પ્રકારની હાલાકી વિના પોતાના ઘરઆંગણે જ મળી રહે

(અનુ. આઠમા પાને)

# દારૂબંધીવાળા ગુજરાતના ગોહિલવાડમાં લઠ્ઠાકાંડથી મૃત્યુઆંક ૮: ૩૧ની હાલત ગંભીર

**અબતક, રાજકોટ**

દારૂબંધીવાળા ગુજરાતના ગોહિલવાડ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ઝેરી દારૂ પીવાથી વધુ એક વ્યક્તિના મોત નીપજતા લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક ૮ થઈ ગયો છે. ૩૦ લોકો સારવાર હેઠળ છે. સ્થિતિ વણસતા બોટાદ અને અમરેલીથી ૧૦૦ પોલીસ કર્મચારીને તહેનાત કરાયા છે. ૨૧ આરોપીમાંથી ૧૩ને કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ પરશોત તો હુકમ કર્યો છે.

## ૨૧માંથી ૧૩ આરોપી ૧૦ દિવસના રિમાન્ડ પર, માસ્ટર માઈન્ડ રઈસ ઈન્દોરથી ઝડપાયો: દિલ્હી સુધી તાર, મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સામે અગાઉ ૬ ગુના

લઠ્ઠાકાંડને પગલે પોલીસ પર માછલા ધોવાતા ભાવનગર રેન્જ આઈજીએ વરતેજ પોલીસ સ્ટેશનના એ.બી.પઢેરીયા અને ડીજીપીએ પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયાને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે એસપીએ વરતેજ પોલીસ સ્ટેશનના ૪ સહિત ૫ પોલીસ કર્મીને સસ્પેન્ડ કર્યા હતા.તેમજ મોડી રાત સુધી , અને સ્થાનિક પોલીસે બુટલેગરોને અને સર્ચ ઓપરેશન કર્યું હતું. સાથે જ મુખ્ય સૂત્રધાર ઈન્દોરથી રઈસને એમસીએ ઝડપી પાડ્યો હતો. ભાવનગરમાં રોયલ સ્ટેગ બ્રાન્ડનો નકલી વિદેશી દારૂ બનાવીને વેચવાના રેકેટમાં સર્જાયેલા ઝેરી લઠ્ઠાકાંડે સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર જગાવી છે. આ કરૂણ ઘટનામાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધીમાં કુલ ૮ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૩૧થી વધુ દર્દીઓ ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. લો એન્ડ ઓર્ડર આઈજીપી મકરંદ ચૌહાણ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્ટેટ મોનિટરિંગ સેલ () દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.લઠ્ઠાકાંડના તાર હવે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યો સુધી વિસ્તર્યા છે. પોલીસની વિવિધ ટીમો દ્વારા અમદાવાદ, કચ્છ, સુરત ઉપરાંત દિલ્હી અને મધ્યપ્રદેશમાં વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે. નકલી દારૂ ભરવા માટેની બોટલો, બોટલો સીલ કરવાના મશીન અને સ્ટીકરો દિલ્હીથી સપ્લાય થતા હોવાનો ખુલાસો થતાં એક ટીમ દિલ્હી પહોંચી છે. આ સમગ્ર રેકેટનો મુખ્ય માસ્ટર માઈન્ડ રઈસ મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે ભાગી ગયો હતો, જેને સ્ટેટ મોનિટરિંગ સેલે ગત મોડી રાત્રે ડીટેઈન કરી ભાવનગર લવાયો છે. રઈસ છેલ્લા દોઢ-બે મહિનાથી ભાવનગર ઉપરાંત કચ્છના ભચાઉ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં સક્રિય હતો.ભાવનગરના મુખ્ય સુત્રધાર ગૌતમ સોલંકી સામે અગાઉ પણ દારૂના ૬ ગુના નોંધાઈ ચૂક્યા છે. ગૌતમના ઘરેથી અને તેના સસરાના ઘર પાસેથી પોલીસે લઠ્ઠો તેમજ ૨૩ પેટી નકલી દારૂનો જથ્થો શોધી નાશ કર્યો હતો. આરોપીઓ અને તેમના સગાસંબંધીઓએ પુરાવા સળગાવીને નાશ કરવાનો પ્રયાસ કર્યો હોવાથી પોલીસે આ કેસમાં પુરાવાના નાશ કરવાની કલમોનો ઉમેરો કર્યો છે. નકલી દારૂ બનાવવા માટે મધ્યપ્રદેશથી બોલાવાયેલા નરેન્દ્ર ઉર્ફે ડોક્ટરનું પણ દારૂ

(અનુ. આઠમા પાને)

### લઠ્ઠાકાંડ પોલીસ પર માછલાં ધોવાયાં, બે પીઆઈ સહિત ૭ પોલીસમેન સસ્પેન્ડ

ઘટનાની ગંભીરતાને પગલે રાજ્ય પોલીસ વડા અને વહીવટી તંત્રે કડક વલણ અપનાવ્યું છે. ફરજમાં ઘોર બેદરકારી દાખવવા બદલ એલસીબી પીઆઈ મધુરધ્વજસિંહ સરવૈયા, વરતેજ પીઆઈ એસ.બી.પઢેરિયા, વરતેજ પોલીસ મથકના ૪ પોલીસકર્મીઓ અને નિલમબાગ પોલીસ મથકના મહિલા પોલીસ કર્મચારી ઉષાબેન ભીમાણીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## બોટાદ-અમરેલીથી ૧૦૦ પોલીસ તૈનાત, નું સર્ચ ઓપરેશન; ભાવનગર બાર એસોસિએશને આરોપીઓનો કેસ ન લડવા કર્યો નિર્ણય

### ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર !!

# દારૂ-ડ્રગ્સના હપ્તા સીએમ કાર્યાલય સુધી પહોંચે છે: અમિત ચાવડાનો આક્ષેપ

## ભાવનગર લઠ્ઠાકાંડની તપાસ હાઈકોર્ટના સિટીંગ જજના નેતૃત્વમાં 'સીટ'ની રચના કરી કરાવો, ગૃહમંત્રી તાત્કાલીક રાજીનામુ આપે: કોંગ્રેસ



**અબતક, રાજકોટ**

ભાવનગર લઠ્ઠાકાંડની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં સીટ તપાસ કરાવવામાં આવે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ગુજરાતમાં દારૂ બંધીનો કાયદો કાગળ પર રહી ગયો છે.

હપ્તાખોરીના કારણે ગુજરાતની સરહદો પરથી ટ્રકો અને કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઠલવાય છે અને રાજ્યની ગલીએ-ગલીએ દારૂની રેલમછેલ જોવા મળે છે. નાની ઉંમરે યુવાનો દારૂ અને ડ્રગ્સના નશામાં સપડાઈને પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે, દારૂ અને ડ્રગ્સની બદીના કારણે જાણે ગુજરાત 'ઉડતા ગુજરાત' બની ગયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. બૂટલેગરો દારૂ અને ડ્રગ્સનો હપ્તો પોલીસ સ્ટેશનથી શરૂ કરીને મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કાર્યાલય સુધી પહોંચાડે છે અને તેથી જ તેઓ કોઈનો વાળ વાંકો ન કરી શકે તેવી જાહેરમાં શેખી મારતા હોય છે.

આ હપ્તાખોર સરકારના શાસનમાં દારૂ વેચાય છે, દારૂ પીવાય છે અને વારંવાર લઠ્ઠાકાંડ પણ થાય છે. સરકારની ગુનાહિત બેદરકારીના કારણે લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકોના મોત થાય છે. આ હત્યાકાંડ માટે પણ રાજ્ય

(અનુ. આઠમા પાને)